ગુજરાતી

# કુમારભારતી

ધોરણ-દસમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.


(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

शासन निर्णय क्रमांक : अभ्यास - 2116/(प्र.क्र.43/16) एसडी-4 दिनांक 25-4-2016 અન્વયે સ્થાપિત થયેલ સમન્વય સમિતિની દિનાંક 29-12-2017 રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

## ગુજરાતી

# કુમારભારતી

## ધોરણ-દસમું



**મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - 411 004.**

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

F3EQ2A

★ પાઠ્યપુસ્તકમાં આપેલ ચિત્રોમાં જો રાષ્ટ્રધ્વજની રંગછટા વિસંગત જણાતી હોય તો તે તાંત્રિક મર્યાદાને કારણે છે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૮ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

પુનર્મુદ્રણ : ૨૦૨૨ મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય :** **સુશ્રી કલ્પના મહેતા, અધ્યક્ષ**
ડૉ. મધુ સંપટ
શ્રીમતી ભગવતી પંડ્યા
શ્રીમતી પ્રતિમા પંડ્યા

**ગુજરાતી અભ્યાસ જૂથ :** સુશ્રી ઇલા શુક્લ
શ્રીમતી સ્મિતા દવે
શ્રીમતી જ્યોતિ ખખ્ખર

**નિમંત્રિત :** શ્રી પ્રફુલ આર. શાહ
શ્રીમતી જનક દાવડા
શ્રીમતી હીના લિલાણી
શ્રીમતી વંદના પંચાલ
શ્રીમતી જિજ્ઞા કાપડિઆ
શ્રીમતી મંજરી ગુમાસ્તે
શ્રીમતી ઉર્મિલા શાહ
શ્રીમતી ધર્મિકા ધીરેન દોશી
શ્રી. ધીરેન મનસુખલાલ દોશી

**સદસ્ય-સંયોજક :** **શ્રીમતી કેતકી નિતેશ જાની**

**સંયોજન પ્રમુખ :** **શ્રીમતી કેતકી નિતેશ જાની**
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ
પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૦૪.

**નિર્મિતિ :** **શ્રી. સચ્ચિદાનંદ આફળે**
મુખ્ય નિર્મિતિ અધિકારી
**શ્રી. રાજેંદ્ર ચિંદરકર**
નિર્મિતિ અધિકારી
**શ્રી. રાજેંદ્ર પાંડલોસકર**
સહાયક નિર્મિતિ અધિકારી

**મુખપૃષ્ઠ :** શ્રી. વિવેકાનંદ પાટીલ
**ચિત્ર :** શ્રી. સંજય પટેલ
**અક્ષરાંકન :** સમર્થ ગ્રાફિક્સ,
૫૨૨, નારાયણ પેઠ, પુણે-૩૦.
**કાગળ :** 70 GSM Creamwove
**મુદ્રણાદેશ :**
**મુદ્રક :**

**પ્રકાશક :** **શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક**
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ધોરણ-૧૦માં આપ સહુનું હાર્દિક સ્વાગત છે...! ‘કુમારભારતી’ પુસ્તક આપના હાથમાં મૂકતાં અમે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં ગદ્ય, પદ્ય સાથે વિશેષ વાચન, વ્યાકરણ, લેખનનો રસથાળ પીરસવામાં આવ્યો છે. જેમાં બોધાત્મક, ગુણાત્મક, જ્ઞાનાત્મક પાઠ/કાવ્યોની સાથે સામાજિક, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને પોષે એવા મૂલ્યો સમાવિષ્ટ કરેલા છે. તદ્દુપરાંત સ્વદેશપ્રેમ, પર્યાવરણ, વાચનપ્રેરણા, રોજનીશી લેખન પ્રેરણા, હાસ્યવ્યંગ, સામાજિક સમતા, સંવેદનશીલતા, ભગિની પ્રેમ, ઋતુવૈભવ તેમજ સકારાત્મક દૃષ્ટિકોણ ધરાવતી કૃતિઓ તમને વિચારતા કરી દેશે.

ગત વર્ષોમાં શીખેલું વ્યાકરણ આ વર્ષે દઢીકરણ માટે છે. ‘શબ્દકોશ’નો વધુમાં વધુ ઉપયોગ તમારી પાસેથી અપેક્ષિત છે. કૃતિઓમાંનું વૈવિધ્ય તમારી અભ્યાસરુચિમાં જરૂરથી વધારો કરશે...! વિશેષ વાચન દ્વારા તમારું વાચનકૌશલ્ય અને લેખન - નિબંધ, પત્રલેખન, જાહેરખબર વગેરે દ્વારા તમારું લેખનકૌશલ્ય ખીલી ઊઠશે એમાં કોઈ બેમત નથી... અહીં આપેલા પ્રકલ્પો નવી ટેક્નોલોજી સાથે તાલમેળ કરતા શીખવશે. Q.R. Code દ્વારા દરેક કૃતિ સંબંધી વધુ માહિતી માટે દશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે, જે અભ્યાસ માટે ચોક્કસ ઉપયોગી હશે.

પાઠ્યપુસ્તકના અધ્યયન દ્વારા વર્ષાન્તે તમે અપેક્ષિત ક્ષમતાઓ અવશ્ય મેળવશો એવો દઢ વિશ્વાસ છે. આપના જીવનની મહત્ત્વની એવી ધોરણ - ૧૦ની પરીક્ષામાં ઉત્તમોત્તમ યશ પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા...!!

આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે...



પુણે

દિનાંક : ૧૮ માર્ચ ૨૦૧૮, ગુડી પડવો
ભારતીય સૌર દિનાંક :
૨૭ ફાગણ, ૧૯૩૯

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અપેક્ષિત અધ્યયન ક્ષમતા

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|
| ૧. શ્રવણ | • પ્રસાર માધ્યમ દ્વારા પ્રસારિત થતા સમાચાર, ચર્ચા, સંવાદ વગેરે સમજપૂર્વક સાંભળે.<br>• સાર્વજનિક સ્થળોની સૂચના સમજપૂર્વક સાંભળે.<br>• શાળા, ઘર, પરિસરમાં થતા અનૌપચારિક સંભાષણ સાંભળે અને સમજે.<br>• ગીત, કવિતા, વાર્તા તથા પ્રાસંગિક સંવાદો સાંભળે અને માણે.<br>• લય અને તાલ સાથે કવિતા વાંચે, સાંભળે, સમજે અને માણે.<br>• સમૂહગીત, કાવ્ય, ભાષણ તથા અન્ય વિવિધ સાહિત્ય પ્રકારના ધ્વનિને સાંભળીને ઓળખે. |
| ૨. ભાષણ-સંભાષણ | • ગીતો, કવિતા, પ્રાર્થના યોગ્ય આરોહ-અવરોહ અને સૂર-તાલ સાથે ઉત્સાહથી ગાય.<br>• વિવિધ સાહિત્ય પ્રકારને સમજપૂર્વક રજૂ કરે.<br>• ઉચ્ચારશુદ્ધિ જાળવીને પ્રસંગ અને વિષયાનુરૂપ પોતાના વિચારો અન્યો સમક્ષ રજૂ કરે.<br>• કાર્યક્રમોમાં સ્વાગત પ્રવચન, સંચાલન, આભારવિધિ દ્વારા સહભાગી બને.<br>• કાર્યક્રમમાં પોતાની ભૂમિકા અસરકારક રીતે અને આત્મવિશ્વાસપૂર્વક બજાવે.<br>• વિવિધ સાહિત્યપ્રકારના માધ્યમથી પોતાના વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કરવા પ્રયત્ન કરે. |
| ૩. વાંચન | • પાઠ્યપુસ્તક અને ઈતર સાહિત્યનું સમજપૂર્વક અર્થસભર પ્રકટવાંચન અને મૂકવાંચન કરે.<br>• વિરામચિહ્નોને ધ્યાનમાં રાખી યોગ્ય આરોહ-અવરોહ સાથે અર્થપૂર્ણ પ્રકટવાંચન કરે.<br>• સાહિત્યના વિવિધ સ્વરૂપો સમજપૂર્વક વાંચે અને તેનો આસ્વાદ માણે.<br>• વાંચન દ્વારા કોઈપણ લેખનનો મધ્યવર્તી વિચાર, સારાંશ અને કથાવસ્તુને સમજે.<br>• કોઠામાં આપેલા સંકેતો અને સૂચક શબ્દો વાંચી આપેલી સૂચના સમજે.<br>• સાર્વજનિક સ્થળે લખેલી સૂચના વાંચે અને તેનો યોગ્ય અમલ કરે. |
| ૪. લેખન | • શ્રુતલેખન કરતી વખતે શુદ્ધલેખનના નિયમોનું ચુસ્તપણે પાલન કરે.<br>• શ્રવણ અને વાંચન દ્વારા આત્મસાત કરેલી ભાષાને પોતાના શબ્દોમાં લખીને અભિવ્યક્ત કરે.<br>• આપેલા વિષયમાં પોતાની કલ્પના ઉમેરીને વિસ્તારપૂર્વક લખી શકે.<br>• કહેવત, રૂઢિપ્રયોગ, શબ્દસમૂહ, સુભાષિત વગેરેનો ઉપયોગ કરી અસરકારક અને અલંકારિક લેખન કરી શકે.<br>• કોઈપણ પ્રસંગ કે ઘટનાને આધારે પાયાભૂત વિચાર કરીને લેખન કરી શકે.<br>• પ્રસંગ, કાર્યક્રમનો અહેવાલ લખી શકે. |
| ૫. અધ્યયન કૌશલ્ય (આકલન) | • શબ્દકોશ અને સંદર્ભગ્રંથનો ઉપયોગ કરતાં આવડે.<br>• આપેલા વિષય પર મુદ્દાસર સ્વમત સ્પષ્ટ કરે. • વિવિધ કાર્યક્રમોના અહેવાલ તૈયાર કરે.<br>• પોતાની ભાષાની કહેવતો, રૂઢિપ્રયોગોની યાદી બનાવી તેનું વિષય તેમજ અર્થાનુસાર વર્ગીકરણ કરે.<br>• ઓનલાઈન અરજી, વિવિધ બિલોની ઈ-પેમેન્ટ ચૂકવણી જેવી સુવિધાઓ જાણે અને ઉપયોગ કરતાં શીખે.<br>• પ્રસાર માધ્યમોનો જવાબદારીપૂર્વક યોગ્ય ઉપયોગ કરવા બાબત સજાગ બને.<br>• કમ્પ્યુટર દ્વારા ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરતી વખતે સંબંધિત વ્યક્તિ કે સંસ્થાના હક્કોનું ઉલ્લંઘન ન થાય તેની તકેદારી રાખે.<br>• કમ્પ્યુટર/પ્રસાર માધ્યમ દ્વારા ઉપલબ્ધ કલાકૃતિનો આસ્વાદ માણે અને તેની સમીક્ષા કરે. કમ્પ્યુટર, ઇન્ટરનેટની મદદથી ભાષાંતર કરે.<br>• વિવિધ સામાજિક સમસ્યા બાબત થનાર ચર્ચામાં સહભાગી થઈ પોતાના વિચારો વ્યક્ત કરે.<br>• કોઈપણ પ્રસંગની ઘટનાઓનો યોગ્ય ક્રમ જાણે, જાળવે અને ગોઠવે. |
| ૬. ભાષિક સમજ (ભાષાભ્યાસ) | • ઉપમા, ઉત્પ્રેક્ષા, સજીવારોપણ, અલંકાર ઓળખે અને તેનો લેખનમાં ઉપયોગ કરે.<br>• વિરામચિહ્નો ઓળખે અને તેનો ઉપયોગ કરે.<br>• સાહિત્યના વિવિધ નવરસ ઓળખે, માણે અને તેનો લેખનમાં ઉપયોગ કરે.<br>• શુદ્ધલેખનના નિયમોનું લેખનમાં પાલન કરે.<br>• ધોરણ ૧થી ૯માં શીખી ગયેલા વ્યાકરણનો ઉપયોગ કરે. |

# અનુક્રમણિકા


| ક્રમ | કવિતા/પાઠનું નામ | કવિ/લેખકનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પીરિઅડ |
|---|---|---|---|---|
| | **પદ્ય વિભાગ** | | | |
| ૧. | પ્રાર્થના | કવિ ન્હાનાલાલ | ૧ | ૦૫ |
| | ★ લેખન કૌશલ્ય | | ૫ | |
| ૨. | ચંદન (ખંડકાવ્ય) | દામોદર ખુશાલદાસ બોટાદકર | ૬ | ૦૭ |
| | ★ લેખન કૌશલ્ય | | ૧૩ | |
| ૩. | આપણે આવળ બાવળ બોરડી | રાજેન્દ્ર શાહ | ૧૪ | ૦૫ |
| | ★ લેખન કૌશલ્ય | | ૧૭ | |
| ૪. | શ્રાવણનો મહેરામણ | વેણીભાઈ પુરોહિત | ૧૮ | ૦૪ |
| | ★ લેખન કૌશલ્ય | | ૨૧ | |
| ૫. | દવા કે દુઆ (ગઝલ) | જલન માતરી | ૨૨ | ૦૩ |
| | ★ વિશેષ વાંચન - શબ્દો | મનોજ ખંડેરિયા | ૨૫ | |
| ૬. | મારે તો માટી થવું હતું | મણિલાલ હ. પટેલ | ૨૬ | ૦૩ |
| | ★ વિશેષ વાંચન - પહેલો વરસાદ | નીતા રામૈયા | ૨૯ | |
| ૭. | ભાઈની બેનડી | લોકગીત | ૩૧ | ૦૪ |
| | ★ વિશેષ વાંચન - દિવાળી | ચં.ચી. મહેતા | ૩૪ | |
| ૮. | બાળપણની યાદ | મનોજ્ઞા દેસાઈ | ૩૬ | ૦૪ |
| | ★ વિશેષ વાંચન - અલ્લક મલ્લક | લાલજી કાનપરિયા | ૩૯ | |
| | **ગદ્ય વિભાગ** | | | |
| ૧. | અરુણિમા સિંહનો એવરેસ્ટ વિજય | સંકલિત | ૪૧ | ૦૭ |
| | ★ વિશેષ વાંચન - દુઃખનું ઔષધ | કસનજી દેસાઈ | ૪૮ | |
| ૨. | ઝબકજ્યોત | કૃષ્ણલાલ શ્રીધરાણી | ૫૦ | ૧૦ |
| | ★ વિશેષ વાંચન - એક યાદગાર મુલાકાત | હર્ષલ પુષ્કર્ણા | ૬૧ | |
| ૩. | વિદેશયાત્રાનો પ્રેરક પ્રસંગ | સ્વામી સચ્ચિદાનંદ | ૬૪ | ૦૭ |
| | ★ લેખન કૌશલ્ય | | ૭૧ | |
| ૪. | વૃક્ષોપનિષદ | ગુણવંત શાહ | ૭૨ | ૦૭ |
| | ★ લેખન કૌશલ્ય | | ૭૮ | |
| ૫. | જો ઢોર ફરિયાદ કરે તો... | દિનકર જોષી | ૭૯ | ૦૭ |
| | ★ વિશેષ વાંચન - નીતિનું નવનીત | બળવંતરાય પી. મહેતા | ૮૫ | |
| ૬. | કેટલીક મધુર ક્ષણો | વર્ષા અડાલજા | ૮૭ | ૦૭ |
| | ★ વિશેષ વાંચન - તૂટેલા હૃદયની દવા : પ્રેમ | મેલિડી મેકકાર્ટી | ૯૪ | |
| ૭. | થોડું વાંચવું, સારી રીતે વાંચવું | સૌરભ શાહ | ૯૬ | ૦૭ |
| | ★ વિશેષ વાંચન - રોજનીશી ડાયરી... | સૌરભ શાહ | ૧૦૧ | |
| ૮. | એક સાથે એક ફ્રી | ડૉ. નલિની ગણાત્રા | ૧૦૩ | ૦૭ |
| | ★ લેખન કૌશલ્ય | | ૧૦૮ | |
| ● | જોડણીના તફાવતથી અર્થભેદ | | ૧૦૯ | |
| ● | ડિજિટલ લેણદેણ | | ૧૧૦ | |
| ● | વિવિધ સાહિત્ય સ્વરૂપોનો પરિચય | | ૧૧૨ | |
| ● | લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ - ૧ અને ૨ | | ૧૧૪ | |


**નોંધ : પીરિઅડોની વહેંચણીમાં પોતાના સંજોગો પ્રમાણે ફેરફારને પૂર્ણ અવકાશ છે.**

# પદ્ય વિભાગ

## ૧. પ્રાર્થના

### કવિ ન્હાનાલાલ

ઇ.સ. ૧૮૭૭ના ૧૬ માર્ચે તેમનો જન્મ થયો હતો. તેમના પિતા નર્મદયુગના મહાન કવિ દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી હતા. ન્હાનાલાલ ગુજરાતી ઉપરાંત ફારસી ભાષા પણ જાણતા હતા. મેટ્રિક સુધીનો અભ્યાસ મોરબીમાં અને કૉલેજનો અભ્યાસ અમદાવાદ, મુંબઈ અને પુણેમાં કર્યો હતો. તેઓ શિક્ષક અને શિક્ષણ અધિકારી તરીકે પણ કાર્યરત રહી ચૂક્યા હતા. તેમણે કાવ્ય, વાર્તા, નાટક, નવલકથા અને વિવેચન ક્ષેત્રે પોતાનું પ્રદાન આપ્યું છે. છંદ કરતાં લયને પ્રાધાન્ય આપતા આ કવિએ 'ડોલનશૈલી'ની ગુજરાતી સાહિત્યને અમૂલ્ય ભેટ આપી છે.

તેમની ઉલ્લેખનીય કૃતિમાં 'ન્હાના ન્હાના રાસ ભાગ - ૧થી ૩', 'જયા જયન્ત', 'ઈન્દુકુમાર', 'વિશ્વગીતા', 'મિથ્યાભિમાન', 'પાંખડીઓ', 'કવિશ્વર દલપતરામ' વગેરેનો સમાવેશ થાય છે. તેમના સન્માનમાં ૧૬ માર્ચ, ૧૯૧૮ના રોજ ભારતીય ટપાલખાતા દ્વારા એમના નામની ટિકિટ બહાર પાડવામાં આવી હતી. ૯ જાન્યુઆરી, ૧૯૪૬ના રોજ અમદાવાદમાં તેમનું મૃત્યુ થયું હતું.

### સૂર કૃતિનો

'પ્રભો અંતર્યામી' નામના લાંબા પ્રાર્થના કાવ્યમાંથી અહીં તેના માત્ર ચાર ચરણો લેવાયાં છે.

જગત જેમ ચારે બાજુ પાણીથી ઘેરાયેલું છે. તેમ મારી ચારે બાજુ પ્રભુ વ્યાપક રૂપે ફેલાયેલો છે. નદીનું જળ જેમ અતિ વેગે દરિયામાં મળે છે તેમ હું પણ બિંદુ બનીને પરમાત્મારૂપી સિંધુમાં ભળી શકું તેવી કૃપા, પ્રભુ મારા ઉપર કરજો.

પ્રભુના અદ્‌ભુત રૂપમાં કવિને સૂર્ય અને ચંદ્રની તેજસ્વીતાનું દર્શન થાય છે. ત્રણે લોક અને દશે દિશાઓમાં પ્રભુની વ્યાપકતાને કવિ જોઈ શકે છે.

બ્રહ્માંડની સાથે મનુષ્યના હૃદયમાં પણ ઈશ્વરનો વાસ છે. તેથી તે આપણી નજીક છે. આવા પરમ કૃપાળુ પરમાત્માને કવિ લળીલળીને કોટિકોટિ વંદન કરે છે. હે પ્રભુ ! મારા હૃદયના સઘળા ભાવ, મારી ઈન્દ્રિયો થકી તમારા ગુણગાન ગાવામાં સમર્થ બને, રત રહે તેમજ મન, વચન, કર્મથી જે કંઈ શુભાશુભ કરું તે માટે મને ક્ષમા આપી મારો સ્વીકાર કરજે. મારું સર્વસ્વ તારા ચરણોમાં અર્પણ છે.

આ રીતે પ્રસ્તુત પ્રાર્થના કાવ્યમાં કવિ પ્રભુની વ્યાપકતાની વાત કરતાં પોતાના હૃદયમાં રહેલી આધ્યાત્મિક દૃષ્ટિનો આપણને પરિચય કરાવે છે.

પિતા ! પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે;
વહો તેવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ ! મહાસાગર ભણી.

સહુ અદ્‌ભુતોમાં તુજ સ્વરૂપ અદ્‌ભુત નીરખું,
મહા જ્યોતિ જેવું નયન શશીને સૂર્ય સરખું;
દિશાઓ, ગુફાઓ પૃથ્વી, ઊંડું આકાશ ભરતો,
પ્રભો એ સૌથીએ પર પરમ હું દૂર ઊડતો.

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિષે વાસ વસતો,
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો;
નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,
નમું કોટી વારે, વળી પ્રભુ નમસ્કાર જ હજો.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઈન્દ્રિયોની, મુજ મન વિશે ભાવ જ સ્મરું;
સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરુ,
ક્ષમાદષ્ટિ જોજો - તુજ - ચરણમાં નાથજી ! ધરુ.



### માર્ગદર્શક સ્તંભ


પ્રસ્તુત પ્રાર્થનાના અધ્યાપનની શરૂઆતમાં તેનું સમૂહગાન કરાવીને વિદ્યાર્થીઓને અધ્યયન માટે સજ્જ કરી શકાય. આ પ્રાર્થનાકાવ્યના કવિનો પરિચય કરાવતી વખતે ડોલનશૈલી - અપદ્યાગદ્ય શૈલીનો વિસ્તૃત ખ્યાલ આપી શકાય. બ્રહ્માંડમાં અણુએ અણુમાં રહેલા ઈશ્વરની વાત કરીને દરેક વસ્તુમાં પ્રભુને નિહાળવાની વૃત્તિ કેળવવા માટે પ્રેરિત કરી શકાય. નાનપણમાં ભણી ગયેલી પ્રામાણિક ઇબ્રાહીમ વિશેની વાર્તાની યાદ તાજી કરાવી અથવા તો સત્યના આગ્રહી મહાપુરુષોના ઉદાહરણો આપી નૈતિક મૂલ્યોને દઢ કરાવવાના પ્રયત્નો કરી શકાય. આ જ પ્રાર્થનાના ‘અસત્યો માંહેથી’ અને ‘મહામૃત્યુમાંથી’ જેવા પ્રખ્યાત ચરણો પણ વર્ગમાં ગવડાવી શકાય.

## સ્વાધ્યાય

સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :

| | | | |
|---|---|---|---|
| (૧) દરિયો | (૨) ઝડપ | (૩) તરફ | (૪) ચંદ્ર |
| (૫) હૃદય | (૬) સદાય | (૭) શરીર | (૮) મતિ |

**સ. ૨. ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો :**




**સ. ૩. ઊલટા અર્થ દર્શાવતી શબ્દજોડી કાવ્યમાંથી શોધીને લખો.**

**સ.૪. હ્રસ્વ હોય ત્યાં દીર્ઘ અને દીર્ઘ હોય ત્યાં હ્રસ્વ કરીને પછી બંને શબ્દના અર્થ લખો :**

(૧) દીન – દિન, દિન = દિવસ; દીન = ગરીબ

(૨) પિતા – __________ ____________________

(૩) પૂર – __________ ____________________

(૪) વધુ – __________ ____________________

(૫) સુર – __________ ____________________

(૬) ચિર – __________ ____________________

**સ. ૫. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) અંતરની વાત જાણનાર : __________

(૨) બીજાને માફી આપવાની દષ્ટિ : __________

(૩) આકાશ, પૃથ્વી, પાતાળ ત્રણે લોક : __________

(૪) અનુભૂતિ કરાવનાર સાધન : __________

**સ. ૬. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) હે પ્રભુ ! હું આપને કોટિકોટિ વંદન કરું છું.

(૨) પ્રભુના નયનોમાં સૂર્ય અને ચંદ્ર જેવું તેજ છે.

(૩) સમગ્ર બ્રહ્માંડમાં રહેલો ઈશ્વર મનુષ્યમાત્રના હૃદયમાં રહેલો છે.

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :**

(૧) હે પ્રભુ ! તું સૌથી દૂર હોવા છતાં ________________.
(અ) હંમેશા મંદિરમાં દેખાય છે (આ) હંમેશાં નજીકમાં દેખાય છે (ઇ) હંમેશા સહુના હૃદયમાં દેખાય છે

(૨) સાગરથી ઘેરાયેલા આ જગતના પિતા ________________.
(અ) ઈશ્વર છે (આ) જીવનનું સર્વસ્વ છે (ઇ) એક સાચા મિત્ર પણ છે

(૩) કવિ મન, વચન, કર્મથી કરેલા શુભાશુભ કાર્ય માટે ________________.
(અ) કૃપા માગે છે (આ) ક્ષમા માગે છે (ઇ) પસ્તાવો કરે છે

**સ. ૮. શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી સાચી પંક્તિ લખો :**

(૧) પેલો જગત પિતા રહે વીંટતો આઘે સાગર
(૨) વાસ બ્રહ્માંડોમાં ઉર અમ વસતો વિષે વસે
(૩) ભરતો દિશાઓ આકાશ પૃથ્વી ઊંડુ ગુફાઓ
(૪) કાંઈક સ્વભાવે કરુ શુભ બુદ્ધિથી જે અશુભ

**સ. ૯. યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) પ્રભુ દૂર હોવા છતાં | (અ) મહાસાગર છે. |
| (૨) પ્રભુ તો દયાનો | (આ) દરેકથી પર અને પરમ છે. |
| (૩) પ્રભુ આકાશ, પૃથ્વી, ગુફા | (ઇ) આપણું સર્વસ્વ અર્પણ છે. |
| (૪) પ્રભુના ચરણોમાં જ | (ઈ) નજીકમાં જ રહેલો છે. |

**સ. ૧૦. વિસંગત શબ્દ શોધી તેને અધોરેખિત કરો :**

(૧) સોમ, ચંદ્ર, શશી, ચાંદની
(૨) દિનેશ, સૂર્ય, તાપ, રવિ
(૩) લોચન, દષ્ટિ, નયન, ચક્ષુ
(૪) પૃથ્વી, ધરતી, જમીન, અવનિ
(૫) અવકાશ, આકાશ, વ્યોમ, ગગન
(૬) સાગર, ઉદધિ, ખાડી, સમુદ્ર

**સ. ૧૧. આ પ્રાર્થના-કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૨. કાવ્યમાં આવતા અંત્યાનુપ્રાસ દર્શાવતા શબ્દો લખો.**

**સ. ૧૩. અલંકાર ઓળખો :**

(૧) મહા જ્યોતિ જેવું નયન શશીને સૂર્ય સરખું.
(૨) ટમટમતાં તારાઓ જાણે આકાશનાં ફૂલો.
(૩) ધ્રુવના તારા જેવો અચલ એનો ટેક.

★ 'ધર્મ અને વિજ્ઞાન પરસ્પર સંકળાયેલા છે.' આ વિધાનને સાર્થક કરતી ચર્ચા સમૂહમાં કરો.

## પ્રકલ્પ

★ સંસ્કૃતિની શોભા જેવા આપણા ધાર્મિક પ્રતીકો વિશેની માહિતી ઇન્ટરનેટ પરથી મેળવીને સરસ મજાનું ભીંતપત્રક બનાવો.

## પદ્ય વિશ્લેષણ

(૧) પ્રસ્તુત કાવ્યના કવિનું નામ લખો.
(૨) કાવ્યનો પ્રકાર લખો.
(૩) તમારી મનપસંદ પંક્તિ લખો.
(૪) પંક્તિ પસંદ હોવાનું કારણ લખો.
(૫) કાવ્યમાંથી તમને મળતી પ્રેરણા બાબત બે-ચાર વાક્યો લખો.

## રસાસ્વાદ

★ **નીચેના પંક્તિનો રસાસ્વાદ કરાવો.**

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિષે વાસ વસતો,
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો;

## લેખન કૌશલ્ય

★ **'પ્રાર્થનાનું મહત્ત્વ' વિશે ૮૦થી ૧૦૦ શબ્દોમાં નિબંધ લખો.**

## સારાંશલેખન

★ સારાંશલેખન એટલે આપેલા પરિચ્છેદને સંક્ષિપ્ત બનાવવો.

★ સારાંશલેખન એટલે આપેલા પરિચ્છેદનો મધ્યવર્તી વિચાર.

★ નીચેનો પરિચ્છેદ વાંચી તેનો સારાંશ લખો.

### સત્યનારાયણ

''સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યવાદી થવા માટે અહિંસા જ એક માર્ગ છે, એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન હું વ્યર્થ સમજું છું. પ્રયત્ન વ્યર્થ હો, પણ વચન વ્યર્થ નથી. મારી અહિંસા સાચી તો યે કાચી છે. અપૂર્ણ છે, તેથી મારી સત્યની ઝાંખી હજારો સૂરજને એકઠા કરીએ તો પણ જે સત્યરૂપી સૂરજના તેજનું પૂરું માપ ન મળી શકે એવા સૂરજના એક કિરણ માત્રના દર્શનરૂપ જ છે. એનું સંપૂર્ણ દર્શન સંપૂર્ણ અહિંસા વિના અશક્ય છે, એટલે તો હું મારા આજ લગીના પ્રયોગોને અંતે અવશ્ય કહી શકું છું. આવા વ્યાપક સત્યનારાયણના પ્રત્યક્ષ દર્શન માટે જીવમાત્ર પ્રત્યે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે. અને તે કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો.''

– મહાત્મા ગાંધીજી

### સારાંશ

'સત્ય એ જ પરમેશ્વર.' હજારો સૂરજનું તેજ પણ સત્યરૂપી સૂરજના એક કિરણમાત્રનું દર્શન કરાવી શકે છે. આવા સત્યનારાયણનાં દર્શન કરવા દરેક પ્રત્યે આત્મવત્ પ્રેમ કેળવવો જોઈએ અને કલ્યાણના દરેક ક્ષેત્રોમાં પ્રવેશ કરવો જોઈએ.

F3NL3X

ઈશ્વર સચરાચરમાં વ્યાપ્ત છે.

# ૨. ચંદન

## દામોદર ખુશાલદાસ બોટાદકર

જન્મ ઇ.સ. ૧૮૭૦માં ૨૭ નવેમ્બરે ભાવનગર જિલ્લાના બોટાદ ગામમાં થયો હતો. છઠ્ઠા ધોરણ સુધી બોટાદમાં શિક્ષણ મેળવ્યા પછી, પરિવારની આર્થિક સ્થિતિને લીધે માત્ર તેર વર્ષની ઉંમરે પ્રાથમિક શિક્ષક બન્યા. મુંબઈમાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને 'પુષ્ટિમાર્ગ પ્રકાશ'નું તંત્રીપદ પણ સંભાળ્યું.

બોટાદકરની નોંધપાત્ર કૃતિઓમાં 'રાસતરંગિણી', 'સ્રોતસ્વિની', 'નિર્ઝરિણી', 'કલ્લોલિની' વગેરેનો સમાવેશ થાય છે. પ્રકૃતિ અને ગ્રામ્યજીવનના વિષયો દ્વારા તેમણે નારીજીવનની વિવિધ અવસ્થાનું કાવ્યમાં નિરૂપણ કર્યું છે. ખૂબજ પ્રચલિત થયેલું 'જનનીની જોડ સખી નહીં જડે' તેમનું અમર કાવ્ય છે. ઇ.સ. ૧૯૨૪ના ૭મી સપ્ટેમ્બરે તેમનું અવસાન થયું હતું.

## સૂર કૃતિનો


પ્રસ્તુત કાવ્ય ખંડકાવ્ય છે. સભા ભરીને બેઠેલા રાજાને અકારણ જ એક વણિકને જોઈને ક્રોધનો ભાવ જન્મે છે. તેથી તે મંત્રીને વણિકની માહિતી જાણવાની સૂચના આપે છે. વણિકે પોતાની મૂડીનું રોકાણ ચંદનની ખરીદી કરવામાં કર્યું હોવાથી તે ચંદનનાં લાકડાં વેચવાની વેતરણમાં હોય છે. તેની મંત્રીને જાણ થાય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં શીતળતા માટે ચંદનનાં લાકડાંનો મહેલ બનાવવાની મંત્રી રાજાને સલાહ આપે છે. રાજા તે માટે તૈયાર થાય છે. મંત્રી વણિક પાસેથી બધા જ ચંદનનાં લાકડાં ખરીદી લે છે અને રાજા માટે મહેલ બનાવડાવે છે. પોતાનું બધું ચંદન વેચાઈ જતા વણિકની રોકાયેલી મૂડી છૂટી થાય છે તેથી તે રાજાને આશીર્વાદ આપે છે. રાજાના મનમાંથી વણિક પ્રત્યેનો ક્રોધ પણ શાંત થઈ જાય છે. રાજા અને વણિકના મધ્યસ્થ બનીને મંત્રી બંનેના અંતઃકરણને શાંતિ આપે છે. સાચે જ ''પ્રેમ વિના બીજાના હૃદયમાં પ્રેમ પ્રગટતો નથી.''


(૧)

(શિખરિણી)

સભામાં શ્રીમંતો, અમીર, ઉમરાવો, અનુચરો,
અને આવે બીજા બહુ નગરના યોગ્ય પુરુષો;
મને પ્રીતિ નિત્યે સહુ જન પરે પૂર્ણ પ્રકટે,
પિતા પેઠે મારું હૃદય થઈને વત્સલ રહે.

પરંતુ જે પેલો વણિક અહીં આવે સહુ વિશે,
અરે ! એને જોતાં અધિક ઉરમાં ક્રોધ ઊપજે;
ન તે વૈરી મારો, અવિનય લગારે નવ કરે,
બગાડે ના કાંઈ, પુરુષ કદીયે વાક્ય ન વદે.





તથાપિ શા માટે હૃદય મુજ એને નીરખીને,
વડા વૈરી જેવો સમજી હણવા તત્પર બને ?
વિના વાંકે એવો મુજ હૃદયને ક્રોધ ન ઘટે,
ખરે જાણું છું એ, પણ હૃદય પાછું નવ હઠે !

(શાર્દૂલવિક્રીડિત)

ભૂપાળે દિન એક મંત્રીવરને એકાંત દેખી કહી,
ઊંડી અંતર કેરી વાત ઉરને જે સર્વદા બાળતી;
એનું કારણ શોધવા સચિવને તે સાથ આજ્ઞા કરી,
મૂંઝાણો મન મંત્રી ઉત્તર કશો આપી શક્યો ત્યાં નહીં,

(દ્રુતવિલમ્બિત)

દિન પરે દિન કૈંક વહી ગયા,
સચિવ તર્કવિતર્ક કરે સદા;
વણિક સંગ પિછાણ પછી કરી.
દિન જતાં વધતી, વધતી ગઈ.

(અનુષ્ટુપ)

મોટાની પામવા મૈત્રી ઇચ્છે કો નહિ અંતરે ?
વિના યત્ને મળે મંત્રી, ન કોને હૃદયે ગમે ?
એકદા મંત્રી ચાહીને વૈશ્યને ભવને ગયો.
વાર્તા વાણિજ્યની એની સંગાથે કરતો હતો.

(શાર્દૂલવિક્રીડિત)

દીઠો ત્યાં ઢગ એક ચંદન તણો તે જોઈ આશ્ચર્યથી
પૂછ્યું તે ઘડી મંત્રીએ વણિકને ''આ શું પડ્યું છે અહીં ?''
''એ છે ભૂલ સચિવજી ! મુજ તણી, ના તે સુધારી શકું,
ઊંડો અંતરમાંથી એમ વણિકે નિશ્વાસ નાંખી કહ્યું.''



(વસંતતિલકા)

“પૂર્વે ગયો હું મલબાર તણા પ્રવાસે,
લાવ્યો હતો વિમળ ચંદન વા’ણ માંહે;
આ ક્ષુદ્ર ગામ મહીં એ નહિ કામ આવે,
વીત્યાં બહુ વરસ ગ્રાહક કો ન થાયે,
રોકાઈ પૂર્ણ ધન ચંદનમાં રહ્યું છે,
ચિંતાથી ખિન્ન ઉર એ દિનથી થયું છે;
આનો ન કોઈ ઉપયોગ અહીં કરે છે,
ને વ્યાજ તો શિર પરે મુજને ચડે છે.

(અનુષ્ટુપ)

પામે કો ભૂપ મૃત્યુ તો ચિતા ચંદનની બને,
તે વિના કોઈ રીતે આ માલ મોંઘો નહીં ખપે.
કહે છે એમ સૌ લોકો, ઇચ્છું હું ઉરમાં નહિ,
આપશું ઐક્ય પામ્યાથી હા ! બોલાઈ ગયું કંઈ !
“ક્ષમા એ દોષની માગું, વાત આ દાટજો અહીં”
ધ્રૂજતો વૈશ્ય ભીતિથી કાલાવાલા કરે કંઈ.
“વાણીના દોષને વા’લા ! ન આણે કોઈ અંતરે,”
દિલાસો એમ આપીને ગયો મંત્રી પછી ઘરે.

(૨)

(વસંતતિલકા)

કોપે ચડ્યો તરણિ માધવમાસ માંહે,
અગ્નિભર્યાં કિરણ ઉગ્ર અનેક ફેંકે;
પૃથ્વી અને પવન પૂર્ણ તપી ગયાં છે,
સ્પર્ધા કરે શું સહુને સળગાવવાને ?

પ્રાસાદમાં નૃપતિ આપ્તસમૂહ સંગે,
બેઠો હતો કરી વિલેપન શીત અંગે;
પાસે હતો સકળ મંત્ર સહાયકારી,
બેઠો પ્રધાન કંઈ વાત રહ્યો વિચારી.

(દ્રુતવિલંબિત)

ઉશીરના પડદા લટકી રહ્યા,
અનુચરો જળ તે પર છાંટતા;
કુસુમ, ચંદન ને વ્યંજનાદિકે,
નૃપતિ સેવન શૈત્ય તણું કરે.

(વસંતતિલકા)

દેખી પ્રસંગ થઈ સ્વસ્થ પ્રધાન બોલ્યો,
''શૈત્યાર્થ ચંદન સમો ન ઉપાય બીજો;
જો બંગલો સકળ ચંદનનો કરાય,
ઉષ્મા ન ગ્રીષ્મ તણી તો જરીયે જણાય.''
''હા યોગ્ય એ જરૂર ઉષ્ણદિને ઉપાય,
મંગાવી ચંદન કરો જ્યમ શીઘ્ર થાય;''
આજ્ઞા સ્વીકારી સચિવે ઝટ કાર્ય કીધું,
દૈ મૂલ્ય વૈશ્ય તણું ચંદન સર્વ લીધું.

(અનુષ્ટુપ)

બનાવી બંગલો આપ્યો ભૂપ ભાળી ખુશી થયો,
બેઉના સ્વાન્તને શાન્તિ આપી એ સચિવે અહો !
વેચી ચંદન ભૂપને વણિક એ આપે ઘણી આશિષો,
રાજાના ઉરમાંય એ સમયથી ના ક્રોધ કાંઈ રહ્યો;
જાણી એ પલટો કશો હૃદયનો રાજા શક્યો અંતરે,
તોયે કારણ એહનું ઉર વિષે આવ્યું કશું ના અરે !

(શિખરિણી)

શક્યો જાણી સાચું સચિવ હૃદયે કારણ બધું,
અને સંતોષે એ હૃદય સહજે એમ ઊચર્યું;
''શકે છે સર્વેનાં હૃદય અવલોકી હૃદયને,
વિના પ્રીતિ ક્યાંથી ઇતર ઉરમાં પ્રેમ પ્રકટે ?





પ્રજાને પાળે છે નૃપતિ નિજ સંતાન સમજી,
અને એની દૃષ્ટિ સહુ ઉપર સ્નેહામૃત ભરી;
પરંતુ જે પાપી અહિત કંઈ એનું ઉર ચહે,

પછી પ્રીતિ ક્યાંથી નૃપહૃદયમાં એ પર રહે ?
અરીસો છે દૈવી હૃદયરૂપ, જોવા જગતને,
છબી એમાં સાચી સકળ ઉરની સત્વર પડે;
ન ચાલે વાણી કે અભિનય તણું કૈતવ કંઈ,
ઠગાશે આ દૃષ્ટિ પણ ઉર ઠગાશે નહિ કદી.''

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં નવમાં ધોરણમાં શીખી ગયેલા 'ગ્રામ્યમાતા' કાવ્યને યાદ કરાવી ખંડકાવ્ય તેમજ છંદોબદ્ધ કાવ્યની સમજૂતીનું પુનરાવર્તન કરાવી શકાય. છંદો અને તેના પ્રકારનું પુનરાવર્તન કરાવી શકાય.

સમગ્ર કાવ્યના વિષયવસ્તુને વાર્તારૂપે રજૂ કર્યા પછી પ્રશ્નોની મદદથી કાવ્યનું અધ્યાપન કરાવી શકાય. વાર્તા કહી દીધા પછી વિષયવસ્તુના કથન દ્વારા કાવ્યમાંથી પંક્તિઓ શોધાવીને તેમને થયેલા આકલનની ખાતરી કરી શકાય.

ચંદનનું મહત્ત્વ સમજાવીને તેના ઉપયોગ વિશે ચર્ચા કરીને વિદ્યાર્થીઓને સક્રિય રાખી શકાય. છંદ ગાવાની ચોક્કસ પદ્ધતિઓ શીખવા માટે પ્રેરિત કરી શકાય.

મંત્રીના વ્યક્તિત્વ દ્વારા કાવ્યના સંદેશ સાથે સંકળાયેલા મૂલ્યને વિકસાવવાનો પરોક્ષ પરિચય કરાવી શકાય. ગ્રામ્યમાતાના ઉદાહરણ દ્વારા આ કાવ્યની સરખામણી પણ કરાવી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) દાસ (૨) સ્નેહાળ (૩) વેપાર (૪) તુચ્છ
(૫) ઘરાક (૬) ગમગીન (૭) લેપ (૮) આશ્વાસન

**સ. ૨. શબ્દકોશની મદદથી અર્થ શોધી તેના અન્ય પર્યાયી શબ્દ લખો :**

(૧) તરણી ____ (૨) શૈત્ય ____
(૩) પ્રાસાદ ____ (૪) ઉશીર ____
(૫) તર્કવિતર્ક ____

સ. ૩. કાવ્યમાં કેટલાંક શબ્દોના સમાનાર્થી શબ્દોની જોડી આવે છે. નીચે એક શબ્દ આપ્યો છે તેના જ અર્થનો બીજો શબ્દ કાવ્યમાંથી જ શોધો :

(૧) વૈશ્ય – ____ (૨) શ્રીમંત – ____

(૩) હૃદય – ____ (૪) પ્રધાન – ____

(૫) નૃપ – ____ (૬) સર્વદા – ____

સ. ૪. લોપ ચિહ્નનો ઉપયોગ કરી અન્ય ત્રણ શબ્દો લખો :

દા.ત. વા'ણ – વહાણ.

(૧) _____________ (૨) _____________ (૩)_____________

સ. ૫. નીચેના શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો :

(૧) ક્રોધ (૨) કોપ (૩) ઉષ્મા (૪) ગ્રીષ્મ (૫) શીઘ્ર

સ. ૬. ઓળખો :

(૧) પિતા જેવું હૃદય ધરાવનાર – ___________________________

(૨) ડરથી ધ્રૂજનાર – ___________________________

(૩) રાજા મનની વાત કહેતા તે વ્યક્તિ – ___________________________

(૪) રાજાને જેના પર ક્રોધ ઉપજતો તે – ___________________________

(૫) વણિકનું ધન જેમાં રોકાયું હતું – ___________________________

(૬) વણિક પ્રવાસે ગયા હતા તે દેશ – ___________________________

સ. ૭. યોગ્ય વિકલ્પ મૂકી ખાલી જગ્યા પૂરો :

(૧) વાર્તા ___________ એની સંગાથે કરતો હતો.

(અ) હેતપ્રીતની (આ) મૈત્રીની (ઇ) વાણિજ્યની

(૨) જો ચંદનનો બંગલો કરીએ તો ___________ અસર જરાય ન જણાય.

(અ) વર્ષાની (આ) શીતળતાની (ઇ) ઉષ્ણતાની

(૩) જગતને જોવા માટે ___________રૂપી અરીસો જોઈએ.

(અ) હૃદય (આ) મન (ઇ) પ્રેમ

(૪) રાજાએ એક દિવસ એકાંત જોઈને ___________ વાત કહી.

(અ) વણિકને (આ) સંતાનને (ઇ) મંત્રીને

સ. ૮. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :

(૧) આ નાનકડા ગામમાં ચંદનના કોઈ ગ્રાહક થતાં નથી.

(૨) મોટા લોકો સાથે મિત્રતા કરવાનું બધાને ગમે છે.

(૩) પોતાના મનમાં પ્રેમ ન પ્રગટે ત્યાંસુધી બીજાના હૃદયનો પ્રેમ પામી ન શકાય.

(૪) શીતળતા કે ઠંડક માટે ચંદન સિવાય બીજો કોઈ ઉપાય નથી.

સ. ૯. લખો :

(૧)

સભામાં આવનાર લોકો

(૨)

વણિકને જોતાં રાજાના મનમાં આવતા વિચારો

(૩)

પ્રધાને વણિકને પૂછેલો પ્રશ્ન

(૪)

વણિકે પ્રધાનને આપેલો ઉત્તર

સ. ૧૦. આ કાવ્યના ભાવાર્થને વાર્તારૂપે તમારા શબ્દોમાં લખો.

સ. ૧૧. સંધિ કરો :

(૧) સ્નેહ + અમૃત –

(૨) એક + અંત –

(૩) નિઃ + શ્વાસ –

(૪) વ્યંજન + આદિ –

(૫) મધુ + ઊર્મિ –

(૬) તથા + અપિ –

સ. ૧૨. સમાસ ઓળખો :

(૧) મધમાખી – ----------------

(૨) સત્યાગ્રહ – ----------------

(૩) તર્કવિતર્ક – ----------------

(૪) ચાતુર્માસ – ----------------

(૫) પંચપાત્ર – ----------------

(૬) હિતઅહિત – ----------------

**સ. ૧૩.** **છંદ ઓળખો :**

(૧) મોટાની પામવા મૈત્રી ઇચ્છે કો નહિ અંતરે ?
વિના યત્ને મળે મંત્રી, ન કોને હૃદયે ગમે ?

(૨) રોકાઈ પૂર્ણ ધન ચંદનમાં રહ્યું છે,
ચિંતાથી ખિન્ન ઉર એ દિનથી થયું છે;

(૩) પ્રજાને પાળે છે નૃપતિ નિજ સંતાન સમજી,
અને એની દૃષ્ટિ સહુ ઉપર સ્નેહામૃત ભરી;

**સ. ૧૪.** **નીચેનાં નામોને યોગ્ય કોઠામાં ગોઠવો.**

ચંદન, પ્રીતિ, હૃદય, લાકડું, વણિક, પુરુષ, વાંક, ક્રોધ, જથ્થો, માનવતા, લાગણી, સમૂહ, મલબાર, જળ, દિલાસો, સમાજ, શીતળતા, મૈસૂર.

| જાતિવાચક નામ | વ્યક્તિવાચક નામ | ભાવવાચક નામ | દ્રવ્યવાચક નામ | સમૂહવાચક નામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

★ **''જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'' અથવા 'યથા રાજા તથા પ્રજા' ની ઉક્તિને સાર્થક કરતો સંવાદ વર્ગમાં બે જૂથ પાડીને કરો. ઉદાહરણ સહિત ચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ **નવમા ધોરણમાં શીખી ગયેલા 'ગ્રામ્યમાતા' કાવ્ય સાથે પ્રસ્તુત ખંડકાવ્યની તુલના કરી તમારા અભ્યાસના નિષ્કર્ષની નોંધ કરો.**

## પદ્ય વિશ્લેષણ

★ **પ્રસ્તુત કાવ્યનું શીર્ષક, પ્રકાર લખી તેના વિષય - વસ્તુનો બે થી ચાર વાક્યોમાં ઉલ્લેખ કરો.**

## રસાસ્વાદ

★ **નીચેના કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.**

ન ચાલે વાણી કે અભિનય તણું કૈતવ કંઈ,
ઠગાશે આ દૃષ્ટિ પણ ઉર ઠગાશે નહિ કદી.

## લેખન કૌશલ્ય

★ **નીચેના મુદ્દા ઉપરથી ૮૦થી ૧૦૦ શબ્દોમાં વાર્તા લખીને યોગ્ય શીર્ષક આપો.**

ઈઝરાયલનો રાજા સોલોમન - ઉમદા વ્યક્તિત્વ - પ્રજાની ચાહના - રાણીની મુલાકાત - રાજાની કસોટી - કોયડાની રજૂઆત - ફૂલોની બે માળા મંગાવવી - અસલી અને નકલી - સ્પર્શ વિના સાચી માળા ઓળખવી - દરબારીઓ મૂંઝવણમાં - રાજાએ બારી ઉઘાડાવી - મધમાખીનું આગમન - કસોટીમાં ખરું ઉતરવું - રાણીની ખુશી - રાજા સાથે લગ્ન - શીર્ષક.

F3XH5K

જીવન એક પુષ્પ છે, પ્રેમ તેની સુવાસ છે.

# ૩. આપણે આવળ બાવળ બોરડી


## રાજેન્દ્ર શાહ

જ્ઞાનપીઠ એવૉર્ડ વિજેતા આ કવિનો જન્મ ઇ.સ. ૧૯૧૩માં ૨૮ જાન્યુઆરીએ ખેડા જિલ્લાના કપડવંજ ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ગામમાં જ અને કૉલેજનું શિક્ષણ વડોદરામાં લીધું હતું. અમદાવાદમાં કરિયાણાની અને કોલસાની દુકાન ચલાવ્યા બાદ મુંબઈમાં લાકડાના વેપારીને ત્યાં ઘણો સમય કામ કર્યું. આમ થાણાના જંગલોમાં સમય વિતાવ્યો હોવાથી પ્રકૃતિને નજીકથી માણી, એટલે જ તેમની કવિતાઓમાં પ્રકૃતિનું સુંદર વર્ણન જોવા મળે છે. ઇ.સ. ૧૯૯૩માં ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ હતાં. અનેક પુરસ્કારો અને સન્માનોથી તેમને નવાજવામાં આવ્યા છે.

કવિતાના વિવિધ પ્રકારોમાં ખેડાણ કરનાર આ કવિના કાવ્યસંગ્રહો છે – 'ધ્વનિ', 'આંદોલન', 'શ્રુતિ', 'શાંત કોલાહલ', 'મધ્યમા' વગેરે. 'નિરૂદ્દેશે' કાવ્યસંગ્રહમાં તેમના કાવ્યોનું સંપાદન જયંત પાઠકે કર્યું છે. અનુગાંધીયુગના સ્તંભ સમા આ કવિની કવિતાના મુખ્ય વિષયો છે પ્રણય, પ્રકૃતિ, જીવનચિંતન અને અધ્યાત્મભાવ. આ પ્રતિભાશાળી કવિનું અવસાન ૨ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિનો મુખ્ય સંદેશ છે કે, ''મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યનો વિધાતા છે, ઘડવૈયો છે.'' દરેક મનુષ્યમાં ગુણની સાથે અવગુણ અને શક્તિની સાથે નિર્બળતા પણ રહેલી હોય છે. તેનું ખૂબજ સુંદર રીતે કાવ્યાત્મક શૈલીમાં કવિએ આલેખન કર્યું છે. મનુષ્ય જો પોતાનામાં રહેલા ઉત્સાહ અને સાહસથી પ્રયત્ન કરતો રહે તો તે પોતાનું જીવન મહાન બનાવી શકે છે. પંડની (પોતાની) પેટીમાં (અંતરમાં) રહેલા પારસમણિને પોતાના પ્રયત્નથી પ્રકાશમાં લાવીને પોતાના જીવનને ઝળહળતું બનાવી શકાય છે. આ કાવ્યનો સૂર અર્થાત ''આપણે ઘડવૈયા બાંધવ આપણા'' જેવો જ છે.



આપણે આવળ બાવળ બોરડી, કેસર ઘોળ્યા ગલના ગોટા જી,
હલકાં તો પારેવાની પાંખથી, મ્હાદેવથીયે પણ મોટા જી;
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે...
કોઈ તો રાચે છે વેળુછીપથી, કોઈ તો જળને હિલ્લોળ જી;
મરજીવો ઊતરે મ્હેરામણે, માથા સાટે મોતી-મોલ જી ;
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે...
નજરું ખૂંપી છે જેની ભોંયમાં, સામે પૂર એ શું ધાય જી !
અધીરા ઘટડાનો ઘોડો થનગને, અણદીઠ ઓરું એને પાય જી;
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે...

બેઠેલાનું બેઠું રહે વિમાસણે, વેળા જુએ નહિ વાટ જી,
ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી, વેડે તેને આવે હાથ જી;
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે...
પંડની પેટીમાં પારસ છે પડ્યો, ફૂટલાં ફૂટે છે કરમ જી,
વાવરી જાણે તે બડભાગિયો, ઝળહળ એના રે ભવન જી,
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે...



### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલાં પ્રારબ્ધ અને પુરુષાર્થ વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરી શકાય. પરિશ્રમનું મહત્ત્વ સમજાવી શકાય. 'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.' જેવી ઉક્તિને વિસ્તૃત રીતે સમજાવી શકાય. આપણા દેશની મહાન વ્યક્તિઓના જીવનના ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓને પણ સાહસિક બનવા, જોખમ ઉઠાવવા, પરિશ્રમ કરવા તેમજ માત્ર પ્રારબ્ધ ઉપર જ ભરોસો ન રાખવાની પ્રેરણા આપી શકાય.

આ કાવ્યના વાચ્યાર્થ દ્વારા વ્યાવહારિક જીવનનાં ઉદાહરણો આપીને કાવ્યના ગૂઢાર્થને સાચી રીતે સમજાવવા તેમજ તેનો જીવનમાં યોગ્ય રીતે અમલ કરવાની પ્રેરણા આપી શકાય.

★ **નોંધ** : આવળ – એક વગડાઉ છોડ, એક પ્રકારની વનસ્પતિ.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) કબૂતર (૨) નસીબદાર (૩) શરીર (૪) સમય
(૫) જમીન (૬) અશ્વ (૭) નજીક (૮) મહેલ

**સ. ૨. યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) ઘોળવું | (અ) વાપરવું |
| (૨) ખૂંપવું | (આ) ઉતારવું |
| (૩) વાવરવું | (ઇ) શોભવું |
| (૪) વેડવું | (ઈ) ગરક થવું |
| (૫) રાચવું | (ઉ) ઘૂંટવું |

**સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) દરિયામાંથી મોતી કાઢનાર – ---------------------------
(૨) જોયેલું ન હોય તેવું – ---------------------------
(૩) જેના સ્પર્શથી લોખંડ સોનું બને છે – ---------------------------
(૪) જે મહાભાગ્યશાળી છે તે – ---------------------------

**સ. ૪. યોગ્ય શબ્દ લખો :**

વાટ → ---------- / પ્રગટાવવી / ----------

અણ → ---------- / દીઠું / ----------

**સ. ૫. માન્યભાષાનો શબ્દ લખો : દા.ત. મ્હાદેવ – મહાદેવ**

(૧) મ્હેરામણ – ____________________ (૨) ન્હાય – ____________________

(૩) મ્હેમાન – ____________________ (૪) સ્હાય – ____________________

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(૧) ____________________ ઊતરે મ્હેરામણે, માથા સાટે મોતી – મોલ જી.

(અ) સૈનિક (આ) મરજીવો (ઇ) માનવી

(૨) ઝાઝેરો ઝૂક્યો છે ____________________ સાખથી; વેડે તેને આવે હાથ જી.

(અ) આંબો (આ) પીપળો (ઇ) લીમડો

(૩) નજરું ખૂંપી છે જેની ____________________ , સામે પૂર એ શું ધાય જી.

(અ) નદીમાં (આ) જમીનમાં (ઇ) ભોંયમાં

(૪) હલકાં તો પારેવાની ____________________થી, મ્હાદેવથીયે પણ મોટા જી.

(અ) પાંખ (આ) આંખ (ઇ) દેહ

**સ. ૭. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) કોઈ ઊંડા પાણીમાં જાય તો કોઈ કિનારે જ સંતોષ માને.

(૨) માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે.

(૩) હૃદયમાં રહેલા પારસમણિને પોતે જ પ્રકાશમાં લાવવો જોઈએ.

(૪) જે બેસેલા રહે છે તેનું નસીબ પણ બેઠેલું જ રહે છે.

**સ. ૮. લખો :**

(૧) કવિએ આલેખેલા માનવીનાં વિવિધ રૂપો – ------------------------------

(૨) જીવનમાં સફળ થયેલા માનવીનાં લક્ષણો – ------------------------------

(૩) કાવ્યમાં ઉલ્લેખાયેલાં થયો છે તે વૃક્ષો – ------------------------------

**સ. ૯. પંક્તિ સમજાવો :**

(૧) બેઠેલાનું બેઠું રહે વિમાસણે,
વેળા જુએ નહિ વાટજી.

(૨) વાવરી જાણે તે બડભાગિયો,
ઝળહળ એના રે ભવન જી.

**સ. ૧૦. ''પરિશ્રમ એ જ પારસમણિ'' વિધાનને તમારા શબ્દોમાં સમજાવો.**

સ. ૧૧. અલંકાર ઓળખો :

(૧) પંડની પેટીમાં પારસ છે પડ્યો, ફૂટલાં ફૂટે છે કરમ જી.

(૨) મરજીવો ઊતરે મ્હેરામણે, માથા સાટે મોતી-મોલ જી.

(૩) અધીરા ઘટડાનો ઘોડો થનગને, અણદીઠ ઓરું એને પાય જી.

(૪) વાવરી જાણે તે બડભાગિયો, ઝળહળ એના રે ભવન જી.

★ તમારી શાળાની દોડસ્પર્ધામાં તમે ભાગ લીધો છે. સ્પર્ધાના આગલા દિવસે જ તમે પગથિયા ઉપરથી લપસી પડ્યા અને હાથમાં ફ્રેક્ચર આવ્યું. તમારા ઘરના વડીલોએ તમને સ્પર્ધામાં ન જવાની સૂચના આપી છે. તેવા સમયે તમે શું કરશો?

(૧) વડીલોનું માનીને સ્પર્ધામાં નહિ જાવ.

(૨) વડીલોને સમજાવશો અને તેમની મંજૂરી મેળવીને રાજીખુશીથી જશો.

(૩) વડીલો સામે રીસ કરીને તેમની સાથે બોલશો નહિ.

(૪) બધાની ઉપરવટ જઈ તમારું ધાર્યું કરશો... સમૂહમાં ચર્ચા કરો.

## પ્રકલ્પ

★ વ્યક્તિત્વના સર્વાંગી વિકાસના ઘટકો ઉદાહરણ સાથે ચાર્ટમાં નોંધો.

## પદ્ય વિશ્લેષણ

★ કાવ્યના કવિનું નામ, પ્રકાર, મનગમતી પંક્તિઓ, તે પંક્તિઓ ગમવાનું કારણ અને કાવ્યનો સંદેશ મુદ્દાસર લખો.

## રસાસ્વાદ

★ નીચેના કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

પંડની પેટીમાં પારસ છે પડ્યો, ફૂટલાં ફૂટે છે કરમ જી,
વાવરી જાણે તે બડભાગિયો, ઝળહળ એના રે ભવન જી,
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે...

## લેખન કૌશલ્ય

★ વિચાર વિસ્તાર કરો : ''બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું-ઊભા રહેલનું; સૂતેલાનું દીસે સૂતું, ચાલે ભાગ્ય ચલંતનું.''

★ અધૂરી વાર્તા પૂરી કરો :

એક ફેરિયો એક ગામથી બીજા ગામે જઈ ટોપી વેચવાનો ધંધો કરતો હતો. એક વખત તે બીજે ગામ જઈ રહ્યો હતો. માર્ગમાં આવતા એક નાનકડા ગામના પાદરે એક ઝાડ નીચે તે આરામ કરવા બેઠો. થાકને લીધે તેને ઊંઘ આવી ગઈ.

ઝાડ પરના વાંદરાંઓએ તેને ઊંઘતો જોઈ નીચે આવી તેના થેલામાંથી એક-એક ટોપી લઈ લીધી અને તે માથે પહેરીને ઝાડ પર ફરી ચડી ગયા.

ફેરિયાની આંખ ઊઘડી ત્યારે પોતાનો ખાલી થેલો જોઈને તે ગભરાઈ ગયો. ચિંતાતુર બની તેણે આજુબાજુ નજર કરી તો ઝાડ પર ટોપી પહેરીને બેઠેલા વાંદરા જોયા, તે વિચારવા લાગ્યો કે હવે શું કરવું? ટોપીઓ પાછી કેવી રીતે મેળવવી? આખરે તેને એક ઉપાય સૂઝી આવ્યો...

F47D78

સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.

# ૪. શ્રાવણનો મહેરામણ

**વેણીભાઈ પુરોહિત**

ઇ.સ. ૧૯૧૬ની પહેલી ફેબ્રુઆરીના રોજ જામખંભાળિયામાં જન્મ થયો હતો. વ્યવસાયે પત્રકાર એવા વેણીભાઈ શરૂઆતમાં પ્રૂફરીડર તરીકે કામ કરતા હતાં. ૧૯૪૯થી તેઓ ગુજરાતી દૈનિક વર્તમાનપત્ર સાથે જોડાયા અને જીવનના અંત સુધી ત્યાં જ કાર્યરત રહ્યા. ગુજરાતી ચલચિત્ર 'કંકુ'નાં બધાં ગીતો તેમણે લખ્યાં હતાં. સંગીતનું જ્ઞાન ધરાવતા હોવાથી તેમનાં ગીતોમાં અને ગઝલોમાં પણ શબ્દ અને લયનું માધુર્ય પ્રગટ થાય છે.

'ગુલઝારે શાયરી', 'દીપ્તિ', 'આચમન', 'સિંજારવ' વગેરે કાવ્યસંગ્રહો તેમજ 'અત્તરના દીવા', 'વાંસનું વન', 'સેતુ' વગેરે વાર્તાસંગ્રહો તેમણે આપ્યા છે. 'તારી આંખનો અફીણી' જેવી સુપ્રસિદ્ધ રચના આપનાર વેણીભાઈનું અવસાન ઇ.સ. ૧૯૮૦ની ત્રીજી જાન્યુઆરીના રોજ થયું હતું.

**સૂર કૃતિનો**

વર્ષાઋતુના વૈભવને વર્ણવતા આ કાવ્યમાં શ્રાવણની ઘટાઓનું અને સમુદ્રની સુંદર છટાઓની વાત કરેલી છે. કાળા ડિબાંગ વાદળાઓથી ઘેરાયેલું આકાશ જાણે કુદરતની ધૂણી લગાવીને બેઠેલા જોગી જેવું લાગે છે. કુદરત સાથે માનવમન પણ પ્રફુલ્લિત થઈ જાય છે અને સુગંધિત માટીનો ઈન્દ્રિયગમ્ય અનુભવ અગમ્ય આનંદની અનુભૂતિ કરાવે છે.


પવનની લહેરખીથી ઝૂલતી ડાળીઓના તાલે વીજળી ચમકે છે. શ્રાવણની ઘટા અને સમુદ્રની છટા પ્રકૃતિ તેમજ મનુષ્યોને પણ મોહિત કરી દે છે.


દશે દિશાએથી વાતા મંદમંદ પવનથી ઇન્દ્રનો દરબાર મોજમાં આવી જાય છે. ખરેખર કુદરતની પીંછીએ કરેલી કલાની કરામત અદ્ભુત છે !

આ મસ્ત ઘટાઓ શ્રાવણની
અલમસ્ત છટા મહેરામણની

ગગન ભભૂત લગાવી બેઠું
ભાંગ બદામી હજમ કરીને;
મેઘ બજાવે મૃદંગ મદભર
તોડા-મોડા ભરી ભરીને.

જાણે ત્રાડ પડે ત્રિભુવનમાં
અહિરાવણ મહિરાવણની:





આ મસ્ત ઘટાઓ શ્રાવણની
અલમસ્ત છટા મહેરામણની.

તનની, મનની, વન-નિર્જનની
માટી મઘમઘ મરમી મરમી,
અનુભવ થાય અગોચર-ગોચર
ભટકલ ભટકલ, ભરમી ભરમી.

વીજ હલેતી હીંચ ચગાવે
પવન-પતાકા કામણની :
આ મસ્ત ઘટાઓ શ્રાવણની
અલમસ્ત છટા મહેરામણની.

દશે દિશાઓ ઢોળે ચામર,
છાયા ભીને વાન છબીલી,
ઇન્દ્રસભા નાચે નયનોમાં
વિરહ મિલનની મોજ રસીલી :

કુદરતની પીંછીથી પ્રગટી
અજબ ચમક ચિતરામણની.
આ મસ્ત ઘટાઓ શ્રાવણની
અલમસ્ત છટા મહેરામણની.

## માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં વિદ્યાર્થીઓ પરિચિત હોય તેવા ઋતુગીતો, પ્રકૃતિગીતો કે પછી વરસાદી ગીતોનું સમૂહગાન કરાવી શકાય.

કાવ્યમાં રજૂ થયેલા કુદરતી સૌંદર્યના વર્ણન દ્વારા કૃતિમાં રહેલા નાદવૈભવ વિશે વિદ્યાર્થીઓને પરિચિત કરી શકાય.

કાવ્યમાં જે શબ્દોની ચમત્કૃતિ દર્શાવેલી છે તેનો ખ્યાલ આપી શકાય. સ્વાધ્યાયોને ધ્યાનમાં રાખીને જરૂરી માહિતીથી પરિચિત કરી શકાય.

કૃતિના અધ્યયન-અધ્યાપનના સમયે વિષયવસ્તુના સંદર્ભે જુદાજુદા વિષયો ઉપરના લેખન માટે સામૂહિક ચર્ચા કરીને વિદ્યાર્થીઓના લેખન-કૌશલ્યનો વિકાસ થાય તે માટે પરોક્ષ પ્રયત્ન કરીને તેમને લેખન માટે સજ્જ કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) મસ્તાન (૨) શલાકા (૩) ભસ્મ (૪) વાદળ

(૫) વેરાન (૬) વિયોગ (૭) ધજા (૮) અભિમાન

**સ. ૨.** **નીચેના શબ્દસમૂહનો વાક્યમાં પ્રયોગ કરો :**

(૧) હજમ કરવું (૨) હીંચ ચગાવવી (૩) ચામર ઢોળવો

**સ. ૩.** **શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) સ્વર્ગ, મૃત્યુ, પાતાળ – એ ત્રણેય લોક - ------------------------------

(૨) ઈન્દ્રિયને ગમે નહિ તેવું - ------------------------------

(૩) ભેદ કે રહસ્યને જાણનાર - ------------------------------

(૪) ઈન્દ્રિયને ગમે તેવું - ------------------------------

**સ. ૪.** **વિસંગત શબ્દ શોધી તેની ફરતે ગોળ કરો :**

(૧) મહેરામણ, સમુદ્ર, રત્નાકર, સરિતા (૨) મૃદંગ, હાર્મોનિયમ, ઢોલક, તબલા

(૩) તન, શરીર, દિલ, કાયા (૪) ચાંદની, દામિની, વીજ, વીજળી

**સ. ૫.** **(અ) ઓળખો :**

(૧) આકાશે જોગી જેવી લગાવી છે - ------------------------------

(૨) મેઘનો અવાજ આ વાજિંત્ર જેવો છે - ------------------------------

(૩) ત્રિભુવનમાં ત્રાડ પાડનાર - ------------------------------

(૪) ચામર ઢોળે છે - ------------------------------

(૫) મંદમંદ વાતા પવનથી સભા મોજમાં આવી જાય છે - ------------------------------

**(બ) કાવ્યમાં ઉલ્લેખ કરાયેલા શબ્દો લખો :**

(૧) હિંદુ મહિનો - ------------------------------

(૨) સભા ભરનાર દેવ - ------------------------------

(૩) બે રાક્ષસો - ------------------------------

(૪) પતાકાની ઉપમા મેળવનાર - ------------------------------

**સ. ૬.** **નીચેનો અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) બે રાક્ષસોની ત્રાડથી ત્રિભુવન કંપી ઉઠે છે.

(૨) શ્રાવણ મહિનામાં માટીની સુગંધથી ધરતી મહેકી ઊઠે છે.

(૩) કુદરત રૂપી પીંછીની કરામત અદ્‌ભુત છે.

સ. ૭. લખો :

(૧) ભીંજાયેલી ધરતીની સુગંધ વિશે કવિના વિચારો (૨) શ્રાવણ મહિનાનું કુદરતી સૌંદર્ય

સ. ૮. અલંકાર ઓળખો :

(૧) ગગન ભભૂત લગાવી બેઠું - ---------------------------

(૨) આ મસ્ત ઘટાઓ શ્રાવણની અલમસ્ત છટા મહેરામણની - ---------------------------

(૩) મેઘ બજાવે મૃદંગ મદભર - ---------------------------

(૪) માટી મઘમઘ મરમી મરમી - ---------------------------

સ. ૯. કાવ્યને આધારે યોગ્ય વિશેષણ લખો :

(૧) ------------------ ઘટા (૨) ------------------ છટા

(૩) ------------------ વાન (૪) ------------------ મોજ

(૫) ------------------ ચમક (૬) ------------------ દિશા

સ. ૧૦. વિશેષણ ઓળખી તેનો પ્રકાર લખો.

(૧) દશે દિશાઓ ચામર ઢોળે છે. (૨) આ મસ્ત ઘટાઓ શ્રાવણમાસની છે.

(૩) જેનાં જેવાં કર્મ તેવું તેનું ફળ. (૪) બધા ઝઘડાની જડ તું જ છે.

(૫) કોઈ દુઆ માટે વલખે અને મળે તો કોઈકની આશિષ મળે.

(૬) હજાર હાથવાળો ઉપર બેઠો છે. થોડું ઘણું તો આપશે જ.

★ પહેલા વરસાદમાં પલળવાની મજા .... વિશે સમૂહમાં ચર્ચા કરો.

## પ્રકલ્પ

★ કવિ વેણીભાઈ પુરોહિતનું પ્રસિદ્ધ ગીત ''તારી આંખનો અફીણી'' ઇન્ટરનેટ પરથી મેળવીને એક ચાર્ટમાં લખો.

## પદ્ય વિશ્લેષણ

★ કાવ્યના કવિનું નામ, પ્રકાર, મનગમતી પંક્તિઓ, તે પંક્તિઓ ગમવાનું કારણ અને કાવ્યનો સંદેશ મુદ્દાસર લખો.

## રસાસ્વાદ

★ નીચેના કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

દશે દિશાઓ ઢોળે ચામર,
છાયા ભીને વાન છબીલી,
ઇન્દ્રસભા નાચે નયનોમાં
વિરહ મિલનની મોજ રસીલી :

## લેખન કૌશલ્ય

★ 'શિયાળાની સવાર' વિશે ૮૦ થી ૧૦૦ શબ્દોમાં નિબંધ લખો.

વરસાદનું પર્યાપ્ત પ્રમાણ-ખેડૂતોને મન વરદાન.

FFKLMS

# ૫. દવા કે દુઆ

## જલન માતરી

આ ગઝલકારનો જન્મ ઇ.સ. ૧૯૩૪ના ૧ સપ્ટેમ્બરના રોજ ખેડા જિલ્લાના માતર ગામમાં થયો હતો. તેમનું મૂળ નામ અલવી જલાલુદ્દીન સઆદુદ્દીન. ઓછું છતાં સરળ અને સત્ત્વશીલ લખનાર જલન સાહેબ જ્યારે મુશાયરામાં પોતાના આગવા-અંદાઝમાં ગઝલ રજૂ કરે ત્યારે શ્રોતાઓ તેમને તાળીઓના ગડગડાટથી વધાવી ઉઠતા.

મેટ્રિક સુધી ભણેલા જલન માતરીના જાણીતા ગઝલસંગ્રહો એટલે 'જલન', 'સુકન', 'બંદિશ' છે. કુમાર માસિકમાં તેમણે લખેલા પરિચયાત્મક લેખોનો સંગ્રહ છે, 'ઊર્મિની ઓળખ ભાગ-૧ અને ભાગ-૨'. તેમની આત્મકથા 'ઊઘડી આંખ બપોરે રાનમાં'ને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી શ્રેષ્ઠ પુસ્તક તરીકે પારિતોષિક મળ્યું છે. ૨૦૦૫માં ગઝલના ક્ષેત્રે તેમણે કરેલી ઉત્તમ સેવાઓ બદલ ગુજરાત રાજ્ય દ્વારા અપાતો સુપ્રસિદ્ધ વલી એવૉર્ડ તેમને આપવામાં આવ્યો હતો. ૨૦૧૬માં આદ્યકવિ નરસિંહ મહેતા એવૉર્ડ પણ તેમને મળ્યો છે. ૨૫ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ તેઓ અવસાન પામ્યા છે.

## સૂર કૃતિનો


જીવન જીવવા માટેની આશા-આકાંક્ષાની વાત કરતા ગઝલકાર કહે છે કે કોઈને દવાની તો કોઈને દુઆની જરૂર છે. ઘણી વખત દવા ન અસર કરે ત્યારે દુઆની અપેક્ષા રખાય છે. ગઝલના દરેક શેરમાં કવિએ જુદોજુદો ભાવ વ્યક્ત કર્યો છે. એક શેરમાં તો કવિ ખુદા તરફ નારાજગી પણ વ્યક્ત કરતાં કહે છે કે, જુદાજુદા ધર્મોના અસ્તિત્વ માટે પણ ખુદ ખુદા જ જવાબદાર છે. ઈશ્વર ધારત તો બધા માટે એક જ ધર્મ રાખી શક્યો હોત.

છેલ્લા શેરોમાં આપણી જ્ઞાનેન્દ્રિયોના સદુપયોગની વાત કરતાં કવિ કહે છે કે, આપણે આપણી આંખોથી કોઈની ખામી ન જોવી પણ હંમેશા સારું જ જોવું. છેલ્લે કવિ કહે છે કે પાણી, હવા અને પ્રકાશ ઉપર પણ જો કોઈની હુકૂમત ચાલતી હોત તો જીવન જીવવું પણ દુષ્કર બનત. આમ આ કાવ્યમાં દવા અને દુઆની અસરકારક રીતે વાત કરવામાં આવી છે.

દવા માટે કોઈ વલખે છે તો કોઈ દુઆ માટે,
કરે છે ધમપછાડા લોક જીવન જીવવા માટે.

વખત પર ના ફળી જ્યારે દુઆ તો ભેદ સમજાયો,
કે બાજુમાંથી ઊઠ્યા'તા ઘણા હાથો દુઆ માટે.

છતાં અફસોસ કે જઈ માનવી ફેંકાય દોઝખમાં,
નહીંતર સ્વર્ગ ક્યાં સર્જ્યું છે તે તારા ભલા માટે ?



છે એનો સ્પષ્ટ મતલબ કે ખુદા ખુદ મૂડીવાદી છે,
મુકદ્દર એકસરખા હોત ના નહીંતર બધા માટે ?

બધા ઝગડાની જડ પણ તું જ, જિમ્મેદાર તું ઈશ્વર,
તું ધારત તો ન હોતે ધર્મ અહીં એક જ બધા માટે?

કોઈનો એબ જોવા વેડફો ના તેજ આંખોનું,
કે એણે આંખ આપી છે તો સારું દેખવા માટે.

હકૂમતના જ હાથોમાં જો હોતે જળ, હવા, ઓજસ,
'જલન' તકલીફ પડતે ખૂબ જીવન જીવવા માટે.



### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલા ગઝલના સ્વરૂપનો સંક્ષિપ્ત પરિચય આપી શકાય. જીવનમાં આપણને બધાંને દવાની અને દુઆની જરૂર ક્યારેક ને ક્યારેક પડે છે તેની વિસ્તૃત ચર્ચા કરી શકાય.

માંદગીના સમયે દવા માટે ડૉક્ટર અને મુશ્કેલીના સમયે માર્ગ બતાવવા ઈશ્વર પાસે દુઆની યાચના કરતા લોકોની લાચારી દર્શાવતા વાસ્તવિક કે કાલ્પનિક પ્રસંગોના ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓના મનમાં દવા અને દુઆ બંનેના ચમત્કારની, મહત્ત્વની વાત સમજાવવાનો પ્રયાસ કરી શકાય.


આપણી જ્ઞાનેન્દ્રિયોના સદુપયોગની વાત કરતી વખતે ત્રણ વાંદરાના રમકડાંની વાતનું દૃષ્ટાંત આપી નૈતિક મૂલ્યોનું આરોપણ કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**


| | | | |
|---|---|---|---|
| (૧) ઔષધ | (૨) આશિષ | (૩) નરક | (૪) અર્થ |
| (૫) નસીબ | (૬) જવાબદાર | (૭) ખામી | (૮) પ્રકાશ |

**સ. ૨. નમૂના પ્રમાણે શબ્દ બનાવી વાક્યમાં પ્રયોગ કરો :**



**સ. ૩. નીચેના શબ્દ માટે વપરાતા અન્ય પર્યાયી શબ્દો લખો :**

(૧) (૨) (૩)




**સ. ૪. સાચા શબ્દ ફરતે ગોળ કરો :**

(૧) જિમ્મેદાર જુમ્મેદાર ઝિમ્મેદાર (૨) દોજખ દોઝખ દોઝક

(૩) ધમપછાડ ધમપછડા ધમપછાડા (૪) મુકદ્દર મૂકદ્દર મુક્કદ્દર

**સ. ૫. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :**

(૧) લોકો જીવન જીવવા માટે ________________________.

(અ) મહેનત કરે છે (આ) દવા કરે છે (ઇ) ધમપછાડા કરે છે

(૨) ઘણા બધા હાથો ઊઠ્યા'તા ______________________.

(અ) મારવા માટે (આ) દુઆ માટે (ઇ) મદદ માટે

(૩) માનવી દોઝખમાં ફેંકાયો હોવાનો ____________________.

(અ) અફસોસ છે (આ) વિશ્વાસ છે (ઇ) દાવો છે

(૪) ખુદાને અહીં ________________________________.

(અ) સત્યવાદી કહ્યાં છે (આ) સમાજવાદી કહ્યાં છે (ઇ) મૂડીવાદી કહ્યાં છે

**સ. ૬. યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) હકૂમતના જ હાથોમાં | (અ) તે તારા ભલા માટે |
| (૨) તું ધારત તો ન હોતે ધર્મ | (આ) ખુદા ખુદ મૂડીવાદી છે |
| (૩) છે એનો સ્પષ્ટ મતલબ કે | (ઇ) જો હોતે જળ, હવા, ઓજસ |
| (૪) નહીંતર સ્વર્ગ ક્યાં સર્જ્યું છે | (ઈ) અહીં એક જ બધા માટે |

**સ. ૭. સમજીને લખો :**

(૧) જીવન જીવવાની તકલીફ પડવાનું કારણ...

(૨) આંખોનું તેજ ન વેડફવાનું કારણ ...

(૩) ખુદાને મૂડીવાદી કહેવાનું કારણ...

**સ. ૮. કાવ્યપંક્તિ સમજાવીને લખો :**

બધા ઝઘડાની જડ પણ તું જ, જિમ્મેદાર તું ઈશ્વર,
તું ધારત તો ન હોતે ધર્મ અહીં એક જ બધાં માટે ?

સ. ૯. વચન બદલો :

| | | | |
|---|---|---|---|
| (૧) હાથો | (૨) ધર્મ | (૩) આંખો | (૪) તકલીફ |
| (૫) લોક | (૬) ઝઘડો | (૭) હું | (૮) એબ |

★ વર્લ્ડકપની ફાઈનલમાં ભારતની ટીમ રમવાની હોય ત્યારે ક્રિકેટ રસિયા ભારતીયો ભારતની જીત માટે કરતાં હોય તે પ્રયત્નો બાબતની ચર્ચા વર્ગમાં કરો.

## પ્રકલ્પ

★ ગ્રંથાલયમાં જઈ નીચેના ગઝલકારોની એક-એક કૃતિ લઈને કાર્ડપેપર ઉપર લખો અને તે વર્ગમાં લટકાવો.
મરીઝ, કૈલાસ પંડિત.

## પદ્ય વિશ્લેષણ

★ પ્રસ્તુત કાવ્યનું વિશ્લેષણ કરો.

## રસાસ્વાદ

★ નીચેના કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

કોઈનો એબ જોવા વેડફો ના તેજ આંખોનું,
કે એણે આંખ આપી છે તો સારું દેખવા માટે.

## લેખન કૌશલ્ય

★ વનના રાજા સિંહથી પોતાનું રક્ષણ કરનાર ચતુર શિયાળની વાર્તાથી તમે સૌ પરિચિત છો એ વાર્તાનો અંત બદલવાનો હોય તો તમે કેવા અંત રાખો ? કલ્પના કરીને લખો.

## વિશેષવાંચન

### શબ્દો

રસમ અહીંની જુદી, નિયમ સાવ નોખા
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા
હવાયેલી સળીઓ જ ભીતર ભરી છે
અહીંના જીવન જાણે કે બાકસનાં ખોખાં
લચ્યા'તા જે આંખે લીલા મોલ થઈને
હવે એ જ સપનાં છે સુક્કાં મલોખાં

તું તરસ્યાને આપે છે ચીતરેલાં સરવર
તને ટેવ છે તો કરે કોણ ધોખા
વહાવ્યા કરું આંગળીમાંથી ગંગા
કે ક્યારેક જો હાથ થઈ જાય ચોખ્ખા

– મનોજ ખંડેરિયા

## સ્વાધ્યાય

સ. ૧. તમને ગમતો શેર લખો. તે ગમવાનું કારણ પણ લખો.

સ. ૨. નીચેના શેરને તમારા શબ્દોમાં સમજાવો :

રસમ અહીંની જુદી, નિયમ સાવ નોખા
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા

FFUHPF

દવા અને દુઆ બંને ચમત્કાર કરી શકે.

# ૬. મારે તો માટી થવું હતું

**મણિલાલ હ. પટેલ**

કવિનો જન્મ ઇ.સ. ૧૯૪૯ના ૯ નવેમ્બરના રોજ ઈડરના, લુણાવાડા તાલુકાના મોટા પલ્લા ગામે થયો હતો. ઈડરની કૉલેજમાં અને સરદાર પટેલ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે કાર્યરત રહી ચૂકેલા કવિએ 'અર્વાચીન કવિતામાં પ્રણયનિરૂપણ' વિષય ઉપર મહાનિબંધ લખીને પીએચ.ડી. કર્યું હતું.


'પદ્મા વિનાના દેશમાં' અને 'સાતમી ઋતુ' તેમના કાવ્યસંગ્રહ છે. 'તરસઘર', 'ઘેરો', 'કિલ્લો' જેવી નવલકથાનું સર્જન પણ તેમણે કર્યું છે. ''અરણ્યોમાં આકાશ ઢોળાય છે'' નામના નિબંધસંગ્રહમાં તેમની અંગત આપવીતીની વાતો કરી છે. 'ચાલ, વૃક્ષને મળવા જઈએ' નિબંધસંગ્રહમાં પળે પળે પોતાને વિવિધ રૂપે પ્રત્યક્ષ થતી પ્રકૃતિની વાતો કવિએ કરી છે. કાકાસાહેબ કાલેલકર પારિતોષિક અને મુદ્રા ચંદ્રકનું સન્માન મેળવનાર મણિલાલભાઈ હાલમાં વલ્લભવિદ્યાનગરમાં સ્થાયી છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત પ્રકૃતિકાવ્યમાં પ્રકૃતિના અસ્તિત્વનો ઉત્સવ ઉજવાયો હોય તેવું અદ્ભુત વર્ણન છે. માટી થઈને બીજ બનીને ઊગવાની વાત કરીને કવિ અટકી જતા નથી પણ મ્હોરીને મ્હેંકી જવા સુધીની વાત કરે છે. ખેતરનો મોલ કેટલું બધું સહન કરે છે તેથી શીખવાની આદત તેણે કેળવી છે. કવિને ઋતુઓ જીવવી છે અને ભણવી પણ છે. પહાડો સુધી આંબવું છે, ઝરણું બનીને ગાવું છે અને પંખી બનીને આકાશ સુધી ઊડવું છે, પોતાના ટહુકામાં પ્રેમનું ગીત ગાવું છે. કૂંપળ, કળી ને પુષ્પ બનીને, સુગંધિત થઈને નક્ષત્ર લોકમાં પહોંચીને નક્ષત્રોની ઘ્રાણેન્દ્રિયને સજાગ કરવી છે. તરસી ધરતી પર વરસાદ થઈને વરસવું છે. પહેલા વરસાદની સોડમમાં ભળી જવું છે. નિરાંતને હૈયાવગી કરવી છે તો પુષ્પની ગોદમાં પતંગિયું બનીને જંપી જવું છે. આવું બધું કરીને પ્રકૃતિની સાથે તાદાત્મ્યતા સાધવી છે. આ બધું કરતાં કરતાં પહેલાં કવિને માણસ બનવું છે.

મારે તો માટી થવું હતું
બીજ બનીને ઊગવું હતું
મ્હોરીને મ્હેકવું હતું
ખેતરમાં મોલ બનીને
શીખવું હતું સહન કરતાં –
વૃક્ષ થઈને – ભણવી હતી ઋતુઓ...

પહાડોના કોતર કરાડો
ખૂંદવા હતાં ઝરણું થઈને
ગાવું હતું પ્રેમનું ગીત પંખી થઈને –
આંબવું હતું આકાશ...



કૂંપળ કળીને પુષ્પ થવું હતું
સુગંધિત પવન થઈને
પહોંચવું હતું નક્ષત્ર લોકમાં
વર્ષા બનીને વરસવું હતું
તરસી તરડાયેલી ધરતી પર
મ્હેંક થઈને મટી જવું હતું ઘડીક...

જરીક જંપી જવું હતું
પતંગિયું થઈને પુષ્પની ગોદમાં...
ને તે મને માણસ બનાવ્યો ?
અરે... અરે... મને પૂરેપૂરું -
ચાહતાંય ક્યાં આવડે છે હજી...?



## માર્ગદર્શક સ્તંભ

કૃતિના અધ્યાપનની શરૂઆતમાં વિદ્યાર્થીઓની મહત્ત્વાકાંક્ષા બાબત સમૂહચર્ચા કરીને પછી તેમના શોખ બાબત પણ જાણવાનો પ્રયત્ન કરી શકાય. જેમને પ્રવાસનો અર્થાત્ ફરવાનો વધારે શોખ હોય તેમની સાથેની વાત પરથી પ્રકૃતિના વિષય તરફ વિદ્યાર્થીઓને વાળી શકાય.

નાના નાના પ્રશ્નો પૂછીને કાવ્યના વિષયવસ્તુનો વિસ્તૃત પરિચય આપી શકાય. કુદરતી તત્ત્વો આપણા માટે જીવન જીવવાની પાઠશાળા સમાન કેવી રીતે સાબિત થાય છે તેના એકાદ-બે ઉદાહરણો આપ્યા પછી વિદ્યાર્થીઓ પાસેથી વધુ ઉદાહરણો કઢાવી શકાય.

કુદરતની પાઠશાળામાંથી જીવન જીવવાની જડીબુટ્ટી મેળવ્યા પછી કુદરત, માણસો, પશુ, પંખી દરેકને કેવી રીતે ચાહી શકાય તેની માટેના ઉપાયોની ચર્ચા કરીને તેને જીવનમાં અપનાવવા માટે પ્રેરણા આપી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) બી (૨) પાક (૩) પર્વત (૪) પ્યાસી
(૫) સુગંધ (૬) ફુદૂં (૭) ભેખડ (૮) મોસમ


**સ. ૨.** **કૂંપળ, કળી, પુષ્પ જેમ ચડતા ક્રમમાં છે તેમ નીચેની સંજ્ઞાઓને ચડતા ક્રમમાં ગોઠવો :**

(૧) બી, છોડ ---------
(૨) ઈયળ , --------- ---------
(૩) ઝરણું , --------- ---------
(૪) વરાળ , --------- ---------

**સ. ૩. વિસંગત શબ્દ ફરતે ગોળ કરો :**

(૧) મહેક, સુગંધ, ફૂલ, સોડમ
(૨) છોડ, તરુ, દ્રુમ, વૃક્ષ
(૩) પહાડ, ગિરિ, પર્વત, કોતર
(૪) ભૂમિ, જમીન, ધરતી, માટી
(૫) પ્રાણી, પંખી, પક્ષી, વિહગ
(૬) જળ, પાણી, સરિતા, વારિ

**સ. ૪. યોગ્ય શબ્દ બનાવી વાક્યમાં ઉપયોગ કરો :**




**સ. ૫. કૌંસમાંના શબ્દો યોગ્ય જગ્યાએ લખો :**

(મારે, મને, તારે, તેને, તને)

(૧) _______ તો માટી થવું હતું.
(૨) _______ પૃથ્વી પર વર્ષા બનીને વરસવું હતું.
(૩) _______ નવું નવું કરવાની હોંશ હતી.
(૪) _______ પ્રકૃતિની ગોદમાં ફરવાનું ગમતું હતું.
(૫) _______ પૂરેપૂરું ચાહતાંય ક્યાં આવડે છે હજી ?

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય પૂર્ણ કરો :**

(૧) વૃક્ષ થઈને _____________ભણવી હતી.

(અ) ઋચાઓ (આ) પુસ્તકો (ઇ) ઋતુઓ

(૨) સુગંધિત પવન થઈને પહોંચવું હતું _____________

(અ) નક્ષત્રલોકમાં (આ) પૃથ્વીલોકમાં (ઇ) પાતાળલોકમાં

**સ. ૭. નીચેના અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ શોધો :**

(૧) આપણને માણસ તરીકે કોઈને ચાહતા આવડતું નથી.
(૨) સુગંધ થઈને માટીમાં ભળી જવું હતું.
(૩) બીમાંથી ઊગીને મહેકવું હતું.
(૪) ઝરણું થઈને પ્રેમનું ગીત ગાવું હતું.

**સ. ૮. અધૂરાં વાક્યો પૂરા કરો :**

(૧) પંખી થઈને - _______________
(૨) વર્ષા બનીને - __________________
(૩) વૃક્ષ થઈને - _______________
(૪) ઝરણું થઈને - __________________
(૫) પતંગિયું થઈને - _______________
(૬) પવન થઈને - __________________

**સ. ૯. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

સ. ૧૦. અલંકાર ઓળખો : (૧) મારે તો માટી થવું હતું બીજ બનીને ઊગવું હતું.
(૨) પતંગિયું થઈને પુષ્પની ગોદમાં (૩) મ્હેંક થઈને મટી જવું હતું.

સ. ૧૧. કૃદંતનો પ્રકાર જણાવો :
(૧) વર્ષા બનીને વરસવું હતું. (૨) બીજ બનીને ઊગવું હતું. (૩) ખેતરમાં લહેરાતો પાક જુઓ.
(૪) વહેલા ઊઠી કામ કરવું ફાયદાકારક છે. (૫) તેણે આણેલાં પુષ્પો ફૂલદાનીમાં છે.

સ. ૧૨. કાવ્યમાંથી બીજા સંબંધક ભૂતકૃદંત શોધીને લખો.

★ પ્રકૃતિના દરેક તત્ત્વ આપણને શું શીખ આપે છે તેની વર્ગમાં સમૂહચર્ચા કરો : દા.ત. સૂરજ ... અતિ ઉગ્ર ન બનો.

## પ્રકલ્પ

★ બગીચામાં જઈ માળી પાસેથી માટીના પ્રકાર વિશે માહિતી મેળવી દરેકના નમૂના ભેગા કરી તેના ઉપયોગ વિશે લખો.

## પદ્ય વિશ્લેષણ

★ પ્રસ્તુત કવિતાનું પદ્યવિશ્લેષણ કરો.

## રસાસ્વાદ

★ નીચેના કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

પહાડોના કોતર કરાડો,
ખૂંદવા હતાં ઝરણું થઈને
ગાવું હતું પ્રેમનું ગીત પંખી થઈને -
આંબવું હતું આકાશ...

## વિશેષવાંચન

### પહેલો વરસાદ

પહેલે વરસાદે, કેમ કરી પામવા
મોસમના અઢળક મિજાજ ;

ઊભા રહો તો, રાજ, આંખ ભરી જોઈ લઉં
વાદળ ને વીજના રુઆબ.
વહેલી સવારથી ઘેરાયું આભ અને
આભમાં વરતાયું આષાઢી કહેણનું
વણછૂટચું બાણ ;

ઊભા રહો તો, રાજ, માણી લઉં બે ઘડી
આકાશી રાજનાં લહાણ;
પહેલે વરસાદે, રાજ, કેમ કરી પામવા
મોસમના અઢળક મિજાજ
વહેતી હવાને ચડે મઘમઘતું ઘેન અને
આભથી વછૂટે કેવાં મેઘભીનાં વેણનાં
રુમઝૂમતાં વહેણ ;


ઊભા રહો તો, રાજ, પૂછી લઉં કાનમાં
વરસાદી કેફની બે વાત;
પહેલે વરસાદે, રાજ, કેમ કરી પામવા
મોસમના અઢળક મિજાજ ;

- નીતા રામૈયા

## સ્વાધ્યાય

સ. ૧. કવયિત્રી મોસમના મિજાજને કઈ રીતે માણવા માંગે છે તે તમારા શબ્દોમાં જણાવો.
સ. ૨. પહેલા વરસાદથી કુદરતમાં થતાં ફેરફારને તમારા શબ્દોમાં વર્ણવો.

★ નીચેના ચિત્રોનું નિરીક્ષણ કરીને તમારે તમારા શબ્દોમાં એક વાર્તા લખી તેને યોગ્ય શીર્ષક આપવાનું છે.



FG4DR3

# ૭. ભાઈની બેનડી

– લોકગીત

**સૂર કૃતિનો**

ભાઈબહેનના નિર્મળ અને નિર્વ્યાજ પ્રેમ દર્શાવતું વર્ષાનુવર્ષોથી ચાલી આવતું પ્રસિદ્ધ લોકગીત છે. ભાઈ પોતાની નાની અને અતિશય વહાલી બહેનને લીમડાના ઝાડની ડાળીએ હીંચકો બાંધી હીંચોળે છે. તે વખતે લીંબોળી પણ જાણે ભાઈ–બહેનના આવા પ્રેમને નીરખીને આનંદથી ઝૂમી ઊઠે છે.

બહેનીને હીંચકાવતો ભાઈ પંખીઓને બોલાવી તેમને ડાળીઓ ઝુલાવવાની વિનંતી કરે છે. મીઠાં–મધુરાં ગીતો ગાઈને પંખીઓ પણ જાણે તે વિનંતી સ્વીકારીને ડાળીએ હીંચકવા માંડે છે.

બહેનીનો પ્રેમ કદી વર્ણવી શકાતો નથી. તેથી ભાઈ બહેની પ્રત્યેના પોતાના પ્રેમને અહીં સુંદર રીતે વ્યક્ત કરે છે.



કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઈની બેની લાડકીને ભાઈલો ઝુલાવે ડાળખી...

લીંબડીની આજ ડાળ ઝુલાવે, લીંબોળી ઝોલા ખાય
હીંચકો નાનો બેનનો એવો, આમ ઝુલણ્યો જાય
લીલુડી લીંબડી હેઠે, બેનીબા હીંચકે હીંચે... કોણ...

એ પંખીડા, પંખીડા, ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવ,
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો... કોણ...

આજ હીંચોડુ બેનડી, તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય,
કોયલ ને મોરલા બોલે, બેનીનો હીંચકો ડોલે... કોણ...

ભાઈલો ઝૂલાવે ... બેનડી ઝુલે...
ભાઈલો ઝુલાવે ડાળખી...

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં વિદ્યાર્થીઓને પરિચિત હોય તેવું લોકગીત સમૂહમાં ગવડાવી શકાય. ભાઈ-બહેનના નિર્ભેળ પ્રેમ અને નિ:સ્વાર્થ હેત વિશે ચર્ચા કરી શકાય. વર્ષ દરમ્યાન આવતા ભાઈ-બહેનના પ્રેમના તહેવારો વિશે ચર્ચા કરી શકાય.

લીમડાની ડાળીના હીંચકા સાથે વડની વડવાઈઓનો પણ ખ્યાલ આપી શકાય. પંખીઓના માણસજાત ઉપરના ઉપકારો વિશે ચર્ચા કરી શકાય.

સ્વાધ્યાયોમાં આપેલા વિવિધ પ્રકારના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને ચર્ચા, પ્રશ્નો અને માહિતીના માધ્યમથી કાવ્યનું અધ્યાપન કરાવી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) નીચે (૨) ડાળી (૩) પક્ષી (૪) નજીક
(૫) વહાલ (૬) વહાલી (૭) ઝુલો (૮) શુક

**સ. ૨. યોગ્ય શબ્દ મૂકો :**

(૧) લીમડાનું ફળ - ____________ (૨) સીતાફળીનું ફળ - ____________
(૩) આંબાનું ફળ - ____________ (૪) કેળનું ફળ - ____________
(૫) ચીકુડીનું ફળ - ____________ (૬) વડનું ફળ - ____________

**સ. ૩. શબ્દ અને તેના મૂળરૂપને યોગ્ય રીતે જોડો :**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) ઝૂલવું | (અ) સંભળાવવું |
| (૨) હાલવું | (આ) લખાવવું |
| (૩) લખવું | (ઇ) હલાવવું |
| (૪) સાંભળવું | (ઈ) ઝૂલાવવું |

**સ. ૪. 'ડું' પ્રત્યયનું યોગ્ય રૂપ લગાડી શબ્દ બનાવો :**

દા. ત. પંખીઓ - પંખીડાં

(૧) આંખ - ____________ (૨) મુખ - ____________
(૩) બેન - ____________ (૪) કોયલ - ____________
(૫) સાહેલી - ____________ (૬) ટીલી - ____________

**સ. ૫.** **ઓળખો :**

(૧) ડાળખી ઝુલાવનાર - _____________ (૩) ઝોલા ખાનાર - _____________

(૨) હીંચકે હીંચનાર - _____________ (૪) કાવ્યનો પ્રકાર - _____________

**સ. ૬.** **યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો :**

(૧) ભાઈ વહાલી બેનીને ઝુલાવે છે _____________

(અ) હીંચકે (આ) ડાળીએ (ઇ) વડવાઈએ

(૨) ભાઈ _____________ પ્રેમથી હીંચકવા કહે છે.

(અ) કોયલને (આ) પોપટને (ઇ) મોરને

(૩) કાવ્યમાં વાયુ માટે _____________ વિશેષણ વપરાયું છે.


(અ) શીતળ (આ) મધુર (ઇ) મીઠડો

(૪) _____________ હેતનું વર્ણન થઈ શકે નહિ.


(અ) બેનડીના (આ) ભઈલાના (ઇ) માતાના

**સ. ૭.** **લખો :**

(૧)




(૨)




**સ. ૮.** **લોકગીતનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૯.** **વિશેષણનું યોગ્યરૂપ મૂકી ખાલી જગ્યા પૂરો :**

(૧) (મીઠું) _____________ વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય.

(૨) (લાડકું) _____________ બેનડી તારા હેતનું મૂલ્ય ના અંકાય.

(૩) (લીલું) _____________ ધરતી શોભી રહી છે.

(૪) (વાંકું) _____________ રસ્તા પર ગાડી ચલાવવી મુશ્કેલ હતી.

(૫) (ટૂંકું) _____________ ખમીસ સારું લાગતું નહોતું.

**સ. ૧૦.** **બહુવચનમાં રૂપાંતર કરો :**

(૧) બેનનો હીંચકો નાનો છે. - ________________________________________

(૨) હું હીંચકો ખાઉં છું. - ________________________________________

(૩) તું હીંચકે બેસી જાય છે. - ________________________________________

(૪) પોપટ ઝાડ પર બેઠો છે. - ________________________________________

સ. ૧૧. સર્વનામ ઓળખી તેનો પ્રકાર લખો :

(૧) જે બેઠા રહે તે કોઈ ફળ પામે નહિ.
(૨) ઊંડો અભ્યાસ કરી મેં જાતે ગ્રંથ તૈયાર કર્યો.
(૩) અમે ભગવદ્ગીતા પર ખૂબ ચિંતન કર્યું.
(૪) આ આપણા ઘડવૈયા બાંધવ છે.
(૫) કોઈ ગુરુ મળી જાય તો હું શિષ્ય બનવા તૈયાર છું.
(૬) તમારા માર્ગદર્શક કોણ બનશે ?

★ વર્ગના વિદ્યાર્થીઓના જૂથ પાડીને નીચેના તહેવારો વિશે ચર્ચા કરો :

(૧) વીરપસલી (૨) રક્ષાબંધન (૩) પોષી પૂનમ (૪) ભાઈબીજ

## પ્રકલ્પ

★ ચં. ચી. મહેતાના ભાઈ-બહેન વિષયક કાવ્યો ઇન્ટરનેટની મદદથી શોધીને એક નાનકડી પુસ્તિકા તૈયાર કરો.

## પદ્ય વિશ્લેષણ

★ પ્રસ્તુત કવિતાનું પદ્યવિશ્લેષણ કરો.

## રસાસ્વાદ

★ નીચેના કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

આજ હીંચોડુ બેનડી, તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય

## વિશેષવાંચન

### દિવાળી

'ઇલા, દિવાળી ! દીવડા કરીશું ;
તારા સર્યા વ્યોમ થકી અહીં શું ?
કેવા ફટાકા અહીં આ ફૂટે છે !
આ કાનના તો પડદા તૂટે છે.'

'સૂણ્યા નથી તેં વીજના કડાકા !
એ સ્વર્ગમાંના ફૂટતા ફટાકા.
ત્યાં વાદળી વાદળીઓ અફાળી ;
સૌ દેવબાલો ઊજવે દિવાળી.'

'તું બ્હેન જ્યારે કદી લે અબોલા,
ઝીલું ન તારાં વચનો અમોલાં ;
મૂંગા ફટાકા દિલમાંહી ફૂટે,
ને એ સમે તો ઉરતંતુ તૂટે.'

– ચં. ચી. મહેતા

## સ્વાધ્યાય


સ. ૧. 'દેવબાળોએ ઉજવેલી દિવાળી' વિશે તમારા શબ્દોમાં લખો.

સ. ૨. તમે જાણતા હો તેવા ભાઈ-બહેનોના તહેવારો વિશે ટૂંકમાં લખો.

સ. ૩. બહેનના અબોલાને કારણે કવિના દિલમાં થતી અનુભૂતિને તમારા શબ્દોમાં વર્ણવો.

★ નીચેના ચિત્રોનું નિરીક્ષણ કરીને તેનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

વિષય : ઐતિહાસિક સ્મારકોનું જતન



ઐતિહાસિક ઈમારતોની જાળવણી આપણી અનિવાર્ય ફરજ છે.

FGD9SQ

# ૮. બાળપણની યાદ

## મનોજ્ઞા દેસાઈ

કવિ નરસિંહરાવ દિવેટિયાની દોહિત્રી મનોજ્ઞા દેસાઈનો જન્મ ઇ.સ. ૧૯૫૮ની ૨૫મી મેના રોજ મુંબઈમાં થયો હતો. આ 'સ્પીચ થેરાપીસ્ટ' કવયિત્રીને આકાશદર્શનનું ઘેલું હતું. ગીત, ગઝલ, અછાંદસ જેવા પ્રકારના કાવ્યોની સાથે તેમણે પરંપરાગત છંદોબદ્ધ કાવ્યોની રચના પણ કરી છે. તેમના કાવ્યોમાં પ્રકૃતિ, મનોભાવ, કમ્પ્યુટરની પરિભાષા પણ ડોકાય છે. ખગોળ અને સાહિત્યને સાંકળીને તેમણે 'વિરાટનો હિંડોળો' નામે એક સુંદર દશ્યશ્રાવ્ય તૈયાર કર્યું હતું.

'ભીતર કંઈક સમંદર' નામે કાવ્યસંગ્રહ અને 'સિગ્નેચર ટ્યૂન' નામે ટૂંકી વાર્તાઓનો સંગ્રહ એ સાહિત્ય ક્ષેત્રે તેમનું પ્રદાન છે. ઇ.સ. ૨૦૦૯ના ૧૩મી જાન્યુઆરીએ તેમનું અવસાન થયું હતું. મનોજ્ઞાબહેન વિશે લખાયેલા લેખનો સંગ્રહ ''સૌની મનોજ્ઞા'' પ્રગટ થયો છે.


## સૂર કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં બાળપણની યાદને તાજી કરતાં કવયિત્રી કહે છે કે 'અમે બાળપણમાં ઘણીબધી રમતો રમતાં – સાતતાળી, આંધળોપાટો, ફૂટબૉલ, પાંચીકા, થપ્પો જેવી રમતો રમીને માણેલો આનંદ ભૂલી શકાતો નથી. બાળપણ ગુમ થઈ ગયું હોવાથી બાળપણની રમતો પણ વિસરાઈ ગઈ છે.

બાળવય વટાવી દીધા પછી બાળકો કિશોરાવસ્થામાં પ્રવેશ્યા છે. દીકરીઓ સમય આવતાં પારકે ઘરે ચાલી જશે એ કલ્પના માત્રથી બાળપણના સંસ્મરણો હૃદયમાં સ્પંદનો જગાવી જાય છે.

બાળપણમાં લખોટી, દડા, ભમરડાની રમતો રમેલા, વાર તહેવારોની મજા માણેલી, મસ્તી કરેલી તેવી મીઠી યાદોને ભૂલી જઈ રૂમઝુમતા બાળપણને વિદાય આપતા કિશોરાવસ્થાને ઉંબરે ઊભેલા યુવાનો-યુવતીઓના મનોભાવને કવયિત્રીએ અહીં અસરકારક રીતે વ્યક્ત કર્યો છે.

સાત તાળી લીધી ને પછી ઊંચે જોયું ને ફરી જોયું તો બાળપણું ગુમ,
આખ્ખાય ઘરના હું ખૂણાઓ જોઈ વળી ફેંદી કાઢ્યા બધા રૂમ.
ઢીંગલીની આંખો મેં સાત વાર ખોલી ને પાંચીકા ખખડાવી લીધા.
જે જે જગ્યાએ હું સંતાતી ત્યાંય મેં સાદ જો ને કેટલાય દીધા !
ચૌદે ભાષામાં બોલાવી જોયું–વ્હેર આર યુ ? કહાં ગયે તુમ ?



આંધળિયો પાટો તો રમશે કદાચ ને આવશે કે કરી દઈશ થપ્પો.
રોકી પાડીશ એને ચીતરવા ઘર અને હોડી ને દડો ગોળગપ્પો ;
હોળીમાં ફુગ્ગા ને દિવાળી આવતાં શું ફોડીશ લવિંગયા કે લૂમ.

સોનાની ચરકલડી ઊડી ગઈ દૂર ને ભમરડો ભમવાનું ભૂલ્યો,
મોટેથી સાદ મેં જે દીધો આકાશે તે વાદળના ઝૂલણામાં ઝૂલ્યો;
સોનપરી, નીલપરી આવી કહે 'બાય' એનું પડઘાતું રુમઝૂમ રુમઝૂમ.



## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં શક્ય હોય તો ભાષિક રમત અથવા તો અંક રમત રમાડી શકાય. તે પરથી પ્રાથમિક શાળામાં અને ઉચ્ચ પ્રાથમિક શાળામાં તેઓ કેવી કેવી રમતો રમતા અને અત્યારે કેવી કેવી રમતો રમે છે તેની ચર્ચા દ્વારા બંને રમતોની તુલનાત્મક સમીક્ષા કરાવી શકાય.

બાળપણની રમતો માટે અત્યારની તેમની અનુભૂતિ જાણ્યા પછી કાવ્યના વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને કવયિત્રીના મનોભાવ વ્યક્ત કરી શકાય.

કિશોરાવસ્થામાં પ્રવેશ કર્યા પછી વિદ્યાર્થીઓ કેવી કેવી ભાવના ધરાવતા હોય છે તે વિશેનો ખ્યાલ આપી શકાય. આ રીતે પ્રસ્તુત કવિતાના અધ્યાપન દ્વારા બાળપણનું મહત્ત્વ અને કિશોરાવસ્થાની જવાબદારી બંને વિશેનો પરોક્ષ રીતે પરિચય કરાવી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) અવાજ (૨) ચકલી (૩) હીંચકો (૪) શૈશવ
(૫) ગાયબ (૬) નાવ (૭) દીપાવલી (૮) હેમ

**સ. ૨. 'પણ' પ્રત્યય લગાવી ભાવવાચક નામ બનાવો :**

(૧) નાનું (૨) ઘરડું (૩) સગા (૪) ગાંડું
(૫) ભોળું (૬) શાણું (૭) ડાહ્યું (૮) ગભ્રું

**સ. ૩. જુદાજુદા સંદર્ભે અર્થ લખો :**

દા.ત. મારા દાદાએ આજે મને <u>ખખડાવ્યો</u> – ઠપકો આપ્યો.
(૧) પાંચીકા <u>ખખડાવ્યા</u> – ---------------------------
(૨) મેં દરવાજો <u>ખખડાવ્યો</u> – ---------------------------
(૩) શેઠે નોકરને <u>ખખડાવ્યો</u> – ---------------------------
(૪) ઘર હોય ત્યાં વાસણ <u>ખખડે જ</u> – ---------------------------

**સ. ૪. વાક્યમાં ઉપયોગ કરો :**

(૧) ભમરડો (૨) ઝૂલણું (૩) ફુગ્ગો
(૪) દડો (૫) ખૂણો (૬) સોનું

**સ. ૫. યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો :**

(૧) અહીં _____________ ગુમ થવાની વાત છે.

(અ) બાળપણ (આ) ઘડપણ (ઇ) જુવાની

(૨) બાળપણને _____________ ભાષામાં સાદ દીધો.

(અ) સાત (આ) પાંચ (ઇ) ચૌદ

(૩) આંધળોપાટો રમતા બાળપણ મળી જશે તો કવયિત્રી તેને _____________ આપશે.

(અ) સાતતાળી (આ) થપ્પો (ઇ) દડો

(૪) બાળપણને 'બાય' કહેનાર _____________

(અ) સોનપરી, નીલપરી (આ) કિશોરાવસ્થા (ઇ) આકાશ

**સ. ૬. નીચેના અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ શોધો.**


(૧) દીકરી પારકે ઘરે ગઈ અને દીકરો સંસારમાં પડી ગયો.

(૨) બાળપણને રોકી રાખવા કવયિત્રી બાળપણની રમતોને યાદ કરે છે.

(૩) કવયિત્રીએ બાળપણને દરેક ભાષામાં બોલાવી જોયું.

(૪) ઘરના ખૂણેખાંચરે જોવા છતાં બાળપણનો પત્તો નથી.

**સ. ૭. લખો :**





**સ. ૮. 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે જોડો :**

'અ' વિભાગ




'બ' વિભાગ




**સ. ૯. કવિતાનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

સ. ૧૦. એકવચનમાં રૂપાંતર કરો :

(૧) હું ઘરના બધા ખૂણાઓ જોઈ વળી. (૨) મેં પાંચીકા હાથમાં લીધા.
(૩) તેઓ ભમરડા રમવાનું ભૂલી ગયા. (૪) અમે દિવાળીમાં લવિંગયાં ફોડીશું.
(૫) તમે ઢીંગલીઓથી રમો છો.

સ. ૧૧. કાવ્યમાંથી ભવિષ્યકાળ દર્શાવતાં ક્રિયાપદો શોધીને લખો.

સ. ૧૨. વિભક્તિનો યોગ્ય પ્રત્યય લગાવી વાક્ય પૂરાં કરો :

(૧) ગીતા સુજાતા___ ઘરે પહોંચી ગઈ. (૨) સુજાતા___ નીચા નમી એને વંદન કર્યાં.
(૩) બન્ને બહેનો જૂહુ ___ હોટેલ___ રહી. (૪) આજે જ અમેરિકા___ કાગળ આવ્યો.
(૫) સુજાતા___ અવાજ સાંભળીને ગીતા ક્ષણભર થંભી ગઈ.

★ દરેક વિદ્યાર્થીઓ પોતાના બાળપણનો એક યાદગાર પ્રસંગ કહેશે.

## પ્રકલ્પ

★ મેદાની રમતો અને ઇનડોર રમતો જે તમને ગમતી હોય તેની માહિતી અંતર્ગત તે રમતોના નામ, રમવાના નિયમો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતવીરોના નામ મેળવીને ભીંતપત્રક બનાવો.

## પદ્ય વિશ્લેષણ

★ ઉપરોક્ત કાવ્યનું પદ્ય વિશ્લેષણ કરો.

## રસાસ્વાદ

★ નીચેના કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

મોટેથી સાદ મેં જે દીધો આકાશે તે વાદળના ઝૂલણામાં ઝૂલ્યો;
સોનપરી, નીલપરી આવી કહે 'બાય' એનું પડઘાતું રુમઝૂમ રુમઝૂમ.


## વિશેષવાંચન

### અલ્લક-મલ્લક

અલ્લક મલ્લક લાગણીઓની ઝાલર વાગે રણઝણ
ઝાકળ જેવી માંગણીઓની ઝાલર વાગે રણઝણ

ઝાડ વચાળે પંખી બોલે છલ્લક છલ્લક
ટહુકાની ગઠડી ખોલે છલ્લક છલ્લક
શ્વાસ શ્વાસમાં લાગણીઓની ઝાલર વાગે રણઝણ
અલ્લક મલ્લક લાગણીઓની ઝાલર વાગે રણઝણ

નભથી ઉતારે વાદળનું વરદાન ભીનું, તથાસ્તુ !
કાચી કાચી નીંદર માંગે સ્વપ્ન ઉછીનું, તથાસ્તુ !
ખળખળ વહેતી ઝરણીઓની ઝાલર વાગે રણઝણ



અલ્લક મલ્લક લાગણીઓની ઝાલર વાગે રણઝણ

પતંગિયાનું ટોળું થઈ ને અવસર ઉડતા આવે મબલખ
રંગબેરંગી સપનાઓની ફાટ ભરીને લાવે મબલખ
ભીતર લખલખ લાગણીઓની ઝાલર વાગે રણઝણ
અલ્લક મલ્લક લાગણીઓની ઝાલર વાગે રણઝણ

– લાલજી કાનપરિયા

## સ્વાધ્યાય

પ્ર. ૧. કવિના હૃદયમાં થયેલી જુદાજુદા સમયની લાગણીઓને વર્ણવો.

પ્ર. ૨. કાવ્યની છેલ્લી ચાર પંક્તિને તમારા શબ્દોમાં સમજાવો.

પ્ર. ૩. આ કાવ્યમાં કવિના હૃદયમાં પ્રગટ થતો પ્રકૃતિપ્રેમ તમારા શબ્દોમાં લખો.

### લેખન કૌશલ્યનો મહાવરો

★ સિંહ અને ઉંદરની વાર્તામાં એક નાનકડો ઉંદર વનરાજને આઝાદ કરે છે. તે તમે જાણો છો પણ અહીં એ અત્યંત જાણીતી વાર્તાનો અંત તમારે તમારી બુદ્ધિથી વિચારીને બદલવાનો છે.

★ તમારી શાળામાં ઉનાળાની રજાઓ દરમ્યાન 'ગ્રીષ્મશિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું ઉદ્ઘાટન કરવા મુખ્ય મહેમાન તરીકે રાષ્ટ્રીય સ્તરના એક જાણીતા ખેલાડી આવ્યાં હતા. આ પ્રસંગનો અહેવાલ તૈયાર કરો.

★ યંત્ર-મિત્ર કે શત્રુ ? બે મિત્રો વચ્ચે આ વિષય ઉપર ભારે દલીલો થાય છે. તો આ દલીલોને સંવાદરૂપે ૧૦ થી ૧૨ લીટીમાં લખો.

★ તમારી સાસરે ગયેલી બહેનને તમે બહુ યાદ કરો છો. તેના તરફની લાગણીને વ્યક્ત કરતો પત્ર લખો.

★ 'મારા બાળપણનો યાદગાર પ્રસંગ' વિશે લગભગ ૧૦૦ શબ્દોમાં નિબંધ લખો.

આસપાસ, આકાશમાં, અંતરમાં આવાસ;
ઘાસ-ચાસની પાસ પણ, ઈશ્વર તારો વાસ.

FGM5UD

# ૧. અરુણિમા સિંહનો એવરેસ્ટ વિજય

- સંકલિત

**સૂર કૃતિનો**

આ કૃતિ એક એવી યુવતીનું રેખાચિત્ર છે જેનામાં આત્મવિશ્વાસનો દરિયો ઉછળે છે, જેનું નામ છે અરુણિમા સિંહ. તે રાષ્ટ્રકક્ષાના વૉલીબૉલ ખેલાડી છે. એક વખત રાત્રે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે લૂંટારાઓ તેમને ટ્રેનમાંથી ફેંકી દે છે. બરાબર એ જ વખતે સામેથી આવતી ટ્રેન નીચે પગ કપાઈ જાય છે. છતાં તેઓ હિંમત હારતા નથી. એનેસ્થેશિયાની સુવિધાના અભાવને લીધે ડૉક્ટર પણ ચિંતિત હતા ત્યારે એનેસ્થેશિયા વગર ઓપરેશન કરવાની તેઓ પોતે તૈયારી બતાવે છે અને ડૉક્ટરની ચિંતા દૂર કરે છે. નવાઈની વાત તો એ છે કે એ જ ક્ષણે તેઓ એવરેસ્ટ સર કરવાનું સ્વપ્ન સેવે છે. એક યુવતીના આત્મવિશ્વાસની આ પરાકાષ્ટા જ છે ને ?વળી પોતાના આ સ્વપ્નને સાકાર કરવા તેઓ અનેક મુશ્કેલીનો હિંમતભેર સામનો કરે છે અને એવરેસ્ટ સર કરીને જ રહે છે. સિવાય વિશ્વનાં બીજાં શિખરો પણ સર કરે છે. આ બાબત પરથી આપણે નિ:શંકપણે કહી શકીએ કે, 'પંગુ: લંઘયતે ગિરિમ્' સુભાષિતને અરુણિમાએ સાર્થક કરી બતાવ્યું. આ સત્યઘટના દ્વારા આપણે પ્રેરણા મેળવવાની છે અને આત્મવિશ્વાસ કેળવીને આપણા પોતાના સ્વપ્નને સાકાર કરવા કટિબદ્ધ બનવાનું છે.

તાજેતરમાં ભારતની એક યુવતીએ પુરુષોને પણ સલામ ભરવાનું મન થાય અને પ્રેરણા લેવાનું પોરસ ચડે એવું કામ કરી બતાવ્યું. આ નામ છે અરુણિમા સિંહ ઉર્ફે સોનું. માત્ર ૨૬ વર્ષની અરુણિમાએ જે કરી બતાવ્યું એ દિશામાં વિચારનારા પણ બહુ ઓછા મળશે.

ઉત્તર પ્રદેશમાં લખનઉના આંબેડકર નગરના ૫, કાલિદાસ માર્ગ પર રહેતા અરુણિમા સિંહ રાષ્ટ્રીયકક્ષાના વૉલીબૉલ પ્લેયર હતા. પોલીસ પરીક્ષા પાસ કરીને સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (સી. આઇ. એસ. એફ.)માં જોડાવા અરુણિમાને દિલ્હી જવાનું હતું. ૨૦૧૧ની ૧૧મી એપ્રિલે લખનઉથી દિલ્હી જવા માટે તેઓ પદ્માવત એક્સપ્રેસમાં બેઠાં. વૉલીબૉલ રમતના આ રાષ્ટ્રીય ખેલાડી જનરલ ડબામાં પ્રવાસ કરતાં હતાં. એ કેવી વિચિત્રતા ?આ ડબામાં તેમની બેગ અને સોનાની ચેન આંચકવા આવેલા બદમાશોનો તેમણે હિંમતભેર સામનો કર્યો પણ અનેક સામે એકલી નારી ક્યાં સુધી અને કેટલું લડી શકે ?સડસડાટ દોડતી ટ્રેનમાંથી તેમને બહાર ફેંકી દેવાયાં. આટલી વેદના ઓછી હોય એમ પાટા પર પડેલા અરુણિમાના ઘૂંટણથી નીચેના પગ પર સામેથી આવતી ટ્રેન ફરી વળી. રાતના અંધકારમાં સાત કલાક અરુણિમા અસહ્ય પીડા વચ્ચે પાટા પર કણસતાં પડ્યાં રહ્યાં. ૪૯ ટ્રેન પસાર થઈ પણ કોઈ વહારે ન આવ્યું. અંતે એમને બરેલી લઈ જવાયાં પણ ત્યાં વધુ આકરી કસોટી થવાની હતી.

બરેલી ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં દોડધામ મચી ગઈ હતી. અરુણિમાના પગનું ઓપરેશન હતું. પરંતુ અહીં ન હતી લોહી માટે વ્યવસ્થા કે ન હતી દર્દીને બેહોશ કરવાની સગવડ ! ડૉક્ટર અને નર્સ વચ્ચેની ચર્ચા અરુણિમાએ


અર્ધભાનાવસ્થામાં સાંભળી. તેમણે ડૉક્ટરને કહ્યું : 'મારો પગ કપાયો..., હું આખી રાત પાટા પર પડી રહી; ભયંકર વેદના સહન કરી. હવે તો મારા ભલા માટે મારો પગ કાપશો ને ?હું સહન કરી લઈશ.' આ નીડરતા જોઈને ડૉક્ટર અને નર્સ દંગ રહી ગયાં. પછી તો હૉસ્પિટલના ડૉક્ટર અને ફાર્માસિસ્ટે રક્તદાન કર્યું અને એનેસ્થેસિયા વગર અરુણિમાના પગનું ઓપરેશન કરાયું.

આ ઘટનાને લીધે ચોમેર ખૂબ આક્રોશ વ્યાપી ગયો પરંતુ તબિયતમાં જોઈએ તેવો સુધારો થયો ન હતો. અંતે ૧૮મી એપ્રિલે દિલ્હીની ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સીસમાં ખસેડાયાં. અહીં તેમને કૃત્રિમ પગ મળ્યો.

અરુણિમા ભૂલી શકતા નહોતાં કે રાતના અંધકારમાં પોતાનો ડાબો પગ ફક્ત ચામડીભેર લટકતો હતો. જમણા પગના હાડકાના પણ ઘણાં ટુકડા થઈ ગયા હતાં. કરોડરજ્જુમાંય તિરાડ પડી હતી. તેઓ પીડાથી ચીસો પાડતા હતાં, રડતાં હતાં પણ સાંભળવાવાળું કોઈ નહોતું. હા, થોડા ઉંદરો માંસના લોચાની મિજબાની કરવા નજીક આવતા હતા. બીજું કોઈ હોત તો આ અકસ્માતની પીડા અને ઓપરેશનથી હતાશ થઈ જાય, જીવનમાં રસ ગુમાવી બેસે પણ અરુણિમા સિંહ કંઈક અલગ માટીમાંથી ઘડાયેલાં હતાં.

આ બધી પીડા-વેદના ઓછી હોય એમ પડતાંને પાટું મારવાનું કામ કર્યું પોલીસે. પોતાને ચાલુ ટ્રેનમાંથી ફેંકી દેવાયાની અરુણિમાની વાત પર પોલીસે શંકા જાહેર કરી. પોલીસે ધડાકો કર્યો કે અરુણિમાના આપઘાત કરવાના પ્રયાસમાં અકસ્માત થયો હોવો જોઈએ. હિંમતભેર અરુણિમાએ સ્પષ્ટ શબ્દોમાં પોલીસના દાવાને જૂઠો ગણાવ્યો. અલ્હાબાદ હાઈકોર્ટની લખનઉ બેન્ચે પણ પોલીસના દાવાને ફગાવી દીધો અને તેમને પાંચ લાખનું વળતર ચૂકવવા રેલવેને આદેશ આપ્યો.

રાષ્ટ્રીય સ્તરના ખેલાડી, આવો ગંભીર અકસ્માત, એક પગ કાયમ માટે ગુમાવવો, આક્ષેપો-આરોપો, રાહતને નામે મજાક, પીડા, હતાશા અને અંધકારમય ભાવિ જેવી વિકરાળ પરિસ્થિતિમાં અન્ય કોઈપણ હોત તો ચૂપચાપ રાહતની રકમ બેંકમાં જમા કરાવીને વધુ સારી નોકરી લઈને ઠરીઠામ થાત. બધા અરુણિમા પ્રત્યે દયા- અનુકંપાથી જોતાં હતાં એ જ એમને ગમતું નહોતું. અરુણિમાએ હૉસ્પિટલમાં એકદમ અલગ નિર્ણય લઈ લીધો હતો - એવરેસ્ટ સર કરવાનો ! કેવી ગજબની હિંમત ! આ માટેની પ્રેરણા મળી સ્ટાર ક્રિકેટર યુવરાજ સિંહની કેન્સર સામેની વિજયી લડતમાંથી. સારવારના દિવસોમાં યુવરાજ સિંહ અને હરભજન સિંહે કરેલા ફોનથી અરુણિમાનો જુસ્સો ઓર વધ્યો. આ બંને ક્રિકેટરોએ રૂપિયા એક-એક લાખની મદદ પણ કરી. દિલ્હીની હૉસ્પિટલમાં ગાળેલા ચાર મહિના અત્યંત પીડાદાયક હતા; દુઃખદ અનુભવ હતો, પરંતુ એમની પાસે આંસુ સારવાનો સમય ક્યાં હતો ?એક મહત્ત્વનો પડકાર માતાને મનાવવાનો હતો. માતાની દલીલ સાચી હતી કે એક પગ તો ગુમાવ્યો બીજામાં સળિયો છે. કરોડરજ્જુમાં તિરાડ છે. એમાં એવરેસ્ટ કેવી રીતે ચડાય ? પણ એ ન જ માન્યાં. કેટલાકે તો એમને પાગલ પણ ગણાવ્યા. જો કે પરિવારે આ સંકટના સમયમાં અરુણિમાને સંપૂર્ણ સાથ, સહકાર અને હૂંફ આપ્યાં. આમ જોશમાં નિર્ણય લીધા બાદ સગવડિયો ધર્મ અપનાવીને પાણીમાં બેસી જવાને બદલે અરુણિમા ઉત્તરકાશીની નેહરુ ઇન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટનિયરિંગની તાલીમમાં ઝળકી ઊઠ્યાં. આગામી પગલું ભર્યું; એવરેસ્ટ ફતેહ કરનારી પ્રથમ ભારતીય મહિલા બચેન્દ્રી પાલનો સંપર્ક સાધવાનું. ૨૦૧૨માં તેમણે બચેન્દ્રી પાલ પાસે પર્વતારોહણની તાલીમ લેવાનું શરૂ કરી દીધું.



૧૯૮૫માં એવરેસ્ટ સર કરનારા પ્રથમ મહિલા બચેન્દ્રી પાલે અરુણિમાના નિશ્ચયની અડગતા જોઈ કહ્યું, ‘‘એવરેસ્ટ જેવા દુર્ગમ પર્વતના આરોહણ વિશે વિચારીને તે અંતરમાં તો એને સર કરી જ લીધો છે. માત્ર હવે જગતને બતાવવા ખાતર ત્યાં જઈ ચડવાનું બાકી છે !!’’ બચેન્દ્રી પાલના શબ્દોએ એમનામાં અનેરી હિંમત અને ઉત્સાહ ભરી દીધાં. તાલીમના આરંભે પર્વત ચઢવા બધાં સાથે નીકળતાં ત્યારે અરુણિમાને સલાહ મળતી, ‘‘તું ધીમે ધીમે આવ.’’ તે અકળાતાં અને વધુ મહેનત કરતાં. આઠ મહિના બાદ પરિસ્થિતિ બદલાઈ ગઈ. અરુણિમા સામાન ઉપાડીને સૌની સાથે નીકળતાં પણ સૌથી પહેલાં પહોંચતાં.

જો કે આ બધું જરાય આસાન નહોતું. પહેલી કસોટી શેરપાને સમજાવવાની. શેરપાએ જાણ્યું કે અરુણિમાનો કૃત્રિમ પગ છે. તો તેણે કહી દીધું કે એ તેને નહિ લઈ જઈ શકે. શેરપાને પોતાને જીવનું જોખમ ખેડવું પડશે એમ વિચારી તે આનાકાની કરતો હતો. ખૂબ સમજાવટને અંતે તે રાજી થયો. બર્ફીલા પહાડો વચ્ચેથી એવરેસ્ટ તરફ પ્રયાણ કર્યું ત્યારે બીજી કસોટી કૃત્રિમ પગને લીધે થઈ. વારંવાર કૃત્રિમ પગ ફરી જતો, ખસી જતો અને એના પર શરીરનું વજન લેવાતું નહિ, આગળ ચલાતું નહિ, પરંતુ તેમણે પ્રયાસો ચાલુ રાખ્યા. આગળ વધતાં આ માર્ગે તેમણે અનેક પર્વતારોહકોને મૃત્યુની ચાદર ઓઢી સૂતેલા જોયા. આ મૃત સાહસવીરોને મનોમન વચન આપ્યું કે, ‘‘હું તમારા સૌ વતી એવરેસ્ટ સર કરીશ અને જીવતી પાછી આવીશ.’’

આ સાહસમાં સૌથી સારો સાથ-સહકાર મળ્યો મોટાભાઈ ઓમપ્રકાશનો. હાડ ઠારી નાખતું હવામાન અને ખભા પર ભાર. આનાથી ટેવાઈ જવા માટે છાતી સમા બરફવાળા મુડગતાલમાં પ્રેક્ટીસ કરી. એવરેસ્ટ ચડાણના

ટ્રાયલ રન તરીકે ૨૦૧૨માં જ અરુણિમા આયલેન્ડ પીકની ૬૧૫૦ મીટરની ટોચને આંબી ગયા. કૃત્રિમ પગની મર્યાદાને તેમણે પોલાદી મક્કમતાથી ઓગાળી નાખી. પછી વારો આવ્યો ૬૫૨૨ મીટર ઊંચા માઉન્ટ ચાસ્મેર કાંગડીનો. પરફેક્શન, પ્રેક્ટિસ અને ધગશ સાથે જ અરુણિમાને કપરું સપનું સાકાર કરવું હતું.

જાણે પડકારો અરુણિમાના પ્રેમમાં પડ્યા હોય એમ કેડો મૂકતા જ નહોતા. અરુણિમા હિલેરી સ્ટેપ પહોંચ્યા, ત્યાંથી એવરેસ્ટ પહોંચાય છે... ત્યાં શેરપાએ આઘાતજનક વાત કહી : અરુણિમાની બોટલનો ઑક્સિજન પૂરો થઈ ગયો છે અને તેણે પાછા ફરવું જોઈએ. ''જિંદગી સલામત હશે તો ફરી પ્રયત્ન કરી શકાશે.'' અરુણિમાને માતા અને બચેન્દ્રી પાલના શબ્દો સાંભર્યા, ''તમે જીવનમાં એકલા રહી જાવ છો ત્યારે નિર્ણય માત્ર તમારે જ લેવો પડે. વિચારવું પડે કે એક-એક ડગ માંડીને હું અહીં સુધી પહોંચી છું. એ પળે પાછળ નજર કરી એક કદમ આગળ માંડજે, રસ્તો આપોઆપ મળી જશે.'' અરુણિમાએ જીવનું જોખમ ખેડવાનો સંકલ્પ કર્યો. એક ડગલું આગળ મૂક્યું ઇતિહાસ રચવા ભણી, જે દોઢ કલાકમાં પૂરું થવાનું હતું.

મિશન એવરેસ્ટના શ્રીગણેશ થયા હતા ૨૦૧૩ની પહેલી એપ્રિલે. ઇન્સ્ટ્રક્ટર સુસેન માહતો સાથે જોશ, જોમ, હામ અને હિંમતભર્યા ૧૭-૧૭ કલાકના અપ્રતિમ સાહસ-પરાક્રમ બાદ અરુણિમાએ એવરેસ્ટ પર તિરંગો ફરકાવ્યો. ત્યારની એમની લાગણી વર્ણવી ન શકાય એવી હતી. સમય હતો ૨૦૧૩ની ૨૧મી મેના સવારે ૧૦-૫૫ કલાકનો... મંગળવારે સાકાર થયું મંગળ સપનું.

ખુદ અરુણિમા સિંહને પોતાની સફળતા પર વિશ્વાસ બેસતો નહોતો. આનંદના અતિરેકમાં બૂમો પાડીને દુનિયાને બતાવવું હતું કે એક દિવ્યાંગ અને મધ્યમવર્ગીય છોકરી ધારે તો શું ન કરી શકે ?એવરેસ્ટ ઉપર અરુણિમાએ ત્રિરંગા સાથે ફોટા પડાવ્યા. શેરપા પાસે વીડિયો શૂટિંગ પણ કરાવ્યું. સમય વીતતો જતો હતો અને તેમનો ઑક્સિજન પૂરો થઈ રહ્યો હતો. શેરપા ગુસ્સે થતો હતો. અરુણિમા સમજતા હતા કે પોતે કદાચ જીવતા નહિ રહી શકે. પરંતુ તે શેરપા સાથે એ વીડિઓ યુવાવર્ગને પહોંચાડવા માગતાં હતાં, જેથી યુવાનો પડકાર સામે લડતાં શીખી શકે. હજારો ફૂટની ઊંચાઈ પર લોહી થીજાવી દેતી ઠંડીમાં અરુણિમા ઝડપથી શેરપા સાથે પાછાં ફરી રહ્યાં હતાં અને અચાનક પ્રાણવાયુનો જથ્થો ખલાસ. અરુણિમા પડી ગયાં. શેરપા સમયની નજાકત પારખીને ઊભા થવા માટે સમજાવવા માંડ્યો પરંતુ હવે અરુણિમામાં તાકાત જ નહોતી. એમની માટે જાણે ઈશ્વરે મદદ મોકલી દીધી. એક પરદેશી પર્વતારોહક પાસે ઑક્સિજનના બે બાટલા હતા. જેમાંથી એક તેણે અરુણિમા તરફ ફેંક્યો. આ ચમત્કારિક મદદના જોરે અરુણિમા ઘસડાતાં-ઢસડાતાં નીચે ઊતરવા માંડ્યાં, વચ્ચે કૃત્રિમ પગ નીકળી ગયો, હાથ થીજી ગયાં, પછી એમાંથી લોહી વહેવા માંડ્યું. તેઓ પડે, ઊઠે, રડે પણ હિમ્મત ન હારે. ૧૬ કલાકની આ કપરી મુસાફરી ૨૪ કલાકે પૂરી થઈ.

તળેટીમાં સૌએ અરુણિમા સિંહને જીવતા જોવાની આશા છોડી દીધી હતી પણ અંતે હિમ્મત, માનસિક મનોબળ અને મક્કમતાનો એવરેસ્ટ પાછો આવ્યો, જીવતો જાગતો. સૌ હર્ષથી નાચવા માંડ્યા. કોઈ અભિનંદન આપે ને કોઈક સ્તબ્ધ થઈને આ યુવતીને જોઈ રહ્યાં.

એવરેસ્ટ બાદ આ સિંહણે યુરોપનું એલ્બ્રુસ અને આફ્રિકાનું કિલીમાંજરો પણ સર કર્યું. આ સફળતાને પગલે મળેલાં ઈનામોની રકમનો ઉપયોગ અરુણિમા ગરીબ અને દિવ્યાંગ માટે નિઃશુલ્ક સ્પોટર્સ ઍકેડેમી પાછળ ખર્ચવા માંગે છે. અરુણિમા સિંહે પોતાનું જીવન સમાજ કલ્યાણને સમર્પિત કર્યું છે. સોનુ, તુઝે સલામ !

### માર્ગદર્શક સ્તંભ

એકાદ સત્યઘટના આધારિત પ્રેરકપ્રસંગ કહીને પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆત કરી શકાય. અરુણિમાના જીવનની ઉપરોક્ત માહિતી વાર્તારૂપે કહ્યા પછી વિષયવસ્તુને સંબંધિત લઘુત્તરી તેમજ વિચારપ્રેરક પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓને કૃતિના વાંચનમાં સક્રિય રાખવા અરુણિમાના નિર્ણયોની વિદ્યાર્થીઓ ઉપર થયેલી અસર જાણવી. ઓછો આત્મવિશ્વાસ ધરાવતા કે થોડા ગભરું વિદ્યાર્થીઓને નિર્ભય બનાવવાની તેમજ પ્રબળ આત્મવિશ્વાસ દઢ કરવાની તક ઝડપી લઈ તે માટે પરોક્ષ પ્રયત્નો કરી શકાય. ટ્રેનમાં અરુણિમા સાથે બનેલી ઘટનાના સંદર્ભે અન્ય મુસાફરોના મૌનવર્તન બાબત ચર્ચા કરી વિદ્યાર્થીઓને સત્યના પક્ષે ઊભા રહેવા પ્રેરિત કરી શકાય. બ્રિટિશ પર્વતારોહક તરફથી મળેલી આકસ્મિક મદદ ઉપરથી વિદ્યાર્થીઓમાં શ્રદ્ધા દઢ કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં આપેલો શબ્દ શોધો :**

(૧) શોણિત (૨) મુશ્કેલ (૩) રોમ (૪) પ્રસ્થાન
(૫) આહ્‌વાન (૬) પરિશ્રમ (૭) સહીસલામત (૮) યાતના

**સ. ૨. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો :**

(૧) જોખમ ખેડવું (૨) પોરસ ચડાવવું
(૩) આભા બની જવું (૪) સમયની નજાકત પારખવી

**સ. ૩. પહેલી જોડીનો સંબંધ ઓળખીને બીજી જોડી પૂર્ણ કરો :**

(૧) ઉત્સાહ : નિરુત્સાહ કૃત્રિમ : ___________________________

(૨) વિજય : પરાજય સ્મરણ : ___________________________

**સ. ૪. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) પર્વત ઉપર ચડવાની ક્રિયા ___________________________

(૨) પર્વત ઉપર ચડનાર વ્યક્તિ ___________________________

(૩) શારીરિક રીતે એકાદ અવયવની કાર્યક્ષમતામાં ખામી કે ઊણપ ધરાવતી વ્યક્તિ _____________

(૪) માનવનિર્મિત વસ્તુ ___________________________

**સ. ૫. ‘હિંમતે મર્દા તો મદદે ખુદા’ આ કહેવત છે. તમને આવડતી અન્ય પાંચ કહેવતો લખો.**

સ. ૬. 'ચામડીભેર' એટલે 'ચામડી સાથે'. નીચેના શબ્દોને 'ભેર' લગાડી શબ્દ બનાવો. તે શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો :

શ્વાસ

ઉમંગ

હિંમત

ઉત્સાહ

ભેર

------------------

------------------

------------------

------------------

સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન પૂર્ણ કરો :

(૧) અરુણિમાએ પોતાના જીવનની દિશા બદલવાનું નક્કી કર્યું. કારણ કે ------------------

(અ) પોતાના અકસ્માત વિશેની સચ્ચાઈને કોઈએ માની નહિ

(આ) જહાં ચાહ વહાં રાહ એ ન્યાયે (ઇ) વર્તમાનપત્રના સમાચાર વાંચીને તેને દુ:ખ થયું

(૨) લોકોએ અરુણિમાને પાગલ ગણી. કારણ કે ------------------

(અ) તે પર્વતારોહણની તાલીમ લઈ શકે તમે નહોતી

(આ) પગ વગરના માટે પર્વતારોહણ અશક્ય ગણાય (ઇ) તેણે અશક્ય બાબત કરવાનું નક્કી કર્યું હતું

(૩) શેરપા અરુણિમાને લઈ જવાની આનાકાની કરતો હતો. કારણ કે ------------------

(અ) તેને અરુણિમાના કૃત્રિમ પગની જાણ થઈ ગઈ

(આ) અરુણિમાના આત્મવિશ્વાસ પર તેને શ્રદ્ધા નહોતી

(ઇ) તે પોતાના જીવનું જોખમ ખેડવા તૈયાર નહોતો

સ. ૮. ઓળખો :

(૧) વૉલીબોલની રાષ્ટ્રકક્ષાની રમતવીર - ------------------

(૨) અરુણિમાની સોનાની ચેઈન ખેંચવાનો પ્રયાસ કરનાર - ------------------

(૩) અરુણિમાને પ્રેરણા સાથે આર્થિક મદદ કરનાર ક્રિકેટરો - ------------------

(૪) ૧૯૮૫માં એવરેસ્ટ સર કરનાર ભારતીય પ્રથમ મહિલા - ------------------

(૫) એવરેસ્ટ પર અરુણિમાને ઑક્સિજનનો બાટલો આપનાર - ------------------

સ. ૯. સમજીને લખો :

(૧) અકસ્માતમાં અરુણિમાને થયેલી ઈજાઓ

ડાબો પગ જમણો પગ કરોડરજ્જુ

(૨) અરુણિમાએ સર કરેલાં બધાં શિખરો.

(૩) બરેલી ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલની ચિંતાજનક બાબતો

(૪) સંકલ્પ શક્તિ દૃઢ હોવા છતાં અરુણિમા સામેના બે કપરા પ્રશ્નો

**સ. ૧૦. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ ભરો :**

(૧) બધાં અરુણિમા પ્રત્યે __________________ જોતાં હતાં.

(૨) એક પરદેશી પર્વતારોહકે __________________ બાટલો અરુણિમા તરફ ફેંક્યો.

(૩) અરુણિમાને __________________ તિરાડ પડી હતી.

(૪) __________________ સંકટના સમયમાં અરુણિમાને સંપૂર્ણ સાથ, સહકાર અને હૂંફ આપ્યા.

(૫) એવરેસ્ટ ઉપર અરુણિમાએ __________________ સાથે ફોટા પડાવ્યા.

**સ. ૧૧. લક્ષ્યને પામવા અરુણિમા સામે રહેલી કસોટીઓને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) બોટલનો ઑક્સિજન પૂરો થઈ ગયો. __________________

(૨) શેરપાને સમજાવવો. __________________

(૩) કૃત્રિમ પગ નીકળી ગયો. __________________

(૪) કૃત્રિમ પગ વારંવાર ફરી જતો હતો. __________________

**સ. ૧૨. પાઠમાંથી શોધીને વાક્યો લખો :**

(૧) અરુણિમાએ હિંમતથી ડૉક્ટરને કહ્યું કે __________________

(૨) અરુણિમાએ મૃત સાહસવીરોને મનોમન વચન આપ્યું કે __________________

(૩) આનંદના અતિરેકમાં અરુણિમાએ દુનિયાને બતાવવું હતું કે __________________

(૪) ઈનામોની રકમનો ઉપયોગ અરુણિમાએ __________________

(૫) શેરપા મારફતે કરાવવાની અરુણિમાની ઇચ્છા __________________

**સ. ૧૩. કહો ક્યાં...**

(૧) અરુણિમાએ પર્વતારોહણ કરવાનું નક્કી કર્યું __________________

(૨) બરેલીની હૉસ્પિટલમાંથી અરુણિમાને ખસેડવામાં આવી __________________

(૩) અરુણિમા સાત કલાક પડી રહી __________________

(૪) પદ્માવત એક્સપ્રેસમાં અરુણિમા જતી હતી __________________

(૫) બદમાશોએ અરુણિમાને ફેંકી દીધી __________________

**સ. ૧૪. 'વ્યક્તિ શરીરથી નહિ, મનથી વિકલાંગ બને છે.' આ ઉક્તિને તમારા શબ્દોમાં સમજાવો.**

**સ. ૧૫. સંધિ છૂટી પાડો :**

(૧) પર્વતારોહણ (૨) દુર્ભાગ્ય (૩) સદ્‌ગુણ

(૪) નિસ્તેજ (૫) બેભાનાવસ્થા (૬) વાતાવરણ

સ. ૧૬. વર્તમાનકાળમાં ફેરવો :

(૧) જમણા પગના હાડકાના ઘણાં ટુકડા થઈ ગયા હતાં.
(૨) અરુણિમાના પરિવારે તેને પ્રેમથી સંભાળી.
(૩) તે એવરેસ્ટ સર કરશે.
(૪) તેના હાથમાંથી લોહી નીકળવું શરૂ થયું.
(૫) બધાં તેને અભિનંદન આપશે.
(૬) અરુણિમાએ પગ કાપવા ડૉક્ટરને કહ્યું.

સ. ૧૭. નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો :

(૧) અરુણિમા હિંમતથી એવરેસ્ટ પર ચડી.
(૨) અરુણિમા એક-એક ડગલું મોજથી માંડતી હતી.
(૩) ચમત્કારી મદદના જોરે અરુણિમા ઢસડાતાં ઢસડાતાં ઊતરવા માંડ્યાં.
(૪) શેરપા અને અરુણિમાએ સવારે ચઢવાનું શરૂ કર્યું.
(૫) અરુણિમામાં આત્મવિશ્વાસ ઘણો હતો.

★ તમે જો ટ્રેનમાં અરુણિમાના સહપ્રવાસી હોત તો.......... દરેક પોતાના વિચારો દર્શાવી સમૂહમાં ચર્ચા કરો.

## પ્રકલ્પ

★ માઉન્ટ એવરેસ્ટ સર કરનારા પર્વતારોહકોની (કોઈપણ-ત્રણ) માહિતી ઇન્ટરનેટની મદદથી મેળવો અને તેમના ફોટા સહિત (કોઈપણ-૧) ભીંતપત્રક તૈયાર કરો.

★ ક્યારે ? અને કેટલી ? નો ઉપયોગ કરીને આ પાઠમાંથી બે-બે પ્રશ્નો બનાવો.

## વિશેષ વાંચન

### દુ:ખનું ઔષધ

આજથી દોઢસો વરસ પહેલાંની વાત છે.

અમેરિકાના એક જંગલમાં વૉલ્ડેન પોન્ડ નામનું સરોવર આવેલું છે. સરોવરને કિનારે લાકડાની ૪૩ નાની ઝૂંપડીઓ બાંધેલી છે.

એ ઝૂંપડીઓ પાસેની એક કેબિનમાં એક સંત રહે. એમને કુદરત પ્રત્યે અપાર મમતા. કુદરતને ખોળે ખેલવું એમને બહુ ગમે. કહે છે કે, પક્ષીઓ એમનાથી જરાય ડરતા નહિ. એમના હાથ પર આવીને બેસતાં. પંખીઓ ને પશુઓ પર એમને અપાર પ્રેમ હતો. એક દિવસની વાત. સંત ઝૂંપડીમાં સૂઈ રહ્યા છે. એમની ઝૂંપડીમાં એક સાપ ભરાઈ ગયો. ફેણ ઊંચી કરી આમતેમ જોવા લાગ્યો. પછી એક ખૂણામાં જઈ ફૂંફાડા મારવા લાગ્યો. એ જ વખતે સંતને મળવા માટે એમનો એક મિત્ર આવ્યો. ઝૂંપડીમાં પગ મૂકવા જાય છે ત્યાં તો તેણે સાપને ડોલતો જોયો. તે બૂમ મારી ઊઠ્યો : 'બાપ રે ! સાપ !' ઝટપટ એ બહાર-નીકળી ગયો. બૂમ સાંભળીને સંત ચમકીને બેઠા થઈ ગયા.

તેમણે પૂછ્યું : 'કોણ ?'

'એ તો હું એમર્સન .' 'બહાર કેમ ઊભા છો ? અંદર આવોને !'

'અંદર મરવા આવું ?જુઓને ખૂણામાં મૃત્યુદૂત બેઠો છે.' સંતે સાપને જોયો. તેઓ હાલ્યાચાલ્યા વગર બેસી જ રહ્યા. મિત્રને ફાળ પડી કે એમને સાપ કરડશે તો ?તેણે બૂમ મારી : 'અરે, તમે બહાર કેમ આવતા નથી ?'

'ડરો નહિ. સાપ મને નહિ કરડે.'

વાતચીતનો અવાજ સાંભળી સાપ ત્યાંથી રવાના થઈ ગયો.

મિત્ર અંદર આવ્યો. એણે પૂછ્યું : 'તમને સાપની બીક ન લાગી ?'

'ના, એની દવા મારી પાસે છે.' એક ચોપડી કાઢી સંતે કહ્યું :

'જુઓ, આ રહી તે દવા. આપણામાં પ્રાણી પ્રત્યે પ્રેમ હોય તો તે આપણાં શત્રુ નથી. આપણે સતાવીએ તો જ પ્રાણી આપણને કરડે છે. આ સાપ મારો શત્રુ છે, મને એ કરડશે, એવી વાત મારા મનમાં આવી જ નહીં. આપણા મનમાં કોઈના ઉપર વેર ન હોય તો આપણાં ઉપર કોઈ વેર રાખતું નથી. સાપ આવ્યો, બેઠો ને આવ્યો તેવો ચાલ્યો ગયો.'

આ સંત હતા હેન્રી ડેવિડ થોરો. એ પ્રખર વક્તા હતા. વિદ્વાન લેખક હતા.

એમણે ધર્મ અને જ્ઞાનને લગતાં ઘણાં પુસ્તકો લખ્યાં છે.

એમનાં લખાણોમાંથી ગાંધીજીએ પણ પ્રેરણા મેળવી હતી એમ કહેવાય છે.

– કસનજી દેસાઈ

## સ્વાધ્યાય

સ. ૧. સાપને જોઈને એમર્સને અનુભવેલી અનુભૂતિ લખો.

સ. ૨. 'હેન્રી ડેવિડ થોરો'નું વ્યક્તિચિત્ર લખો.

સ. ૩. હેન્રી ડેવિડ થોરોના 'પ્રાણીપ્રેમ' વિશેના વિચારો તમારા શબ્દોમાં લખો.

FGH1H1

પ્રબળ ઇચ્છાશક્તિ સફળતાની જનની છે.

# ૨. ઝબકજ્યોત

## કૃષ્ણલાલ શ્રીધરાણી

કવિ કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણીનો જન્મ ૧૬ સપ્ટેમ્બર, ૧૯૧૧ના રોજ ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામે થયો હતો. ભાવનગરમાં દક્ષિણામૂર્તિ, અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠ તેમજ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતન સંસ્થામાં અભ્યાસ કર્યા બાદ વધુ અભ્યાસ અને વ્યવસાય અર્થે તેઓ અમેરિકા રહ્યા હતા.

'કોડિયાં' અને 'પુનરપિ' તેમના કાવ્યસંગ્રહો છે. કવિતાની સાથે નાટ્યક્ષેત્રમાં પણ તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. 'વડલો', 'મોરનાં ઈંડાં' અને 'પિયા ગોરી' જેવા નાટકોમાં તેમની પોતીકી છાપ અંકિત થયેલી દેખાય છે. પત્રકારત્વના ક્ષેત્રે પણ તેમની કામગીરી ધ્યાનાકર્ષક રહી છે. ઇ.સ. ૧૯૫૮નો રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો. અનુગાંધી યુગના આ કવિનું અવસાન ૨૩ જુલાઈ ૧૯૬૦ના રોજ થયું હતું.

## સૂર કૃતિનો

પ્રસ્તુત એકાંકીના કેન્દ્રમાં સ્વાતંત્ર્યસંગ્રામના સમયની એક ઘટનાનું આલેખન કરવામાં આવ્યું છે. દેશભક્ત બાળક દીપકની રાષ્ટ્રપ્રેમ ભાવના અહીં છલોછલ વ્યક્ત થાય છે. તે પોતાના ઘર ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવવા જતો હતો ત્યારે પિતા જોઈ ન જાય એ બીકને લીધે ઉતાવળ કરવામાં પડી જાય છે અને ગંભીર રીતે ઘવાય છે. ઘવાયેલી સ્થિતિમાં પણ તેનું મન તો રાષ્ટ્રધ્વજનું જ રટણ કરે છે. આવા દેશાભિમાની પુત્રના પિતા અંગ્રેજોને વફાદાર છે. તેથી પિતા-પુત્ર વચ્ચેનો સંઘર્ષ આ એકાંકીની ચરમસીમા છે. જો કે પુત્ર દીપકનો જીવનદીપ ઓલવાઈ જાય છે ત્યારે પિતા સર અમલ દેરાસરીના હૃદયનું પરિવર્તન થાય છે. સાથે જ દિલમાં રાષ્ટ્રપ્રેમનું ઝરણું પણ વહેવા લાગે છે. પુત્ર પ્રત્યે કઠોર વ્યવહાર કરનાર પિતા સામે મેના જે પુણ્યપ્રકોપ વ્યક્ત કરે છે તે વખતે મેનામાં માતાનું પાત્ર જીવંત બની ઊઠે છે. રાષ્ટ્રપ્રેમથી ધબકતી આ કૃતિ આપણા હૃદયમાં રહેલી દેશભક્તિ ઝંકૃત કરી દે છે.

(૧૭મી મે, ૧૯૩૦, અંધારી રાતે આઠ વાગ્યાનો સમય ; ગામદેવીના રસ્તા ઉપર આવેલા સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળનું દીવાનખાનું.

કાચનાં ઝુમ્મરો વચ્ચે વીજળીના દીવાઓ બળે છે. ઉત્તર અને દક્ષિણની દીવાલોમાં બાજુના ઓરડામાં જવાના સામસામાં બારણાંઓ પડે છે. પૂર્વ તરફ અગાશીમાં જવાની ચાલ છે અને પછી બાગમાં ઊતરવાની સીડી છે. પશ્ચિમનો ઝરૂખો રસ્તા પર પડે છે.

ઓરડાની લાદી ઉપર કાશ્મીરી ગાલીચો છે. ખૂણાઓની ઘોડીઓ ઉપર ગ્રીક પૂતળાંઓ ગોઠવ્યાં છે. ભીંતને અઢેલીને મખમલના સોફાઓ મૂક્યા છે. વચ્ચે એક મોટું ટેબલ છે અને એની ઉપર પિત્તળના ફૂલદાનમાં ગલગોટા

અને જાસૂદનાં સહેજ કરમાયેલાં ફૂલો ગોઠવ્યાં છે. બગીચામાંથી આવતો પવન ધૂપસળીની સૌરભ લઈને પશ્ચિમના ઝરૂખામાંથી મંદ ગતિએ પસાર થઈ જાય છે.

દીવાલો ઉપર ગવર્નરો અને વાઈસરૉયોની છબીઓ છે. પશ્ચિમની દીવાલમાં ઊંચે મહારાણી વિક્ટોરિયાનો ઝભ્ભો ઉપાડીને ચાલતા રાજાઓનું મોટું તૈલીચિત્ર છે. એનાથી ઘણે નીચે સોનાની ફ્રેમમાં મઢેલો નાઇટહૂડનો ઇલકાબખત વીજળીના પ્રકાશમાં ચળકે છે.

પશ્ચિમના ઝરૂખા પાસે એક પલંગમાં આઠ વર્ષનો દીપક તાવથી ધગધગે છે. એના માથા ઉપર અડધા કપાળને ઢાંકી દેતો સફેદ પાટો બાંધ્યો છે. પાટામાં લોહીના ડાઘ છે. વચલા ઉઘાડા ભાગમાંથી અને કાનની આસપાસથી એના લાંબા સોનેરી વાળની લટો ડોકિયાં કરે છે. દીપકની માતા મેના દીપકના ઓશીકા પાસે દીપકનાં બિડાયેલાં પોપચાં સામે તાકતી નીચી દૃષ્ટિએ અને મ્લાન વદને બેઠી છે. દીપકની નવ વર્ષની બહેન ઊર્મિ ઓશીકાની બીજી બાજુએ લપાઈને ઊભી છે અને ભાઈના મોઢા તરફ એકીટસે જોઈ રહી છે. આસપાસ ખુરશીઓ ઉપર દીપકના પિતા અમલ દેરાસરી, ડૉક્ટર, પોલીસ ઉપરી નંદરાય અને અન્ય લોકો વ્યાકુળ ચિત્તે બેઠા છે.

થોડી વારે હસ્તઘડી સામે જોઈ ડૉક્ટર ઊભા થાય છે અને દીપકના ઓશીકા તરફ જાય છે.)

**ડૉક્ટર** : મેનાબહેન, થરમૉમીટર લઈ લો તો !

*(મેના દીપકની બગલમાંથી થરમૉમીટર લઈ ડૉક્ટરને આપે છે અને પછી ફિક્કે ચહેરે ડૉક્ટર સામે જોઈ રહે છે. સૌની આંખો ડૉક્ટર સામે મંડાણી છે.)*

તાવ તો વધતો જ જાય છે.

*(ડૉક્ટરના મોં ઉપર ઉચાટ દેખાય છે.)*

**સર અમલ** : *(સૂકા અવાજે)* કેટલો ?

**ડૉક્ટર** : ચાર.

**સૌ** : *(ચમકી)* ચાર !

**ડૉક્ટર** : હા ! બરફ મૂકવાની જરૂર છે. પણ માથાનો ઘા બહુ ઊંડો છે. એટલે મૂકાય પણ કેમ ?

*(સર અમલ નિસાસો મૂકે છે. ડૉક્ટર નીચા નમી દીપકનો હાથ પોતાના હાથમાં લે છે.)*

દીપક, હવે તને કેમ લાગે છે ? માથું દુખે છે ?

**મેના** : *(દીપકના કાન સુધી નમી)* બેટા, ડૉક્ટરકાકા પૂછે છે કે હવે તને કેમ છે ? માથું દુખતું મટી ગયું ?

**દીપક** : *(ધીરે ધીરે આંખો ખોલે છે.)* બા, માથું તો ખૂબ દુખે છે, પણ મને ઠીક છે. *(ફરી આંખો મીંચી દે છે. ક્ષણ વારે ફરી ઉઘાડી)* બા, ઊર્મિને બોલાવ ને !

**મેના** : ઊર્મિ તો અહીં જ છે, બેટા; તારી પડખે જ ઊભી છે.

*(ઊર્મિનો હાથ પોતાની તરફ ભાવથી ખેંચી ખોળામાં બેસાડી માથું પંપાળવા લાગે છે.)*

તું પડી ગયો ત્યારથી એણે આંસુ સૂકવ્યાં જ નથી.

*(ઊર્મિ ફરી રડવા લાગે છે અને મેનાની છાતીમાં મોઢું ઢાંકી દે છે.)*

દીપક : ઊર્મિ, રોવાનું નહિ, હોં, રાષ્ટ્રધ્વજ ચડાવવા હું અગાસીએ ચડ્યો, બાપુ દેખી જશે એ બીકે ઉતાવળ કરવા ગયો અને પડી ગયો એમાં તારો વાંક નથી.

સર અમલ : રાષ્ટ્રધ્વજને વીસરી ઘડી જંપી જા, દીપક.

નંદરાય : રાષ્ટ્રધ્વજે તો મોકાણ માંડી છે. હજારોનાં માથાં ફૂટ્યાં તોય લોકોનો ચડસ ખૂટતો નથી. નેતાઓ તો બધા જેલમાં બેસી બગાસાં ખાય છે અને આવા હૈયાફૂટાઓ હોમાય છે.

દીપક : એવું ન બોલો, નંદકાકા. તમે બોલો છો ત્યારે મને એમ થાય છે કે જાણે મારા માથા પરનો પાટો છૂટી ગયો અને સવારની જેમ દડદડ લોહી દડવા માંડ્યું. *(સહેજ ફરી)* પણ બા, હું પડી ગયો ત્યારે રડ્યો નો'તો, નહિ ? મારાથી રડાય જ કેમ ? હું તો રાષ્ટ્રધ્વજ ચડાવતાં પડ્યો.

સર અમલ : દીપક, હવે રાષ્ટ્રધ્વજની વાત છોડે છે કે નહિ ? તેં પાપ કર્યું અને પ્રભુએ તને તેની સજા પણ કરી. તું કેમ કાંઈ સમજતો નથી ?

દીપક : રાષ્ટ્રધ્વજને હું કેમ ભૂલું, બાપુ ? આંખો બંધ કરું છું, ત્યારે જાણે આખું આકાશ કેસરી, સફેદ અને લીલા પટ્ટામાં વહેંચાઈ જાય છે અને અંદર તારલાઓનો રેંટિયો પુરાય છે. આંખો ઉઘાડું છું તોય દીવાલે એ જ ત્રણ રંગો !

સર અમલ : *(કડકાઈથી)* દીપક...

ડૉક્ટર : સાહેબ, આપ અત્યારે સંભાળી જાઓ. આપ ધારો છો તેથી કેસ વધારે ગંભીર છે. આપની વાતોથી દીપક વધારે ઉશ્કેરાશે. અત્યારે તો પ્રભુ ઉપર...

મેના : *(આંખોમાં આંસુ લૂછતી)* બેટા, બે ઘડી સૂઈ જા ને !


દીપક : બા, મારા શિક્ષક કહેતા હતા કે કોરિયામાં મારા જેવાં હજારો બાળકોએ વાવટા માટે પ્રાણ આપ્યા હતા. એમના પિતાઓ એમને યાદ કરી ગૌરવ લેતા; તોયે બાપુ કેમ મારી ઉપર ચિડાય છે ?

મેના : *(પાટા ઉપર હળવો હાથ ફેરવતી)* બેટા, સૂઈ જા ને !

દીપક : *(વાચાળ થતો જાય છે. આંખ વધારે ગહન બનતી જાય છે.)* ઊર્મિ, બપોરે બા જરા સૂઈ ગઈ ત્યારે તું આવીને મને કહી ગઈ ને કે બાપુએ આપણા રામાના સુંદરને મારીને પૂરી દીધો છે ? એને છોડ્યો કે નહિ ? *(ઊર્મિનો હાથ પકડે છે.)* કેમ બોલતી નથી ?

ઊર્મિ : *(ધીમે સાદે, બીકથી)* બાપુએ હજુ એને છોડ્યો નથી. વળી, બાપુ તો કહેતા હતા કે હવે રામાને અહીંથી રજા આપવી પડશે. એ સાંભળ્યું છે ત્યારથી સુંદરની મા અને રામો રડ્યાં જ કરે છે.

દીપક : *(અસ્વસ્થ થઈ આંખ મીંચી દે છે. એનાં બીડેલાં પોપચાંમાંથી આંસુ દડે છે.)* બાપુ, એવું શા માટે કરો છો ? મને એ નથી ગમતું. એમાં સુંદરનો વાંક હતો જ નહિ. એ તો વાવટો લેવા નો'તો જતો. મેં એની સાથે અબોલા લેવાની વાત કરી; એટલે ડરતો ડરતો ગયો. ત્યાર પછી એણે તો કેટલીયે વાર મને ના પાડી. એમાં એનો વાંક નથી. બાપુ, એને છોડી દો. રામાને રાખી લો ! નહિ તો હુંય... હુંય... (હીબકાં ભરી રડવા લાગે છે.)



**સર અમલ** : *(ગળગળા થઈ દીપકના ઓશીકા પાસે જાય છે અને માથે હાથ મૂકે છે.)*
બેટા, તું કહીશ એમ કરીશ, પણ હમણાં તું સૂઈ જા. દીપક !

**દીપક** : બાપુ, તમે મારી પાસે જ બેસો ને ! અને તુય ઊર્મિ ! અને બા, તને ઊંઘ આવે તોય ઊઠીશ નહિ, હોં ! આજે તમે સૌ મારી પાસે જ રહેજો; પાસે જ હોં !

**મેના** : અમે સૌ અહીં જ છીએ, બેટા ! તું નિરાંતે સૂઈ જા.

**દીપક** : બા, મને ઊંઘ આવતી નથી, જરાક મટકું મારું છું ત્યાં સ્વપ્નું આવે છે કે બાપુ વાવટો ઉતારી લેવા આવ્યા. અને ઝબકી જાઉં છું. પછી બાપુને અહીં ભાળી શાંત થાઉં છું. ઊર્મિ, જા તો જોઈ આવ ને વાવટો બરાબર છે કે નહિ ?

**સર અમલ** : બેટા, એ બરાબર છે, તું છાનો રહે. જિંદગીભર સેવેલી મારી વિચારસરણીઓ જાણે કડડભૂસ કરીને તૂટી પડે છે. હવે બંધ કર. બધું બરાબર છે.

**દીપક** : શું બોલી ગયા, બાપુ ?તૂટી પડે છે ?આપણો બંગલો તૂટી પડે છે ?એનું કારણ કહું ?જુઓ, તમે આપણા બંગલા ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવતા નથી ને, તેથી. જો તમે ધ્વજ ચડાવો ને તો એ અડગ ઊભો રહે !

**મેના** : હવે સૂઈ જા, બેટા, તારું માથું ચડશે !
*(દીપક આંખો મીંચી જાય છે. થોડી વાર શાંતિ પથરાય છે. સૌ એકમેકની સામે ચિંતાતુર નયને જુએ છે. થોડી વારે દીપક આંખો ઉઘાડે છે.)*

**દીપક** : ઊર્મિ, જો નવ વાગ્યે, બરાબર નવને ટકોરે હું અહીંથી ફરવા જવાનો છું. તું મારી સાથે આવવાની હો તો તૈયાર થઈ રહેજે. સુંદરને પણ તૈયાર થઈ રહેવા કહેજે, હોં !

*(ફરી આંખો મીંચી જાય છે. ડૉક્ટર 'હરિ હરિ!' કરતા અસ્વસ્થ થઈ ઓરડામાં આમથી તેમ ટહેલવા લાગે છે. સર અમલ અસહ્ય થવાથી બારીમાં જઈ આંખો લૂછે છે. મેનાની આંખોમાં શ્રાવણ ને ભાદરવો છે. દીપક થોડી વારે ફરી આંખો ઉઘાડે છે.)*

બા, તુંય આવીશ ને ?બાપુનું કામ નથી. આપણે જંગલમાં જઈ વાવટો ખોડીશું. ત્યાં કોઈ આવશે તો તકરાર કરશું. હોં !

*(ફરી આંખો મીંચી જાય છે. એનો શ્વાસ ચડતો જાય છે.)*

**નંદરાય** : સાહેબ, હું જઈશ. કાંઈ કામ પડે તો ટેલિફોન કરજો. આપને ત્યાં વાવટો ચડ્યો તેની કોઈને જાણ પણ નહિ થવા દઉં. એટલે બેફિકર રહેજો. બાકી તો મને આવાં કુમળાં મગજોને બહેકાવી મૂકનાર બેજવાબદાર...

**સર અમલ** : *(એકદમ ફરીને)* ઠીક, ઠીક, નંદરાય, પધારજો. તમારો ઉપકાર થયો.

*(નંદરાય જાય છે. થોડી વાર કોઈ જ બોલતું નથી. ઊર્મિ બાઘાની માફક બહાર જોતા સર અમલ તરફ, તો ઘડીક મેના તરફ જોયા કરે છે. રસ્તા ઉપર દૂરથી સરઘસમાં પગલાંના અવાજ સાથે ધીરેધીરે સ્પષ્ટ થતાં ગીતનો ધ્વનિ આવે છે.)*

**ત્રીશ કોટિ શીશ પ્રણમે તને, ભારતની ઓ ધર્મ-ધજા !**
**નવલખ તારા આશિષ જપે, ભારતની ઓ કર્મ-ધજા !**

**દીપક** : *(ઝબકીને જાગે છે.)* બા, સાર્યંફેરી નીકળી લાગે છે. મને બારીએ લઈ જાઓ ! અરે જલ્દી કરો, મારે સૌને જોવા છે.

**મેના** : બેટા, તને કષ્ટ પડશે. અહીં જ સૂઈ રહેને ! આવતી કાલે જોજે. એઓ તો આવતી કાલેય નીકળશે.

**દીપક** : બા, તું આજે મને કશાયની ના નહિ કહેતી ! આજે નહિ ! હું તને કેમ સમજાવું ?મને બારીએ લઈ જા !

**ડૉક્ટર** : એ જે કહે તેમ કરો ! એને ઉશ્કેરો નહિ !

*(સૌ ખાટલાને ઉપાડી ઝરૂખામાં લઈ જાય છે. મેનાની છાતીમાં ટેકવાઈ-ગોઠવાઈ દીપક બેઠો થાય છે. નીચેથી આવતી મશાલોના પ્રકાશમાં ગીતથી ઉત્તેજિત થયેલું એનું મોઢું ચમકી રહે છે. આગળ વાનર અને માંજરસેનાની મેળ વિનાની પગલીઓ પડે છે. પાછળનાં નરનારીઓ બુલંદ અવાજે ગાતાં હોય છે.)*

**વ્યોમ તણી ફરકંત પતાકા, હિમડુંગરનો દંડ,**
**સંસ્કૃતિના જગચોક મહીં ધ્વજ ફરકંતો પડછંદ.**

**દીપક** : *(મેનાની આંખોમાં જોવા દૃષ્ટિ ઊંચી કરી)*, બા, કેવું સરસ ગીત છે ! તને નથી આવડતું ?ગા ને, આવડતું હોય તો !

*(ઊછળીને એક ચૂમી ચોડે છે. નીચેથી આવતા લોકોના અવાજ સાથે મેના પણ જોડાય છે.)*

**જે ઝંડાને ગાંધીજીએ સ્ફટિક હૃદયથી ધવલ કીધો.**

**જે ઝંડાને ભગત, જતીને રુધિર રંગે રંગી દીધો !**

**લીલા શાંતિ તણા નેજા ! ભારતની ઓ ધર્મ-ધજા !**

*(નીચેથી વાનરસેનામાં 'દીપકની જય !' ગર્જી ઊઠે છે અને સૌ પસાર થઈ જાય છે.)*

દીપક : બા, એ કોની જય પુકારતા ગયા ?

મેના : દીપકની.

દીપક : દીપક કોણ ?

મેના : તું, બેટા ! તેં આજે ધજા ચડાવતાં માથું વધેર્યું એટલે સૌએ તારો જયજયકાર કીધો !

દીપક : તે બા, ધજા ચડાવે તેની જય બોલાવે એમ ? તો તુંય ચડાવ ને ? હું, ઊર્મિ અને સુંદર ત્રણેય તારી જય બોલાવીશું.

*(મેના દીપકને એક ચૂમી લે છે. દીપક ઘડી વાર આકાશમાં જોઈ રહે છે.)*

બા, જો તો, તારાઓ આંખો પટપટાવે છે. મારે આજે નવ વાગ્યે ફરવા જવાનું છે એની મને તેઓ યાદ આપે છે ! તુંય આવીશ ને !

મેના : હા બેટા.

*(ફરી થોડી વાર દીપક આકાશની આંખોમાં આંખ પરોવે છે.)*

દીપક : બા, આકાશમાં તારા ઊગે અને ઓરડામાં કેમ નહિ ઊગતા હોય ? બા, બંગલા ઉપર વાવટો ચડાવીએ તો ઓરડામાંય તારા ઊગે, હોં !

*(મેનાની આંખમાંથી બે આંસુઓ સરી દીપકના જુલફામાં અટવાઈ જાય છે.)*

દીપક : બા, મને ઊંઘ આવે છે. હું સૂઈ જાઉં, પણ તું ઊંઘ આવે તોય ઊંઘતી નહિ. બરાબર નવને ટકોરે મને ઉઠાડજે, હોં ! અને તમે – તું, ઊર્મિ અને સુંદર તૈયાર રહેજો.

*(મેના દીપકને સુવાડી દે છે. સર અમલ પાસે આવી એનું માથું પંપાળવા લાગે છે. એમની આંખમાં આસું સમાતાં નથી : દીપક ફરી જાગે છે.)*

દીપક : બા, બપોરે ઊર્મિ કહેતી હતી કે પાટાથી મારું મોઢું સરસ લાગે છે. અરીસો લાવ ને, જોઉં તો ખરો !

*(સર અમલ અરીસો લાવી દીપકના મોઢા સામે ધરે છે. દીપક અરીસામાં જોઈ રહે છે. એની આંખો ચમકવા લાગે છે.)*

દીપક : બા, પાટોય જાણે રાષ્ટ્રધ્વજ જેવો લાગે છે ! મારા લોહીનો લાલ રંગ, કાપડનો સફેદ રંગ, અને લીલા રંગને બદલે મારા વાળ ! અને રેંટિયો તો કેટલીય વાર કહ્યું તોયે બાપુ ક્યાં લાવી દે છે ! *(રોષ કરતો)* જાઓ, લઈ જાઓ તમારો અરીસો ! અમારે તમારા અરીસામાં નથી જોવું !

*(સર અરીસો લઈ જાય છે. થોડી વાર શાંતિ પથરાય છે. દીપક ફરી આંખો ઉઘાડે છે.)*

દીપક : બા, હું ફરવા જાઉં પછી તું ગાંધીજીને જેલમાં કાગળ લખીશ ને, કે દીપક ફરવા ગયો છે ? પણ એવું લખજે કે દીપક જ્યાં જશે ત્યાં વાવટો ફરકતો રાખશે !

મેના : *(એક બચી ભરી)* હા, બેટા, જરૂર લખીશ. પણ હવે તું સૂઈ જા.

*(દીપક આંખો મીંચી જાય છે. સૂનકાર છવાય છે. દીપકની છાતીની ધમણ ઉપડતી જાય છે.)*

સર અમલ : *(પાસે જઈ)* ઊંઘી ગયો લાગે છે !

મેના : હા... પણ...

*(આંખોમાંથી આંસુની ધારાઓ વહે છે.)*

ડૉક્ટર : મેનાબહેન, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો. જેણે એને સરજાવ્યો છે એ જ એનું રક્ષણ કરશે.

મેના : ડૉક્ટર, તમારે દીકરો છે ?

ડૉક્ટર : ના, મેનાબહેન.

મેના : તો બસ કરો.

*(ડૉક્ટર આંટા મારવા લાગે છે. સર અમલ ઓશીકાની બીજી બાજુએ નીચે વદને બેસી રહે છે.)*

આ બધા તમારા પ્રતાપ !

સર અમલ : મેના, તને એમ કહેવાનો અધિકાર છે. પણ જો તું મારા મનની સ્થિતિ જાણતી હોત...

મેના : *(આંસુ લૂછતી)* મારે તો હવે મન જેવું જ કશું રહ્યું નથી.

સર અમલ : સંભવ છે, મેના.

મેના : *(રડી પડતી)* વાહ રે પિતા ! શી તટસ્થતા !

સર અમલ : *(મનની લાગણીઓ દબાવી)* હું પુરુષ છું, મેના.

મેના : અને હું માતા છું. અમલ ! દીપક વિના મને...

*(ઘડિયાળમાં નવના ટકોરા થાય છે. દીપક ઝબકીને જાગી જાય છે. સૌ ચમકી રહે છે.)*

દીપક : બા, નવના ટકોરા થયા, નહિ ? ચાલો, ચાલો ત્યારે હું ફરવા ઊપડું. પછી બા, મેં વિચાર ફેરવી નાંખ્યો. મેં એકલા જ જવાનું નક્કી કર્યું ! એ રસ્તે એકલા જ સારું ! બાપુ, ઊર્મિ જાઉં છું, હોં ! અને બા, મોડી રાત સુધી પાછો ન ફરું તોયે મારી રાહ નહિ જોતી, હોં !

*(થોડી વારે)* અને બા, ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું નહિ ચૂકતી.

*(દીપક આંખો મીંચી દે છે.)*

મેના : *(બેબાકળા)* બેટા, બેટા !...

*(એનો અવાજ ફાટી જાય છે. દીપકના શરીર ઉપર એ ઢગલો થઈ જાય છે. ઊર્મિ રડવા લાગે છે.)*

ડૉક્ટર : *(પાસે જઈને નાડી તપાસી)* દીપક ઓલવાઈ ગયો !

સર અમલ : અને આખું જગ અંધારું ! અંધારું ! ઓહ ! નથી ખમાતું !

*(બે હાથમાં જોરથી માથું દબાવી ઝરૂખામાં આંટા મારવા લાગે છે. મેનાનું કલ્પાંત આખા ઓરડાને ધ્રુજાવી મૂકે છે. પવનની લહેરખી દીપકની લટોને એના હસતા ચહેરા ઉપર રમાડી જાય છે.)*

**સર અમલ :** *(ટેલિફોન પાસે જઈ)* યસ, વન, ફોર, નોટ સેવન.

*(થોડી પળે)* હાં, કૉંગ્રેસ-હાઉસ ? હાં ! કોણ છો તમે ?

*(સાંભળે છે. પછી)*

સ્વયંસેવક ? હા, જરી શિશિરકુમારને બોલાવો તો. *(સાંભળીને)*

સંગ્રામ-સમિતિની મિટિંગ ચાલે છે. તે નહિ આવી શકે.

એમ ? અરે ન કેમ આવે ? કહો કે સર અમલ દેરાસરી કામસર બે મિનિટ બોલાવે છે, વારુ !

*(ટેલિફોન નીચે મૂકી ટહેલવા લાગે છે. ખિતાબખત પાસે જઈ એક મુક્કાથી એના ચુરા કરી નાખે છે. હાથમાંથી લોહી વહેવા લાગે છે. ભૂત ભરાયું હોય તેમ દીપકના પલંગ પાસે જઈ એ લોહિયાળા હાથે દીપકના પગને અડકે છે. પછી એ બે પગ ઉપર માથું મૂકી ડૂસકાં ભરવા લાગે છે.)*

**સર અમલ :** બેટા, તેં તારા બાપુને આજે નવો જન્મ આપ્યો ?

*(ફરી ટેલિફોન પાસે જઈ, એક હાથે રૂમાલથી આંસુ લૂછતાં બીજે હાથે ટેલિફોન ઉઠાવે છે.)*

હં ! આપ કોણ ?

શિશિરકુમાર ?

વારુ, શહેરમાં જાહેર કરો કે આવતી કાલની વડાલા રેઈડ સર અમલ દેરાસરી લીડ કરશે, સમજ્યા ?

ઉપકાર !

*(ટેલિફોન જોરથી પછાડી દોડતા બીજા રૂમમાં ચાલ્યા જાય છે.)*

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત એકાંકીનું અધ્યાપન કરાવતા પહેલા આપણા સ્વાતંત્ર્યસંગ્રામ વિશે ચર્ચા કરી શકાય, દેશભક્તો, ક્રાંતિવીરો કે શહીદોની વાતો કરી શકાય, આપણા રાષ્ટ્રીય તહેવારોની ગરિમા જાળવવા બાબત પણ સંવાદ સાધી શકાય. કૃતિનું અધ્યાપન નાટ્યકરણ પદ્ધતિથી અથવા પ્રશ્નોત્તરી પદ્ધતિથી પણ કરાવી શકાય.

અહીં આપેલા પિતા-પુત્રના સંઘર્ષની વાત દ્વારા બે પેઢી વચ્ચેના વિચારભેદથી થતાં સંઘર્ષ ટાળવા માટેના ઉપાયોની ચર્ચા કરી શકાય. માતાની મમતા તેમજ ભાઈ-બહેનના વિશુદ્ધ અને નિર્દોષ પ્રેમની ચર્ચા કરી તે માટે વિદ્યાર્થીઓના સ્વાનુભવની ચર્ચા કરીને તેમનામાં કુટુંબભાવના નિર્માણ કરી શકાય. એ ભાવનાને સમાજ, દેશ તેમજ રાષ્ટ્રના સ્તરે દૃઢ કરવાની પ્રેરણા પૂરી પાડી શકાય.


અંગ્રેજોના શાસન દરમિયાન સરકારી નોકરીમાં રહેલા ભારતીયોના હૃદયની સરકારી લાચારીને જીવંતરૂપે રજૂ કરી વિદ્યાર્થીઓમાં રહેલી સંવેદનશીલતાને જાગૃત કરવાનો પ્રયત્ન કરી શકાય.

સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :

(૧) જાજમ (૨) અગરબત્તી (૩) સુગંધ (૪) ઊંડું

(૫) બેચેન (૬) ઝઘડો (૭) આક્રંદ (૮) બાવલું

સ. ૨. 'આંખ મીંચવી' એટલે મૃત્યુથી આંખ બીડાઈ જવી. આંખ સાથે અલગઅલગ ક્રિયાપદ લગાવી રૂઢિપ્રયોગ બનાવો. પછી તેનો અર્થ લખો :




સ. ૩. વિસંગત શબ્દ શોધી તેની ફરતે ગોળ કરો :

(૧) શીશ મસ્તક મગજ માથું (૨) ધવલ અભ્ર શ્વેત શુભ્ર

(૩) પતાકું વાવટો ધ્વજ ઝંડો (૪) અવકાશ આકાશ આસમાન વ્યોમ

(૫) સુગંધ સૌરભ સોડમ સુમન (૬) ફૂલ પુષ્પ સુમન કળી

સ. ૪. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

(૧) મૃત્યુ પછી રડવા-કૂટવાની ક્રિયા – ____________

(૨) ઉચ્ચપદ ધરાવનાર વ્યક્તિના નામ આગળ માનાર્થે વપરાતો શબ્દ – ____________

(૩) પૂરી-આખી બાંયનું લાંબુ પહેરણ – ____________

(૪) એક સાથે ઘણા દીવા રાખી શકાય તેવી કાચની છતમાં લટકાવાતી સુશોભિત વસ્તુ – ____________

સ. ૫. રૂઢિપ્રયોગનો અર્થ લખો :

(૧) માથું વધેરવું (૨) મોકાણ માંડવી (૩) એકીટશે જોવું

(૪) દીપક ઓલવાઈ જવો (૫) ઘડીભર જંપી જવું (૬) શ્રાવણ-ભાદરવો વહેવો

સ. ૬. (અ) ઉદાહરણ પ્રમાણે લખો : દા.ત. સ્વસ્થ : અસ્વસ્થ

(૧) સંસ્કૃતિ (૨) જવાબદાર (૩) સ્પષ્ટ (૪) ફિકર

(બ) પ્રમાણ માટે શબ્દ પાછળ 'સર' લગાવાય છે તે રીતે શબ્દ બનાવો : દા.ત. : માફક – માફકસર

ધંધો → સર ← --------------

-------------- → સર ← --------------

-------------- → સર ← --------------

**સ. ૭. કોણ તે ઓળખો :**

(૧) દીપકની બગલમાંથી થરમૉમીટર લઈ લેનાર – ----------------------------

(૨) રાષ્ટ્રધ્વજ ફરકાવવા અગાસીએ ચડનાર – ----------------------------

(૩) કોંગ્રેસ હાઉસમાં મિટીંગ લેનાર – ----------------------------

(૪) દીપકની જય બોલાવનાર – ----------------------------

(૫) ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું કહેનાર – ----------------------------

(૬) વડાલા રેઈડ લીડ કરનાર – ----------------------------

(૭) વાવટો લેવા જનાર – ----------------------------

**સ. ૮. નાટકનાં પાત્રો લખો :**

**સ. ૯. યોગ્ય વિકલ્પ શોધીને વિધાન પૂર્ણ કરો :**

(૧) તેં પાપ કર્યું અને પ્રભુએ તને ______________________ .

(અ) તેનું પુણ્ય પણ આપ્યું (આ) તેની સજા પણ કરી (ઇ) તેનું ઈનામ પણ આપ્યું

(૨) રાષ્ટ્રધ્વજ ચડાવવા હું __________________________ .

(અ) અગાશીએ ચડ્યો (આ) છાપરે ચડ્યો (ઇ) ઝાડે ચડ્યો

(૩) એવું લખજે કે દીપક જ્યાં હશે ત્યાં ___________________ .

(અ) નામ રોશન કરશે (આ) વાવટો ફરકતો રાખશે (ઇ) લોકો યાદ રાખશે

(૪) શહેરમાં જાહેર કરો કે, આવતીકાલની વડાલા રેઈડ _____________________ .

(અ) શિશિરકુમાર લીડ કરશે (આ) નંદરાય લીડ કરશે (ઇ) સર અમલ દેરાસરી લીડ કરશે

**સ. ૧૦. નાટકમાં બનતી ઘટનાઓને ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) દીપકે સૌને પોતાની પાસે જ રહેવા કહ્યું.

(૨) દૂરથી સરઘસના પગલાંનો અવાજ સંભળાયો.

(૩) નંદરાયે દેશનેતાઓની આકરી ટીકા કરી.

(૪) દીપકનું પ્રાણપંખી ઊડી ગયું.

(૫) મેનાએ ડૉક્ટર તથા સર અમલ તરફ રોષની લાગણી વ્યક્ત કરી.

(૬) સર અમલ દેરાસરીએ વડાલા રેઈડની આગેવાની લેવાનો નિર્ણય જાહેર કર્યો.

સ. ૧૧. સંબંધ લખો :

(૧) મેના અને સર અમલ દેરાસરી
(૨) દીપક અને ઊર્મિ
(૩) રામો અને સુંદર
(૪) મેના અને ઊર્મિ
(૫) સર અમલ દેરાસરી અને દીપક
(૬) મેના અને દીપક

સ. ૧૨. સર અમલ દેરાસરીના ઘરની સજાવટ લખો :

(૧) ઓરડાની લાદી ઉપર → ------------------------
(૨) ખૂણાની ઘોડીઓ ઉપર → ------------------------
(૩) ભીંતને અઢેલીને → ------------------------
(૪) પિત્તળની ફૂલદાનીમાં → ------------------------
(૫) દીવાલો ઉપર → ------------------------
(૬) પશ્ચિમની દીવાલમાં → ------------------------
(૭) નાઇટહુડનો ઇલકાબખત → ------------------------

સ. ૧૩. સમજીને લખો :

(૧) દીપકને આવતું સ્વપ્ન – ------------------------------------------------
(૨) આંખો બંધ કરે ત્યારે દીપકને દેખાતું દૃશ્ય – ------------------------------------
(૩) હૃદય પરિવર્તન બાદ સર અમલ દેરાસરીનું વર્તન – --------------------------------

સ. ૧૪. દીપકનો રાષ્ટ્રપ્રેમ દર્શાવતા વાક્યો પાઠમાંથી શોધીને લખો :

સ. ૧૫. પાઠમાં આવતાં નામ સાથેનાં વિશેષણો શોધીને લખો :

દા.ત. કાચના ઝુમ્મરો

સ. ૧૬. એક જ વાક્યમાં આવતાં બે ક્રિયાપદનું મૂળરૂપ આપો :

ઉદા. રાષ્ટ્રધ્વજ ચડાવવા હું અગાસીએ ચડ્યો.

ચડાવવું    ચડવું

(૧) હું રડ્યો નહોતો અને ઊર્મિને રડાવી પણ નહોતી.
(૨) હું કામ કરતો હતો અને સુંદર પાસે પરાણે કામ કરાવતો હતો.
(૩) ચાલ, આપણે સૂઈ જઈએ. હું ઊઠીશ ત્યારે તમને બધાને ઊઠાડીશ.
(૪) હું એકલો જ ફરવા જાઉં છું અને મેં મારો વિચાર ફેરવી નાંખ્યો છે.
(૫) સુંદરે કંઈ જ ખાધું નથી, તેને પહેલાં થોડું ખવડાવ.

સ. ૧૭. અલંકાર ઓળખો.

(૧) બા, જો, તારાઓ આંખો પટપટાવે છે.

(૨) બા, પાટોય જાણે રાષ્ટ્રધ્વજ જેવો લાગે છે !

(૩) લીલા શાંતિ તણા નેજા ! ભારતની એ ધર્મધજા !

(૪) મારી સામે તારલાઓની જાણે રંગોળી પૂરાય છે.

સ. ૧૮. જરૂર હોય ત્યાં અનુસ્વાર મૂકો.

(૧) તુ પડી ગયો ત્યારથી એણે આસુ સૂકવ્યા નથી.

(૨) હવે સૂઈ જા, બેટા, તારુ માથુ ચડશે.

(૩) તે જણાવી દીધુ કે હુ જાહેર સભાને સબોધીશ.

(૪) તેઓ બધા રાષ્ટ્રીય ગીત ગાતા હતા.

(૫) તેઓને અગ્રેજી બોલતા આવડતુ નથી.

★ જો દીપક તમારો ભાઈ હોત તો ... વર્ગમાં સમૂહચર્ચા કરો.

## પ્રકલ્પ

★ આપણી ત્રણેય સેના વિશે ઇન્ટરનેટ પરથી માહિતી મેળવી તે દરેક વિશે પાંચ-પાંચ વાક્યો લખીને ભીંતપત્રક બનાવો.

★ પ્રસ્તુત પાઠમાંથી શરૂઆતથી વીજળીના પ્રકાશમાં ચળકે છે. ત્યાં સુધીના ફકરામાંથી કોઈપણ ૩ પ્રશ્નો બનાવો.

## વિશેષ વાંચન

### એક યાદગાર મુલાકાત પરમવીર ચક્ર વિજેતા કેપ્ટન બાના સિંહ સાથે

મેજર સોમનાથ શર્મા, લેફ્ટનન્ટ કર્નલ અરદેશર તારાપોર, ક્વાર્ટર માસ્ટર અબ્દુલ હમીદ, સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલ, કંપની હવાલદાર મેજર પીરુ સિંહ શેખાવત, મેજર શૈતાનસિંહ...

આ બધાં નામો ભારતીય ખુશ્કીદળના એ સપૂતોનાં છે જેમણે યુદ્ધમેદાનમાં દાખવેલા અપ્રતિમ સાહસોને ભારત સરકારે સર્વોચ્ચ લશ્કરી ખિતાબ પરમવીર ચક્ર વડે નવાજ્યાં છે. દુશ્મન સાથે એ વીરો સામી છાતીએ લડ્યા, પણ વિધિનો ક્રૂર ખેલ કે પરમવીર ચક્રનો મેડલ તેમની છાતીએ શોભે એ પહેલાં તેઓ વીરગતિ પામ્યા. ૧૯૪૭ના પ્રથમ ભારત-પાક યુદ્ધથી લઈને ૧૯૯૯ના કારગિલ યુદ્ધ સુધીના વિવિધ સંગ્રામોમાં અજોડ સાહસ અને શૌર્ય દાખવનાર કુલ ૨૧ સપૂતો પરમવીર ચક્ર પામ્યા છે. આજે તેમાંના ફક્ત ૩ સપૂતો હયાત છે. આ જીવંત દંતકથા જેવા શૂરવીરો પૈકી એક એવા પરમવીર કેપ્ટન બાના સિંહને થોડા વખત પહેલાં વડોદરા ખાતે રૂબરૂ મળવાનું થયું. જગતના સૌથી ઊંચા યુદ્ધક્ષેત્ર સિઆચેન સાથે બાના સિંહનું નામ અત્યંત ગાઢ રીતે જોડાયેલું છે. ૧૯૮૭ના અરસામાં સિઆચેનની સૌથી ઊંચી (૬,૭૫૨ મીટર) પહાડી ચોટીએ પાકિસ્તાને 'કાઈદ પોસ્ટ' નામની લશ્કરી ચોકી સ્થાપી હતી, જ્યાંથી તેના સૈનિકો આપણા ખુશ્કીદળની 'સોનમ પોસ્ટ' જેવી ચોકીઓ પર બેફામ ફાયરિંગ કરતા હતા. બાના સિંહની આગેવાની હેઠળ આપણા ચાર જવાનોએ મોતની પરવા કર્યા વિના 'કાઈદ પોસ્ટ' પર હલ્લો બોલાવ્યો અને ત્યાં તૈનાત પાક સૈનિકોને ઢાળી દીધા. ચોકી પરના કુલ ૧૭ શત્રુઓ પૈકી સાતને તો બાના સિંહે એકલે હાથે પૂરા કર્યા અને 'કાઈદ પોસ્ટ' પરથી પાક ધ્વજ હટાવી ત્યાં ભારતનો ત્રિરંગો લહેરાવી દીધો. આ દિલધડક સાહસ બદલ બાના સિંહને જાન્યુઆરી ૨૬, ૧૯૮૮ના રોજ સર્વોચ્ચ લશ્કરી ખિતાબ પરમવીર ચક્ર એનાયત કરાયો.

ભારત માતાના આવા સપૂતનો સાક્ષાત્કાર થવો એ જ ધન્યઘડી કહેવાય, જ્યારે આ લખનારને તો પોણા કલાક સુધી તેમની સાથે સત્સંગ કરવાનો મોકો સાંપડ્યો હતો. મુલાકાત દરમ્યાન પરમવીર ચક્ર વિજેતા જોડે સિઆચેન વિશે, ત્યાંના વ્યૂહાત્મક મહત્ત્વ વિશે, સિઆચેનમાં તૈનાત આપણી સેના વિશે સવિસ્તાર વાર્તાલાપ થયો. સૌથી નોંધપાત્ર એવાં બે વાક્યો :

'૨૦૦૦ની સાલમાં તમે નિવૃત્તિ લીધી ત્યાર પછી માસિક પેન્શન કેટલું મળતું હતું ?'

બાના સિંહનો જવાબ : 'માસિક ₹ ૧૬૨ નું ! પરંતુ એનાથી શું ફરક પડે છે ? સિપાહી તરીકે મે મારું કામ નિષ્ઠાથી કર્યું. બસ, વાત ત્યાં પૂરી થઈ જાય છે. સરકારને જે ઠીક લાગે તે કરે !' બીજો સવાલ : 'હું જાણું છું ત્યાં સુધી પંજાબ સરકારે તમને બહુ મોટી રકમની ઓફર કરી હતી, જે તમે ઠુકરાવી દીધી. મામલો શો હતો ?'

'પંજાબ સરકારે મને ₹ ૨૫,૦૦,૦૦૦ નું ઈનામ ₹ ૧૫,૦૦૦ નું માસિક ભથ્થું અને પચ્ચીસ એકરનો પ્લોટ આપવાની જાહેરાત કરી હતી. પરંતુ શરત મૂકી કે તમે હંમેશ માટે પંજાબમાં આવીને વસી જાવ. મેં ચોખ્ખી ના પાડી દીધી. જમ્મુ મારી માતૃભૂમિ છે. રૂપિયાના લોભમાં હું તેને કેવી રીતે છોડી શકું ?'

સિત્તેર વર્ષીય પરમવીર બાના સિંહના આવા જવાબોમાં તેમની સાદગી, સંયમ અને સૌમ્યતા વ્યક્ત થતા હતા. પરમવીર ચક્રનો સર્વોચ્ચ લશ્કરી ખિતાબ મળ્યો હોવા છતાં એ બાબતનો જરા સરખોય અહંકાર તેમના વાણી-વર્તનમાં ન હતો. લશ્કરીપણું તો લગીરે નહિ. મુલાકાતની આખરમાં 'આ છે સિઆચેન' પુસ્તક તેમને ભેટરૂપે આપ્યું ત્યારે તેમણે બહુ રસપૂર્વક તેને જોયું અને પછી બોલ્યા, 'આ પુસ્તક લખીને તમે સારું કામ કર્યું છે. હું આશા રાખું કે પુસ્તક વાંચ્યા પછી ગુજરાતના યુવાવર્ગમાં ભારતીય લશ્કર પ્રત્યે માન-સન્માન વધે એટલું જ નહિ, પણ એમાંથી કેટલાક યુવકો લશ્કરમાં જોડાય તેવી પ્રાર્થના કરું છું. આજકાલ દરેક માતા-પિતા એવું જ ઇચ્છે કે તેમનો પુત્ર એન્જિનિયર, ડૉક્ટર, વકીલ કે પછી ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ બને. આવી વિચારસરણી દિવસેદિવસ વ્યાપક બનતી જાય છે. આમ જ બનતું રહ્યું તો લશ્કરમાં કોણ જશે ? આપણી સરહદોની રક્ષા કોણ કરશે ?'

કૅપ્ટન બાના સિંહ, મેજર સોમનાથ શર્મા, લેફ્ટનન્ટ કર્નલ અરદેશર તારાપોર, ક્વાર્ટર માસ્ટ અબ્દુલ હમીદ, સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલ, કંપની હવાલદાર મેજર પીરુ સિંહ શેખાવત, મેજર શૈતાનસિંહ... આ તમામ અને તેમના જેવા બીજા અનેક સપૂતોના માતા-પિતાએ પણ કંઈક એવું જ વિચાર્યું હોત તો ભારતનો ઇતિહાસ જ નહિ, કદાચ ભૂગોળ પણ આજે જુદી હોત !

– હર્ષલ પુષ્કર્ણા

## સ્વાધ્યાય

સ. ૧. પંજાબ સરકારે આપેલી ઓફરને બાના સિંહે ન સ્વીકારવાનું કારણ જણાવો.

સ. ૨. 'સિઆચેન' વિશે માહિતી લખો.

સ. ૩. બાનાસિંહના વ્યક્તિત્વનું વર્ણન કરો.


સ. ૪. તમારા શબ્દમાં લખો :

(૧) માસિક પેન્શનરૂપે મળતી રકમ બાબત બાના સિંહના વિચાર

(૨) ગુજરાતના યુવાવર્ગ પાસેથી બાના સિંહની અપેક્ષા

(૩) દિવસે-દિવસે વ્યાપક બનતી જતી માતાપિતાની વિચારસરણી

★ ચિત્ર વાર્તા



મહેરબાની માગવી એટલે આઝાદી ખોવી.

FH5HXN

# ૩. વિદેશયાત્રાનો પ્રેરક પ્રસંગ

## સ્વામી સચ્ચિદાનંદ

પૂ. સ્વામી સચ્ચિદાનંદ એક પ્રખર વિદ્વાન અને ચિંતક છે. 'ભારતીય દર્શન'માં તેમનો ષડ્દર્શનનો ઊંડો અભ્યાસ તેમના લેખનમાં જણાઈ આવે છે જે આજની પેઢી માટે અત્યંત ઉપકારક થઈ શકે છે. તેઓ વિશેષરૂપે એક સમન્વયકારી સંત હોવાથી તેમણે ધર્મ અને અધ્યાત્મનું ઊંડું પરિશીલન પણ કર્યું છે. તેથી જ તેઓ રાષ્ટ્રપ્રેમી સંત કહેવાય છે. તેમણે દેશ-વિદેશની યાત્રા દ્વારા ઘણુંબધું જોયું, જાણ્યું અને માણ્યું છે. એ જ્ઞાનને તેમણે પોતાની મૌલિકતા દ્વારા 'મારા અનુભવો અને વિદેશયાત્રાના પ્રેરકપ્રસંગો'માં રજૂ કર્યું છે. આ રીતે તેઓ વિદ્વાન, ચિંતક , ધર્મપ્રેમી અને રાષ્ટ્રપ્રેમી એમ ચતુર્દશી વ્યક્તિત્વ ધરાવે છે.

## સૂર કૃતિનો

આ પ્રવાસવર્ણનમાં લેખકે દુનિયાની સાત અજાયબીમાંની એક 'એફિલ ટાવર'ની વિશેષતાનું અદ્‌ભુત વર્ણન કર્યું છે. જે વાંચતા આપણે પણ તેનો માનસ પ્રવાસ કરવાનો અનેરો આનંદ માણી શકીએ છીએ. પેરિસનો આ એફિલ ટાવર સ્થાપત્યનો પૂરેપૂરી તકનીક સાથેનો એક ઉલ્લેખનીય નમૂનો છે. ઇ.સ. ૧૯૩૦માં ન્યૂયોર્કમાં 'કાઈસ્લર' બિલ્ડીંગ બન્યું ત્યાં સુધી એફિલ ટાવર વિશ્વની સૌથી ઊંચી ઈમારત ગણાતી હતી.

આ પ્રવાસવર્ણન દ્વારા લેખક વાચકોને- આપણને એ પણ સમજાવે છે કે વિદેશમાં પ્રવાસે જતા પહેલા ત્યાંની ભાષાનું જરૂરી જ્ઞાન મેળવી લેવું જરૂરી છે. જેથી ત્યાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો ન પડે.

આ વર્ણન દ્વારા લેખકે આપણને એક ખૂબજ સુંદર સંદેશ આપ્યો છે. 'વિશ્વના દરેક ખૂણે માનવતા પ્રગટ થયા વિના રહેતી નથી. આપણે પણ કોઈ ભૂલ્યા ભટક્યાને રાહ બતાવવો જોઈએ. સમય ન હોય તો સમય કાઢીને પણ અન્યને રાહ બતાવવાથી પ્રભુ પણ તેને પામવાનો માર્ગ આપણને બતાવે છે'.

ફરતાં ફરતાં અમે વિશ્વનાં સાત આશ્ચર્યોમાંના એક એફિલ ટાવર પહોંચ્યા. ચિત્રો વગેરેમાં તો અમે આ ટાવર જોયો જ હતો. પણ નજીક ગયા અને પ્રત્યક્ષ નિહાળ્યો ત્યારે આશ્ચર્યચકિત થઈને જોતા જ રહી ગયા. તે ખરેખર વિશાળ અને ભવ્ય હશે તેની કલ્પના જ ન હતી. તેના વિશાળ ચાર ખભા એક બીજાથી એટલા બધા દૂર તથા એટલા વિશાળ છે કે કદાચ દશ માણસો એકબીજાના હાથ પકડીને ગોળ ઊભા રહે તો તેમાં કદાચ સમાય. ઊંચે નજર કરીએ તો લોખંડ, લોખંડ દેખાય. તેની ડિઝાઈન અને કારીગરી જોયા જ કરીએ. એક વ્યક્તિની મહત્ત્વાકાંક્ષા કેવું ભવ્ય સર્જન કરી શકે છે ? આ કલ્પનાને લોકોએ ગાંડપણ સમજીને ઠેકડી ઉડાડી હતી, પણ તેનો નિર્માતા એફિલ ધૂની હતો. તેણે ધૂન ના છોડી. વિશ્વના પ્રત્યેક મહાપુરુષમાં આવી કોઈને કોઈ પ્રકારની ધૂન હોય જ છે. આ ધૂન જ તેમને કાં તો આ પાર નહિ તો પેલે પાર પહોંચાડતી હોય છે. વાત વાતમાં સમાધાન કરી લેનારી વ્યક્તિ સારો વ્યાપારી તો થઈ શકે છે. પણ મહાપુરુષ નથી બની શકતી. એવું લાગે છે કે મહાપુરુષ થનારમાં થોડું ધૂનપ્રેરિત પાગલપણું હોવું જરૂરી હોય છે.

અમે એફિલ તો પહોંચ્યા, અમારી બસના બધા માણસો સીધા એફિલ તરફ જોવા ગયા. પણ અમે પછી છેવટમાં એફિલ જોઈશું. પહેલાં ચાલો ફુવારા વગેરે જોઈને દૂરથી એફિલના ફોટા પાડીએ. આટલી ઊંચી ઈમારતને કેમેરામાં લેવા માટે ખાસ્સું દૂર જવું પડે.

અમે દૂર દૂર સુધી પથરાયેલા ભવ્ય ફુવારા જોવા ગયા તથા એફિલનાં ચિત્રો લેતા રહ્યા.

અમને ખબર જ નહિ કે અહીં માત્ર વીસ મિનિટ જ બસ પાર્કિંગ મળે છે. વિશ્વભરનાં પ્રવાસીઓનાં ટોળાં એફિલ જોવા ઊતરી પડે છે. તે બધાની વ્યવસ્થા કરવી કઠિન હોવાથી માત્ર વીસ જ મિનિટ વાહનને ઊભું રાખવા દેવાય છે.

અમે લાંબું ચક્કર લગાવીને એફિલના થડ સુધી પહોંચ્યા પણ ન હતા ત્યાં તો અમારો એક સહપ્રવાસી જે સિંગાપોરનો હતો તે દોડતો આવ્યો અને જલદીથી બસમાં બેસી જવા કહેવા લાગ્યો. કહેવાની જરૂર નથી કે હજારો માણસો વચ્ચે પણ મારાં વસ્ત્રો મને સૌથી અલગ કરી આપતાં હોવાથી અમને શોધવામાં કોઈને પણ કશી મહેનત ના પડે.

''અરે... એફિલ તો હજી જોયો જ નથી...''

પેલાએ કહ્યું કે ''અહીં ૨૦ મિનિટથી વધુ બસ ઊભી રાખી શકાતી નથી. પોલીસ ડ્રાઈવરને દંડ કરી રહી છે. બસ ચાલુ થઈ ગઈ છે. જો તમે નહિ આવો તો તમને મૂકીને બસ ચાલી જશે.''

બસ ચાલી જશે, સાંભળતાં જ ગાત્ર શિથિલ થઈ ગયાં. અહીં અજાણ્યા પેરિસમાં પછી અમે શું કરીએ ?

અમે ઝપટ લગાવીને ચાલતી બસમાં ચડી ગયા. અમારો વૃદ્ધ ગાઈડ અમારા મોડા પડવાથી થોડો નારાજ થઈ ગયો હતો. તેને સમજાવ્યો કે અહીં વીસ મિનિટ જ બસ ઊભી રહેશે તે વાત અમે જાણતા ન હતા.

અમે અમારા ઉતારે પાછા ફર્યા. ગાઈડને બક્ષિસ આપી (આપવાનો રિવાજ છે) અને 'સૉરી' કહ્યું એટલે તેની નારાજગી દૂર થઈ. બપોરનો એક વાગ્યો હતો અને અમારે સૌએ ચાર કલાક આરામ કરવાનો હતો. પાંચ વાગ્યે ફરી પાછા જોવા જવાનું હતું.

સૌ વેરવિખેર થઈ ગયા. હું મારા રૂમમાં સૂતો સૂતો ચિંતા કરી રહ્યો હતો. 'અરે... રે.... આટલે આવ્યા ને એફિલ ઉપર ચઢ્યા નહિ. તેને સારી રીતે જોયો પણ નહિ.' વિચારોના વમળમાં થોડો સમય નીકળી ગયો. મને અંતઃસ્ફૂર્તિ થઈ. 'હજી તારી પાસે ચાર કલાક છે. હજી તું એફિલને જોઈ શકે છે.' હું પથારીમાંથી ઊભો થયો. પણ મારી સામે મુખ્ય બે અડચણો હતી. એક તો પૈસા ન હતા. મારી સાથેના ભાઈઓ પાસે પૈસા રહેતા. તે તો બજારમાં ગયા છે. પૈસા વિના કેવી રીતે ૧૬ માઈલ દૂર પેરિસ જેવા ભરચક નગરમાં જવાય ?

મારા રૂમની સાથે જ એક સહપ્રવાસી ભાઈ હતા. તેની પાસેથી પૈસા તો લીધા. પણ બીજી મુશ્કેલી ભાષા તથા આટલે બધે દૂર જવું કેવી રીતે ? કેટલી આંટીઘૂંટીઓ વચ્ચે આવે ! પણ હું હિમ્મત ના હાર્યો. લિફ્ટમાં છેક નીચે ઊતર્યો. મૅનેજર પાસે ગયો. એફિલનું ચિત્ર બતાવ્યું અને સમજાવ્યું કે મારે આ એફિલ જોવા જવું છે. તેને શંકા થઈ કે હું એકલો જઈ શકીશ કે કેમ ? અને સૌથી મહત્ત્વનું હતું સમયસર પાછા ફરવાનું. જો સમયસર પાછા ન ફરાય તો આખી બસનું કામકાજ અટકી જાય અને સૌ ચિંતાતુર થઈ જાય.

પણ મારા અંદરનો રામ મક્કમ હતો. મૅનેજરે મને નકશો દોરી આપ્યો તથા સમજાવ્યું કે અહીંથી બે ફલાંગ દૂર રોમે નામનું ટ્યૂબ સ્ટેશન છે. ત્યાંથી ચાર્લ્સડિગાલ નામના સ્ટેશને જજો. ત્યાં ગાડી બદલીને ફલાણા નંબરની

ગાડીમાં બેસજો. ત્યાંથી ફરી પાછા ફલાણા સ્ટેશને (અત્યારે યાદ નથી) ગાડી બદલજો, બસ, ત્યાંથી સીધા એફિલ પહોંચી જશો.'

મારે અંડરગ્રાઉન્ડ રેલવેમાં ત્રણવાર ટ્રેન બદલવાની હતી. હું એકલો જ થોડે દૂર ચાલ્યો તો સામેથી અમારા બે સાથીદારોને આવતા જોયા. મને જોઈને તેમને નવાઈ લાગી. 'આમ એકલા જ ક્યાં નીકળી પડ્યા?' મેં તેમને વિસ્તારથી સમજાવ્યું કે, હું એફિલ જોવા જઉં છું. અહીં આવીને જો એફિલને સારી રીતે ના જોઈએ તો અવગતિયા જ થવું પડે. તે હસ્યા અને તે પણ મારી સાથે આવવા તૈયાર થયા. હવે પૈસાની ચિંતા ન હતી. અમે ત્રણે ઉપડ્યા.

અંગ્રેજી ભાષા કોઈ સમજે નહિ. એફિલ કહેવાથી પણ કોઈ સમજે નહિ. (ફ્રાંસમાં તેનું ઉચ્ચારણ તથા નામ કાંઈક જુદું જ લાગ્યું) પણ મેં ચિત્ર લીધેલું તે બતાવીએ અને ઈશારતથી સમજાવીએ કે અહીં જોવા જવું છે. રોમે સ્ટેશનવાળા ક્લાર્કને ચિત્ર દ્વારા સમજાવ્યું અને ઠેઠની ટિકિટ લઈ લીધી. ભૂમિગત ટ્રેનમાં બેઠા, બધું જ નવું તથા અજાણ્યું. પણ વ્યવસ્થા એટલી સુંદર કે એકવાર જો તમને ઘેડ બેસી જાય તો કોઈને પૂછવાની જરૂર ના પડે. ટ્રેનમાં તમે કોઈ પણ સીટ પર બેઠા હો, ત્યાં બેઠા બેઠા વાંચી શકાય તેવો નકશો તથા આવતાં સ્ટેશનોનાં નામ લખ્યાં હોય. આખા ડબામાં કેબિન આગળ આવી વ્યવસ્થા હોય. બીજી તરફ રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર પણ આ છેડેથી બીજા છેડે સુધી મોટા અક્ષરે અનેક સ્થળોએ સ્ટેશનોનું નામ લખ્યું હોય, બારીમાંથી જુઓ, અને વાંચો અને પછી તમારા ડબામાંના દોરેલા નકશામાં એ નામ મેળવી લો, બસ તમને ખાતરી જ થઈ જાય કે આપણે બરાબર માર્ગે જઈ રહ્યા છીએ. કોઈને કશું પૂછવાની જરૂર નહિ. અમે ચાર્લ્સડિગાલ સ્ટેશને ઊતરી પડ્યા અને ગાડી બદલી. અમારો સહારો એફિલનું ચિત્ર હતું. ભાષા તો કોઈ સમજે જ નહિ. ફરી ઊતર્યા અને ફરી ટ્રેન બદલી. પણ આ વખતે થાપ ખાઈ ગયા. ખોટી ટ્રેનમાં બેસી ગયા. એક-બે સ્ટેશન જતાં જ ખ્યાલ આવી ગયો. નકશા પ્રમાણે સ્ટેશનો ના આવે. અમે સમજી ગયા કે ભૂલ થઈ ગઈ છે. હવે શું કરવું ? મૂંઝાયા. પૂછવું કોને ? ભાષાનો વિકટ પ્રશ્ન. ૪-૫ સ્ટેશનો ગયા પછી ઊતરી ગયા. મનમાં ને મનમાં હસવું આવ્યું, 'ચાલો એફિલ નહિ જોવા મળે તો કાંઈ નહિ. ભૂમિરેલમાં મહાલ્યા.' ધીરે ધીરે પ્લૅટફૉર્મ ખાલી થઈ રહ્યું હતું. સૌ કોઈ પોતાના ગંતવ્ય સ્થળ તરફ ઝડપભેર દોટ મૂકી રહ્યા હતા. અમારા જ પગ દોટ નહોતા મૂકતા, કારણ કે અમારું ગંતવ્યસ્થળ અમારાથી ખોવાઈ ગયું હતું.

મારી નજર ધીમા પગલે જતી એક ત્રિપુટી ઉપર પડી. બે પુરુષો અને એક સ્ત્રી. ત્રણે, કાળા રંગનાં આફ્રિકનો-કદાચ આ લોકો અંગ્રેજી જાણતાં હોય તેવી આશાએ તેમની પાસે ગયા. અંગ્રેજીમાં વાત શરૂ કરી, પણ એ ફ્રેંચ જ જાણતાં હતાં. પેલું ચિત્ર બતાવ્યું. આંખ આગળ દૂરબીનની માફક ખૂલી મૂઠી મૂકીને સમજાવ્યું કે આ જોવા જઈએ છીએ. બહેન હોંશિયાર હતી તે સમજી ગઈ. તેણે ફ્રેંચમાં જ અમને સમજાવવા સપાટો બોલાવવા માંડ્યો. અમે બાઘા જેવા તેની સામું જોઈ રહ્યા. કાંઈ સમજણ ના પડે. અમે હાર્યા, પણ તે ના હારી. સાથેના બન્ને પુરુષોને બાંકડા ઉપર બેસાડી તે અમને દોરવા માંડી. પુલ ઉપર ચઢાવી સામા પ્લૅટફૉર્મ ઉપર લઈ ગઈ. બે-ત્રણ ટ્રેનો ગયા પછી અમારી ટ્રેન આવી તેમાં અમને બેસાડ્યા અને કહ્યું, ''અ...દ....ત્રો... ત્રો... ત્રો...'' અને હાથની ઈશારત કરી ઊતરી જવાનું સમજાવ્યું. અમે હાથ જોડીને નમસ્કાર કરીએ અને કાંઈ આભાર વ્યકત કરીએ તે પહેલાં તો ટ્રેન સડસડાટ ઊપડી ગઈ. ચક્ષુથી તો પલકભર જ તેનો ચળકતા ઊજળા દાંતવાળો કાળો ચહેરો જોઈ શકાયો, પણ આજે પણ સ્મૃતિપટ ઉપર તે જેમની તેમ હસી હસીને હાથ હલાવી રહી છે. કહે છે, ''તમે પણ આવી જ રીતે કોઈ ભૂલેલાને રાહ બતાવજો. સમય ના હોય તો સમય કાઢીને પણ આમ કરજો. બસ આનું નામ ધર્મ છે. આ જ માનવતા છે.''



ત્રીજું સ્ટેશન આવ્યું (ફ્રેંચ ભાષામાં ઘણાં સંસ્કૃત શબ્દો જેમના તેમ વપરાય છે. ત્રો એટલે ત્રિ, ત્રયઃ) ''ત્રો... ત્રો... ત્રો...'' પેલી બહેનના શબ્દો યાદ આવ્યા. અમે ઝટ દઈને ઊતરી પડ્યા. ધરતી ઉપર આવ્યા. જોયું તો સામે જ એફિલ, ઉન્નત શિરે, છાતી કાઢીને અમારું સ્વાગત કરી રહ્યો છે. અમારા આનંદનો પાર ન હતો. ઝટ-ઝટ બુકિંગની લાઈનમાં ભાઈને ઊભા રાખી, નીચેથી એફિલને જોયો, ખૂબ જોયો. એટલામાં ટિકિટો આવી. અમે ત્રણે એક સાથે ૨૫૦ માણસો લઈ જઈ શકાય તેવી લિફ્ટમાં બેઠા. પહેલા માળે પહોંચ્યા. ભવ્ય પ્લૅટફૉર્મ બે-ત્રણ હજાર માણસો હરીફરી શકે તેટલું વિશાળ. ત્યાં થોડો સમય રોકાઈને ફરી પાછા લિફ્ટમાં બેઠા અને ઊંચે દૂર... બીજા માળે પહોંચ્યા. અહોહો... માણસે શું કમાલ કરી છે ! ચારે તરફ દૂર દૂર સુધીનું પેરિસ દેખાય. ઉપર દૂરબીન ગોઠવેલાં જેથી તમારા લક્ષ્યને બરાબર જોઈ શકાય. છેક શિખર ઉપર ત્યારે જવાતું ન હતું. પેટ ભરીને નિહાળીને અમે નીચે ઊતર્યા. ફરી પાછો પેલો માર્ગ 'રોમે' સ્ટેશનની ટિકિટ અને ગાડીઓ બદલતા બદલતા પહોંચ્યા ઉતારા ઉપર.

અમારા સહપ્રવાસીઓને જ્યારે ખબર પડી કે અમે એફિલ ઉપર ચઢી આવ્યા, ત્યારે તેમના પશ્ચાતાપનો પાર ના રહ્યો. તેમને પણ એફિલ ઉપર ચઢવું જ હતું પણ સમય ના હોવાથી માત્ર નજીકથી જોઈને જ બધાં આવી ગયા હતાં.

અમારા નાના સરખા સાહસને લીધે અમને ફરીથી એફિલ જોવા મળ્યો, એટલું જ નહિ ઠેઠ ઉપર પણ ચઢવાનું મળ્યું.

એફિલની ભવ્યતાની સાથે સાથે આજે પણ પેલી બહેનના, ''ત્રો... ત્રો... ત્રો....'' શબ્દો યાદ આવે છે. જેમ મા બાળકને કાંઈ શિખવાડે તેમ તે અમને શિખવાડતી હોય તેમ બોલતી હતી. એ 'ત્રો'નો અર્થ તો ત્રીજું સ્ટેશન એમ થાય. પણ મને લાગે છે કે તેના વાચ્યાર્થ કરતાં તેનો વ્યંજનાર્થ પ્રબળ છે : કોઈ ભૂલ્યા ભટક્યાને રાહ બતાવજો. માર્ગ બતાવનારને પ્રભુ પણ માર્ગ બતાવે છે, પોતાને પામવાનો.

(વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગમાંથી)

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિના અધ્યાપનની શરૂઆતમાં દુનિયાની સાત અજાયબીઓ વિશે ચર્ચા કરીને વિદ્યાર્થીઓને એફિલ ટાવરના માનસપ્રવાસ માટે સજ્જ કરી શકાય. કોઈપણ પ્રવાસે જતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, સાથે રાખવાની વસ્તુઓ, આવશ્યક માહિતી મેળવવાની જરૂરિયાત વિશે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને તે બાબતનું જ્ઞાન પાઠમાં આવતા વિષયવસ્તુ સાથે સાંકળી શકાય.

એફિલ ટાવરના અદ્‌ભુત વર્ણનને વિદ્યાર્થીઓ પોતાની સરળ ભાષામાં રજૂ કરી શકે તે માટે માર્ગદર્શન સાથે પ્રેરણા પણ આપી શકાય.

પ્રવાસ દરમ્યાન સમયની પાબંદીનું મહત્ત્વ વિદ્યાર્થીઓના ધ્યાનમાં લાવી શકાય.

સૌથી મહત્ત્વની વાત એટલે અહીં લેખકે આપણને આપેલો પરોક્ષ છતાં બહુમૂલ્ય સંદેશો વિદ્યાર્થીઓના હૃદયમાં સાચા અર્થમાં દૃઢ થઈ શકે તેવા પ્રયત્નો જુદાંજુદાં ઉદાહરણો આપીને કરી શકાય.

દરેક પ્રવાસ માત્ર આનંદ મેળવવા જ નહિ પરંતુ આપણો પ્રવાસ જ્ઞાનવર્ધક અને ચિંતનાત્મક બની રહે, તે માટે વિદ્યાર્થીઓને સજ્જ થવાની પ્રેરણા આપી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) ઈનામ (૨) નવાઈ (૩) ઢીલું (૪) અવયવ

(૫) પસ્તાવો (૬) ગૂંચવણ (૭) લોચન (૮) વહેમ

**સ. ૨. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) મહત્ત્વનું કે ગૌરવભર્યું સ્થાન મેળવવાની ઇચ્છા – ________________

(૨) ભૂગર્ભમાંથી પસાર થતી ટ્રેન – ________________

(૩) વ્યંજનશક્તિના આધારે વાક્યના સ્પષ્ટ અર્થમાં થતો વિશિષ્ટ ભાવ – ________________

(૪) કોઈપણ વસ્તુ પર થતું કુશળતાપૂર્વકનું કલાત્મક કાર્ય – ________________

**સ. ૩. રૂઢિપ્રયોગનો અર્થ લખો, જરૂર જણાય તો શબ્દકોશનો ઉપયોગ કરો :**

(૧) ઝપટ લગાવવી (૨) ઘેડ બેસી જવી

(૩) રામ મક્કમ હોવો (૪) ગાત્ર શિથિલ થવા

(૫) અવગતિયા થવું (૬) પશ્ચાતાપનો પાર ન રહેવો

સ. ૪. ઉદાહરણ પ્રમાણે લખો : દા.ત.અઘરું : સહેલું

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| સર્જન | પ્રત્યક્ષ | ઉન્નત | સ્વીકૃત | વ્યવસ્થા |
| | | | | |

સ. ૫. 'આંટીઘૂંટી' શબ્દપ્રયોગ જુદાજુદા પ્રકારની ભૂલભૂલામણીનો નિર્દેશ કરે છે. દા.ત.પૈસાની, સમયની વગેરે... નીચેની આંટીઘૂંટી દર્શાવતાં સરળ વાક્યો બનાવો :

(૧) ભાષાની આંટીઘૂંટી – ------------------------------

(૨) નકશાની આંટીઘૂંટી – ------------------------------

(૩) સમયની આંટીઘૂંટી – ------------------------------

(૪) પૈસાની આંટીઘૂંટી – ------------------------------

સ. ૬. 'છેક' શબ્દની જગ્યાએ 'ઠેઠ' શબ્દ પણ મૂકી શકાય :

દા.ત. છેક ઉપર સુધી લિફ્ટમાં ગયા.

ઠેઠ ઉપર સુધી લિફ્ટમાં ગયા.

'ઠેઠ' નો ઉપયોગ કરી ૪ વાક્યો બનાવો.

સ. ૭. યોગ્ય વિકલ્પ શોધીને વિધાન પૂર્ણ કરો :

(૧) બસ ચાલી જશે, સાંભળતાં જ --------------------

(અ) મને ગભરામણ થઈ ગઈ (આ) લોકોની દોડાદોડી મચી ગઈ (ઇ) ગાત્ર શિથિલ થઈ ગયા

(૨) પેરિસ જઈને જો એફિલ ટાવર સારી રીતે ના જોઈએ તો --------------------

(અ) ફેરો સફળ ન થાય (આ) અવગતિયા જ થવું પડે (ઇ) પેરિસનો પ્રવાસ નકામો જાય

(૩) અમારા સહપ્રવાસીઓને જ્યારે ખબર પડી કે અમે એફિલ ઉપર ચઢી આવ્યા, ત્યારે ----------

(અ) તેમના પશ્ચાતાપનો પાર ન રહ્યો


(આ) તેઓનું અંતઃકરણ દુઃખી થઈ ગયું (ઇ) તેઓએ સાથીદારો સાથે ઝઘડો કર્યો

(૪) કોઈ ભૂલ્યા ભટક્યાને રાહ બતાવનારને --------------------


(અ) પુણ્ય પ્રાપ્ત થાય છે (આ) પ્રભુ માર્ગ બતાવે છે (ઇ) સંતોષ પ્રાપ્ત થાય છે

સ. ૮. **સમજીને લખો :**


(૧)




(૨)




(૩)




સ. ૯. **નીચેનાં વિધાનોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) ત્યાંથી ચાર્લ્સડિગાલ સ્ટેશને જજો.

(૨) ગાડી બદલીને ફલાણા નંબરની ગાડીમાં બેસજો.

(૩) સીધા એફિલ પહોંચી જશો.

(૪) અહીંથી બે ફલાંગ દૂર રોમે નામનું ટ્યૂબ સ્ટેશન છે.

સ. ૧૦. **યોગ્ય કારણ લખો :**

(૧) લેખકને શોધવામાં કોઈને કશી મહેનત ના પડતી.

(૨) વૃદ્ધ ગાઈડ નારાજ થઈ ગયો હતો.

(૩) લેખકના ગાત્ર શિથિલ થઈ ગયા.

(૪) એફિલ ટાવર પાસે માત્ર વીસ મિનિટ જ વાહનને પાર્કિંગ અપાય છે.

સ. ૧૧. **ઓળખો :**

(૧) લેખકને જલદીથી બસમાં બેસી જવાનું કહેનાર સહપ્રવાસીનો દેશ – ------------------

(૨) ડ્રાઈવરને દંડ કરનાર – ------------------

(૩) લેખકને નકશો દોરી એફિલ સુધી પહોંચવાનું માર્ગદર્શન આપનાર – ------------------

(૪) લેખકને રાહ બતાવનાર સ્ત્રીનો દેશ – ------------------

(૫) એફિલ ન જોવાનો પશ્ચાતાપ કરનાર – ------------------

સ. ૧૨. 'એફિલ ટાવર'ની ભવ્યતા તમારા સરળ શબ્દોમાં આઠથી દસ વાક્યોમાં લખો.

સ. ૧૩. નીચેના વાક્યોને આજ્ઞાર્થમાં ફેરવો :

(૧) આ નંબરની ગાડીમાં બેસજો.
(૨) ત્રીજા સ્ટેશને ગાડી બદલશો.
(૩) ભૂલેલા મુસાફરને જરૂર માર્ગ બતાવશો.
(૪) સમય કાઢીને પણ બીજાને મદદ કરશો.

સ. ૧૪. કૃદંત શોધી યોગ્ય પ્રકાર લખો :

(વર્તમાન કૃદંત, ભૂતકૃદંત, ભવિષ્ય કૃદંત, વિધ્યર્થ કૃદંત, સંબંધક કૃદંત)

(૧) એફિલ ટાવર પ્રત્યક્ષ નિહાળ્યો ત્યારે આશ્ચર્યચકિત થઈને જોતો જ રહી ગયો.
(૨) ઘણાં મહાપુરુષ થનારમાં થોડું ધૂનપ્રેરિત પાગલપણું જોવા મળે છે.
(૩) અમે દૂર સુધી પથરાયેલ ભવ્ય ફુવારા જોવા ગયા.
(૪) બધાંની વ્યવસ્થા કરવી કઠિન પડે છે.
(૫) ચા પીતાં પીતાં વિચારોમાં પડી ગયો.
(૬) મારી સાથેના ભાઈઓ પાસે પૈસા રહેતા.

★ લેખકને છોડીને બસ જતી રહી હોત તો ! ....... વર્ગમાં સમૂહચર્ચા કરો.

## પ્રકલ્પ

★ દુનિયાની સાત અજાયબીઓની માહિતી ઇન્ટરનેટની મદદથી મેળવીને ચિત્ર સહિત ચાર્ટસ બનાવો.

★ ઇન્ટરનેટ ઉપરથી કોઈપણ પેકેજ-ટૂરની માહિતી મેળવીને તેના આધારે તમે 'મહારાષ્ટ્ર દર્શન'ના પ્રવાસની યોજના બનાવો અને એ પ્રવાસ કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓની નોંધ કરો.

★ 'મારી નજર ધીમા પગલે જતી.... ત્યાંથી ......... આ જ માનવતા છે.' આ પરિચ્છેદમાંથી કોઈપણ પાંચ પ્રશ્નો બનાવો.

## લેખન કૌશલ્ય

★ 'મારો યાદગાર પ્રવાસ' વિશે ૮૦થી ૧૦૦ શબ્દમાં એક નિબંધ લખો.

★ સમય, સદુપયોગ, આળસ, નિરર્થક, મોબાઈલ, કમ્પ્યુટર વગેરે શબ્દોનો ઉપયોગ કરીને 'સમયનો સદુપયોગ' વિશે એક પરિચ્છેદ તૈયાર કરો.

FHESZB

શરીર સાથે મનની મુસાફરી એટલે પ્રવાસ

# ૪. વૃક્ષોપનિષદ

## ગુણવંત શાહ

તેમનો જન્મ સુરત પાસે આવેલા રાંદેર ગામે ૧૨ માર્ચ, ૧૯૩૭ના રોજ થયો હતો. શાળાકીય શિક્ષણ રાંદેર અને સુરતમાં લીધા પછી કૉલેજનું શિક્ષણ વડોદરામાં લીધું. તેઓ દેશવિદેશમાં અધ્યાપક તરીકે કાર્યરત રહ્યા છે. નિબંધકાર, શિક્ષણશાસ્ત્રી, કટાર લેખક, ચિંતનાત્મક લેખક જેવી બહુમુખી પ્રતિભા ધરાવનાર ગુણવંતભાઈએ આપેલા પુસ્તકોની સંખ્યા પણ ઘણી મોટી છે.

'કાર્ડિઓગ્રામ', 'રણ તો લીલાછમ', 'વિચારોનાં વૃંદાવનમાં', 'કોકમવરણો તડકો' વગેરે નિબંધસંગ્રહો છે. 'કૃષ્ણનું જીવન સંગીત', 'ઈશાવાસ્યમ્', 'ઘેરઘેર ગીતામૃત' જેવા ચિંતનાત્મક પુસ્તકો પણ તેમણે આપેલા છે.

રણજિતરામ સુવર્ણચંદ્રક, સ્વામી સચ્ચિદાનંદ સન્માન, પદ્મશ્રી એવૉર્ડ અને બીજા અનેક પારિતોષિકોથી તેઓ વિભૂષિત છે.

## સૂર કૃતિનો


આપણે વૃક્ષને દેવતા માનીએ છીએ તેનો સ્પષ્ટ ચિતાર આપણને તેના શીર્ષક દ્વારા જ મળી રહે છે. વૃક્ષને ઉપનિષદ તરીકે સંબોધીને લેખકે નવો ચીલો ચાતર્યો છે.

મનુષ્યત્વ અને વૃક્ષત્વ બંનેને જાળવવાની વાત કરતાં લેખક બહુ સાચી વાત કરે છે કે, 'વૃક્ષને માણસ વગર ચાલે પણ માણસને વૃક્ષ વગર નહિ ચાલે.'

ગામ, શહેર, ગલી મહોલ્લાના નામ પણ વૃક્ષોના નામ ઉપરથી છે, તેની વાત કરતાં લેખક વૃક્ષના અનેકાનેક ઉપયોગો ઉપરાંત વૃક્ષ આગાહી કરવામાં ઉપયોગી છે તે બતાવવા અમેરિકાના ફાઈમર નામના માણસની અને જાપાનીઝ વૃક્ષની વાત કરે છે.

જંગલનાં અને શહેરનાં વૃક્ષોની જુદીજુદી સ્થિતિને લેખકે અહીં પોતાની અદ્‌ભુત કલ્પના દ્વારા સચોટ રીતે રજૂ કરી છે.

માણસના ભાવજગતમાં વૃક્ષનું સ્થાન ખૂબ મહત્ત્વનું રહ્યું છે. બોધગયા પાસેનું બોધિવૃક્ષ અમર બની ગયું. શાંતિનિકેતનમાં આજે ય એક વડ ઊભો છે જેની નીચે બેસીને ગુરુદેવ ટાગોર બાળકોને ભણાવતા. (હવે શાંતિ- નિકેતનમાં આ વડ સિવાય ટાગોરને સાચી રીતે સમજનારું કોઈ નથી.) મદ્રાસમાં અડયારની થિયોસોફિકલ સોસાયટીનો વિશાળ વડલો દુનિયાભરમાં જાણીતો છે. કલકત્તાના બોટનિકલ ગાર્ડનમાં ઊભેલો પ્રભાવશાળી વડ પ્રવાસીઓનું આકર્ષણ બની રહે છે. વડ પરથી વડોદરા (વડ વત્તા ઉદરા) થયું અને પાંચ વૃક્ષો (પીપળો, આમલી, આસોપાલવ, વડ અને બીલી) ભેગાં મળ્યાં ત્યાં પંચવટી થયું.




કવિ નર્મદે કબીરવડ પર કાવ્ય લખીને એની પર્સનાલિટીને એક જુદું જ પરિમાણ આપ્યું. ગુજરાતી વાચન-માળામાં એ કાવ્ય ભણીને આપણે સૌ મોટાં થયાં, આજેય હજી એ પંક્તિઓ ભૂલાતી નથી :

**ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ઘુમસે પા'ડ સરખો,**
**નદી વચ્ચે ઊભો, નિરભયપણે એક સરખો.**

વૃક્ષ સાથેની દોસ્તીને કારણે શહેરોમાં પણ ખજૂરીની પોળ, લીમડાપોળ, તાડફળિયું અને આમલીરાન (આમલીનું જંગલ) જેવાં નામો જોવા મળે. રાંદેરમાં તાપીકાંઠે આવેલા એક ઓવારાનું નામ છે, 'પાંચ પીપળી ઓવારો.', 'પીપળ' (અશ્વત્થ) પરથી જ 'પીપળોદ' (પીપલોદ) થયું હશે ને ! મુંબઈમાં લેબરનમ (ગરમાળો) રોડ જાણીતો છે. ગુજરાતમાં પીપળા પરથી જે ગામોનાં નામો પડ્યાં છે તેની યાદી મારી પાસે છે અને તે ખાસી લાંબી છે.

થોડા સમય પર મને ઍન્ડોલા (ઝામ્બિયા)માં એક વૃક્ષ બતાવવામાં આવ્યું જેની નીચે એક જમાનામાં ગુલામોની હરાજી થતી. ગુલામીનાં મૂળ પણ એ વૃક્ષનાં મૂળ જેટલાં જ ઊંડાં ! જંગલમાં તો ઊધઈનો રાફડો પણ પૂરો સ્વતંત્ર, જ્યારે શહેરોમાં વૃક્ષો પણ સદાય કટોકટીમાં જ જીવે.

એક અનોખા વૃક્ષની વાત કરવી છે. કેન્ટકી (અમેરિકા)માં ફાઈમર નામનો માણસ રહે છે, જેનો ધંધો તેલની વહેંચણી કરવાનો છે. આ માણસ આબોહવા અંગે જે કોઈ આગાહી કરે છે તે અચૂક સાચી પડે છે. જાન્યુઆરીમાં કેન્ટકીમાં ચાર ઇંચનો બરફનો થર જમીન પર જામેલો અને ફાઈમરે આગળથી આ આગાહી કરેલી. લોકો હવે એની વાત માનતા થયા છે.

ફાઈમર આ બધું શાને આધારે કહે છે ? એની પાસે એક ઈલમ છે. એના વાડામાં ત્રીશ ફૂટ ઊંચું જાપાનીઝ વૃક્ષ છે જે એના સસરાએ સન ૧૯૨૮માં રોપેલું. ફાઈમર ઋતુ અંગેના વરતારા માટે આ વૃક્ષનો ઉપયોગ કરે છે. એક ફૂટ

જેટલું લાંબું થરમૉમીટર વૃક્ષના હૈયામાં ગોઠવીને એ અંદરનું ઉષ્ણતામાન નોંધે છે અને વાતાવરણના ઉષ્ણતામાન સાથે સરખાવીને પોતાની ખાસ ફૉર્મ્યુલા માંડે છે. અમેરિકાની વેધશાળા ફાઈમરનો ઉપયોગ ન કરી શકે ? એ શક્ય નથી કારણ કે ફાઈમર પોતાની ફૉર્મ્યુલા બતાવવા તૈયાર નથી; એટલું જ નહીં પણ પોતાનું વૃક્ષ સોંપવા પણ તૈયાર નથી. એક બરણીમાં જ પાણી ભરીને એમાં ઊંધી સોડાની બાટલી એ ગોઠવે છે. આ છે એનું બૅરોમીટર. લોકો એને હવે વૃક્ષશાસ્ત્રી (Treeologist) કહે છે.

ફાઈમરની આ કસબચોરી ઘૃણા પેદા કરે તેવી જણાય છે પરંતુ એક વૃક્ષની મદદથી વરતારા બહાર પાડવાની આ પ્રથા દાદ માગી લે તેવી છે, સૌને અચંબામાં નાખી દે તેવી એક આગાહી એણે કરેલી. નવમી માર્ચે આ પ્રદેશમાં પહેલું રૉબિન પક્ષી દેખા દેશે એવું એણે જાહેર કરેલું. કદાચ ફાઈમરની સાથે જ એની રહસ્યમય ફૉર્મ્યુલા જમીનમાં દટાશે, એક વૃક્ષ એટલે શું તેની સાચી સમજ બહુ ઓછા માણસોને હોય છે. મનુષ્યત્વ અને વૃક્ષત્વ, બંનેને જતનપૂર્વક જાળવી રાખવાં જોઈએ. બંનેને એકબીજા વગર નહીં ચાલે. કદાચ વૃક્ષને આપણા વગર ચાલે પણ આપણું તો વૃક્ષ વગર અટકી જ પડે.

(તા.ક.- લેખમાં ઉલ્લેખ કરાયેલ કેન્ટકીના વૃક્ષ વિશારદ ડિકશન ફાઈમર અને તેમનું મેપલ ટ્રી હાલ હયાત નથી.)

### માર્ગદર્શક સ્તંભ

વિદ્યાર્થીઓને નવમા ધોરણ સુધીમાં ભણી ગયા છે તેવી કોઈપણ વૃક્ષ વિષયક કવિતાનું સમૂહગાન કરાવી શકાય. પ્રકૃતિના સૂર્ય, વાયુ, વરુણ, અગ્નિ વગેરે દેવતાઓ સંબંધી લઘુત્તરી પ્રશ્નો પૂછીને પ્રસ્તુત કૃતિનું અધ્યાપન શરૂ કરી શકાય.

વૃક્ષોના ઉપયોગ વિશે સક્રિય ચર્ચા કરી શકાય તે દ્વારા પ્રસ્તુત કૃતિના વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ થઈ શકે. ફાઈમરની ફૉર્મ્યુલા દ્વારા, થરમૉમીટર, બૅરોમીટરની સંકલ્પના સમજાવતી વખતે સામાન્ય વિજ્ઞાન સાથે અનુબંધ બાંધી શકાય.

વૃક્ષોના મહત્ત્વ અને ઉપયોગ વિશે ચર્ચા કરતી વખતે પર્યાવરણની શુદ્ધિ માટે, વૃક્ષસંવર્ધન માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરી શકાય. વૃક્ષારોપણ કરાવીને પ્રદૂષણ દૂર કરવાના ઉપાયો બાબત જાગૃતિ લાવી શકાય. વૃક્ષને મિત્ર બનાવવા જુદાજુદા ઉપક્રમોનું આયોજન કરી શકાય.

## સ્વાધ્યાય

સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલ શબ્દો શોધો :

(૧) ભવિષ્યવાણી (૨) કિનારો (૩) ધારો (૪) ઈલમ
(૫) આઝાદ (૬) નફરત (૭) લિલામી (૮) હિમ

સ. ૨. પાઠમાં આવતા સમાનાર્થી શબ્દોની જોડી શોધીને લખો. દા.ત.વરતારો – આગાહી.

સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

(૧) આકાશીય પદાર્થોનું દર્શન, ગતિ તેમજ નિરીક્ષણ કરવાનું યાંત્રિક સાધનોથી સજ્જ સ્થળ – ------------------

(૨) પાંચ વૃક્ષોનો સમૂહ – ------------------

(૩) તપ કરે તે – ------------------


(૪) યજ્ઞ કરે તે – ------------------

(૫) કદી ન મરે તેવું – ------------------


સ. ૪. પાઠમાંથી કોઈપણ ત્રણ રૂઢિપ્રયોગ શોધીને તેનો અર્થ લખો. જરૂર પડે તો શબ્દકોશનો ઉપયોગ કરો.

સ. ૫. યોગ્ય શબ્દ બનાવો :


(અ)





(બ) 'હેતુ + પૂર્વક' કરીએ, તો હેતુપૂર્વક થાય તેમ 'પૂર્વક' જોડી શબ્દો તૈયાર કરો :




(ક) 'મહત્+ત્વ' કરીએ, તો મહત્ત્વ થાય એ રીતે'ત્વ' જોડી શબ્દો તૈયાર કરો :




(ડ) 'સંગીત+ શાસ્ત્રી' કરીએ, તો સંગીતશાસ્ત્રી થાય તેમ 'શાસ્ત્રી' જોડી શબ્દો તૈયાર કરો :



**સ. ૬. અર્થ બદલ્યા વગર વાક્યનું રૂપાંતર કરો :**

(૧) આ વિશાળ વડલો બધા માટે જાણીતો છે.


(૨) વૃક્ષના મૂળ એટલાં ઊંડાં નહોતાં.

(૩) એની આગાહી અચૂક સાચી પડતી.


(૪) ફાઈમરની વેધશાળાનો ઉપયોગ થતો.

**સ. ૭. યોગ્ય શબ્દ લખો :**


(૧)




(૨)




(૩)




**સ. ૮. ઓળખો :**

(૧) કબીરવડ પર કાવ્ય લખનાર – ------------------

(૨) આબોહવા અંગે આગાહી કરનાર – ------------------

(૩) ફાઈમરનું મૂળ વતન – ------------------

(૪) તાપીકાંઠે આવેલા ઓવારાનું નામ – ------------------

(૫) ગુલામોની હરાજી થતો તે દેશ – ------------------

**સ. ૯. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) ___________________ મૂળ પણ એ વૃક્ષના મૂળ જેટલાં જ ઊંડા !

(અ) વડના (આ) વેલીના (ઇ) ગુલામીના

(૨) એક વૃક્ષની મદદથી ___________________ બહાર પાડવાની આ પ્રથા દાદ માગી લે તેવી છે.

(અ) વરતારા (આ) માહિતી (ઇ) ફૉર્મ્યુલા

(૩) મનુષ્યત્વ અને _________________________ બંનેને જતનપૂર્વક જાળવી રાખવા જોઈએ.

(અ) દેવત્વ (આ) વૃક્ષત્વ (ઇ) પુરુષત્વ

(૪) શહેરોમાં વૃક્ષો પણ સદાય ___________________ જ જીવે.

(અ) પરેશાનીમાં (આ) કટોકટીમાં (ઇ) મુશ્કેલીમાં

**સ. ૧૦. લખો :**

(૧) ફાઈમરના બૅરોમીટરનું વર્ણન

(૨) અમેરિકાની વેધશાળા ફાઈમરનો ઉપયોગ ન કરી શકતી હોવાનું કારણ

(૩) દરેકને અચંબામાં નાંખી દેનાર ફાઈમરની આગાહી

**સ. ૧૧. 'વૃક્ષત્વ અને મનુષ્યત્વ બંનેને જતનપૂર્વક જાળવવા જોઈએ.' આ ઉક્તિને તમારા શબ્દોમાં સમજાવો.**

**સ. ૧૨. યોગ્ય વિરામચિહ્ન મૂકો :**

(૧) ફાઈમર આ બધું શાને આધારે કહે છે

(૨) લોકો હવે એની વાત માનતા થયા છે

(૩) ફાઈમર પોતાની ફૉર્મ્યુલા બતાવવા તૈયાર નથી એટલું જ નહિ પણ પોતાનું વૃક્ષ સોંપવા પણ તૈયાર નથી

(૪) ગુલામીનાં મૂળ પણ એ વૃક્ષનાં મૂળ જેટલાં જ ઊંડાં

**સ. ૧૩. નીચેની સંધિ છોડો :**

(૧) વૃક્ષોપનિષદ (૨) યોગીન્દ્ર (૩) સદૈવ

(૪) શુભેચ્છા (૫) તલ્લીન (૬) નિશ્ચલ

**સ. ૧૪. વિશેષણ શોધી તેને રેખાંકિત કરી તેનો પ્રકાર લખો :**

(૧) મદ્રાસનો વિશાળ વડલો દુનિયાભરમાં જાણીતો છે.

(૨) શાંતિનિકેતનમાં આજે ય એક વડ ઊભો છે.

(૩) આ વૃક્ષોનાં મૂળિયાં ઘણાં ઊંડાં છે.

(૪) બોધગયામાં કયું વૃક્ષ અમર બની ગયું છે?

(૫) કુદરતનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

(૬) ઘણાં વૃક્ષોનાં મૂળિયાં ઔષધ માટે વપરાય છે.

સ. ૧૫. નામ શોધી તેનો પ્રકાર ઓળખો :

(૧) નદી સાગરને મળે છે.

(૨) તારું સ્વરૂપ અદ્ભુત છે.

(૩) સાગરનું પાણી પી શકાતું નથી.

(૪) મનનાં ઊંડાણ માપવા મુશ્કેલ છે.

(૫) સામાજિક કાર્યો દ્વારા સમાજ પ્રગતિ સાધે છે.

★ જો વૃક્ષ જ ન રહે તો ! ....... સૂમહમાં ચર્ચા કરો.

## પ્રકલ્પ

★ નીચેના વિશે ઇન્ટરનેટ ઉપરથી માહિતી મેળવીને ચાર્ટ બનાવો :

(૧) બોટનિકલ ગાર્ડન (૨) થિયોસોફિકલ સોસાયટી

★ પ્રસ્તુત પાઠના અંતિમ બે પરિચ્છેદમાંથી પાંચ પ્રશ્નો બનાવો.

## લેખન કૌશલ્ય

★ તમારી શાળામાં સ્વાતંત્ર્યદિને 'વૃક્ષારોપણ'નો કાર્યક્રમ સફળતાપૂર્વક ઉજવાયો. તે કાર્યક્રમનો અહેવાલ વર્તમાનપત્રમાં મોકલવા માટે તૈયાર કરો.

★ નિબંધ લખો : 'વિસરાઈ ગયેલી રમતો.'

★ દિવ્યાંગ બાળકોએ તૈયાર કરેલ સુગંધિત અગરબત્તીના પ્રદર્શન અંગેની જાહેરખબર લખો.

★ તમારો મિત્ર એક ભયંકર અકસ્માતમાંથી ઉગરી ગયો છે. તેની ખુશી વ્યક્ત કરતો પત્ર તમારા મિત્રને લખો.

વૃક્ષો મનુષ્ય માટે સંજીવની છે.

FHNP1Y

# ૫. જો ઢોર ફરિયાદ કરે તો...

**દિનકર જોષી**

ભાવનગર જિલ્લાના ભડી-ભંડારિયા ગામે ઇ.સ. ૧૯૩૭માં ૩૦ જૂને તેમનો જન્મ થયો હતો. ઇતિહાસ અને પોલિટિક્સ સાથે બી.એ. થયા પછી લગભગ ૩૬ વર્ષ સુધી તેમણે બૅંકમાં સેવા આપી છે. ૧૯૫૦થી સાહિત્ય સર્જનની શરૂઆત કરી. નવલકથા, વાર્તા, સંપાદન, નિબંધ, સંશોધન, અનુવાદના ૧૫૦થી વધારે પુસ્તકો આપ્યા છે વળી આ લેખકની બે નવલકથા વધુ નોંધપાત્ર રહી છે. 'પ્રકાશનો પડછાયો' અને 'શ્યામ એકવાર આવોને'.


ગુજરાતી સાહિત્યના સત્ત્વશીલ ગ્રંથોને વિવિધ ભારતીય ભાષાઓમાં અનુવાદિત કરાવી પ્રકાશિત કરાવવાના વિશેષ કાર્ય માટે તેમણે ૨૦૦૫માં 'ગુજરાતી સાહિત્ય પ્રદાન પ્રતિષ્ઠા'ની સ્થાપના કરી છે. 'ગિરનાર એવૉર્ડ', 'જીવનગૌરવ પુરસ્કાર' તથા બીજા અનેક સન્માનોથી નવાજવામાં આવ્યા છે. આજે પણ તેઓ લેખનક્ષેત્રે સક્રિય છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં લેખકે પ્રકૃતિના સંતુલનને જાળવવાની આપણને પરોક્ષ રીતે અસરકારક શબ્દોમાં સમજ આપી છે. પર્યાવરણ સુરક્ષા અને પ્રાકૃતિક સંસાધનોના સંતુલન તરફ પણ અંગુલિનિર્દેશ કર્યો છે.

અમદાવાદના સરખેજ રોડ પરથી આગળ જતાં ઢોરો માટેની જે ચરિયાણ જમીન હતી તેને સ્વાર્થી મનુષ્યોએ કબજે કરી લીધી હોવાથી સરખેજ રોડ પર નધણિયાતા ઢોરોની સંખ્યા અતિશય વધી ગઈ છે તેની વાત લેખકે બહુ માર્મિક રીતે રજૂ કરી છે. આવા નધણિયાતા ઢોરો માટે સરકારી ખાતા પણ જોઈએ તેટલા સકારાત્મક ઉપાયો શા માટે અમલમાં નહિ મૂકતા હોય તેવો પ્રશ્ન અહીં યોગ્ય પરિપ્રેક્ષ્યમાં વ્યક્ત થયેલો છે. આધુનિકતાએ પશુ-પક્ષી, જળચર પ્રાણીઓને ઘણી રીતે પરેશાન કર્યાં છે. પાઠનું શીર્ષક જ આપણને ઘણુંબધું કહી જાય છે. પ્રકૃતિના તત્ત્વોને જો વાચા ફૂટે તો તેમની વ્યથા આપણને દર્પણ બતાવી દે. છતાં આપણે હજી સુધી મૌન છીએ. 'સંતુલનમાં સમાધાન'ની ઉક્તિ આ કૃતિ દ્વારા સાર્થક થાય છે.

અમદાવાદ સરખેજ રોડ ઉપરથી અમારી ગાડી સડસડાટ દોડી રહી હતી. બપોરનો વખત હતો. એટલે પગપાળા માણસોની અવરજવર પ્રમાણમાં ઓછી હતી. આથી ઉલટું ચોપગાં પશુઓ, ખાસ કરીને ગાયોના ટોળાં ઠેર ઠેર મોટી સંખ્યામાં આ વાહનોની અવરજવરની વચ્ચોવચ કાં તો બેસી ગયાં હતાં અથવા ઊભાં હતાં, ભાગ્યે જ પાંચસો મીટર ગાડી સીધી ચાલતી હતી અને પછી તરત જ ઢોરના આ ટોળાં વચ્ચે આવી જવાને કારણે સ્ટીયરીંગ જમણે ડાબે કરવું પડતું હતું.




'હાઈવે ઉપર આવા નધણિયાતા ઢોરના ટોળાંનો ભારે ત્રાસ છે.' એક મિત્રે નિરીક્ષણ કર્યું.

'લાગતું વળગતું સરકારી ખાતું રસ્તા પર રખડતા આવા ઢોરને પકડીને ડબ્બામાં કેમ નહિ પૂરી દેતું હોય !' બીજા મિત્રે ટાપશી પૂરી.

એમની વાત સાચી હતી. આખે રસ્તે ક્યારેક તો માણસ કરતાં ઢોર વધારે દેખાય એવી પરિસ્થિતિ હતી.

'જુઓ.' મેં કહ્યું, 'થોડા વરસ પહેલાં આ રસ્તો અહીં હતો ?'

'ના.' પેલા સ્થાનિક મિત્રે ખુલાસો કર્યો. 'અહીં તો બધું ચરિયાણ હતું. લગભગ જંગલ જ કહો ને !'

'તો એનો અર્થ એમ થયો કે આસપાસના ગામડાંઓના પશુઓ માટે જે જગા સૈકાઓથી ચરિયાણ તરીકે ફાળવાયેલી હતી એ જગા આપણે બેપગા મનુષ્યોએ કબજે કરી લીધી છે. ખરેખર તો આ પશુઓ કદાચ આપણી સામે ફરિયાદ કરે કે અમારા પેઢી દર પેઢીથી નિશ્ચિત થયેલા ચરિયાણના માર્ગમાં આવીને તમે માણસો અમને નડો છો. તો એવું કહેવાનો એમને વધુ ન્યાયી અધિકાર છે.' મેં જરા વધુ વિગતે ફરિયાદ કરી રહેલા મિત્રોને કહ્યું.

પૃથ્વી ઉપર જે કંઈ બન્યું છે, એ બધું જ પોતાને માટે છે એવું માણસજાત માને છે. વાતાવરણમાં હવા હોય કે સમુદ્રનો જળરાશિ હોય, આ બધાનો આપણે એવી રીતે ઉપયોગ કરીએ છીએ કે જાણે એ આપણી સુવાંગ સંપત્તિ હોય. સમુદ્રમાં શારકામ કરતાં નીકળેલો તેલનો કદડો સમુદ્રમાં વસતાં હજારો જળચરોને ભરખી જતો હોય છે. સમુદ્ર એ એમનું આશ્રયસ્થાન છે. એ જ રીતે કેટલીયવાર હવાને પ્રદૂષિત કરીને આપણે નિર્દોષ પંખીઓને હણી લેતા હોઈએ

છીએ. જરૂર પડચે જંગલો કાપીને આપણે જમીન મેળવીએ છીએ. પણ જે જંગલો કપાયાં એનાં વૃક્ષો ઉપર વસતાં પંખીઓના અધિકાર ઉપર તો આપણે તરાપ જ મારીએ છીએ.

થોડાં વરસો પહેલાં એક ફાર્મહાઉસની મુલાકાતે જવાનું થયું. ત્યારે ફાર્મહાઉસના માલિક મિત્રે મને આંબાના વૃક્ષ ઉપર ઉગેલા મહોર દર્શાવીને કહ્યું હતું. – 'જુઓ, આ મહોરમાં ઝીણાં ઝીણાં સંખ્યાબંધ ફૂલો છે. આ બધા ફૂલોમાં એક-એક કેરી થઈ શકવાની ક્ષમતા હોય છે. આમ છતાં વાસ્તવમાં ખરેખર બને તો એવું છે કે એક મહોર ઉપર એક જ ફળ ઉગે છે અને બાકીના બધા ફૂલ નકામા જાય છે.'

'એવું કેમ ?' મેં પૂછ્યું. 'આ બધાં ફૂલોનું પૂરેપૂરું રક્ષણ થાય એવું તમે ન કરી શકો ?'

'મહોર ઉપર તમને જે સંખ્યાબંધ ફૂલો દેખાય છે, એમાંથી મોટાભાગનાં ફૂલો પંખીઓ ચણી જાય છે. કેટલાક ફૂલો ખરીને જમીન ઉપર પડે છે.' આટલું કહીને એમણે ઉમેર્યું. 'આ આંબો કે આ મહોર બધું જ કંઈ આપણા માટે નથી બન્યું. આ મહોરમાં પંખીઓનો પણ ભાગ છે. અને જે ધરતીએ આ મહોર પેદા કર્યા છે, એ ધરતીને પણ એની મીઠાશ પાછી પોતાના પેટાળમાં સમાવી લેવાનો અધિકાર છે. આમ જો ભાગે પડતું વહેંચી લઈએ તો આપણો અધિકાર એક મહોર દીઠ એક કેરી પૂરતો જ છે.'

એમની આ વાતે મને વિચાર કરતાં કરી મૂક્યો હતો. આટલા વરસેય એ વાત ભૂલાઈ નથી. ઈશ્વરે આ પૃથ્વી ઉપર ત્રણ ભાગ પાણી અને એક ભાગ ભૂમિ બનાવી છે. પાણી પાસેથી વધુ ભૂમિ પડાવી લેવા માટે આપણે દરિયો પૂરતા હોઈએ છીએ અને આ રીતે કાંઠા ઉપરથી જે ભૂમિ સંપાદિત થાય એને આપણે રિ-ક્લેઈમ લેન્ડ કહેતા હોઈએ છીએ. રિ-ક્લેઈમ એટલે પાછી મેળવેલી. આમાં એવો ગર્ભિત અર્થ છે કે જે ભૂમિ સમુદ્રે આપણી પાસેથી લઈ લીધી હતી એ આપણે પાછી મેળવી છે. આ સાચી વાત નથી, ખોટી રજૂઆત છે.

પણ પ્રકૃતિને એનો પોતાનો ન્યાય છે. આપણે જ્યારે સમુદ્રના કાંઠા ઉપરની ધરતી રિ-કલેઈમ કરીએ ત્યારે સમુદ્રનું પાણી બીજા કોઈક છેડે એટલી જ ભૂમિને ડૂબાવી દેતું હોય છે એ આપણે ભૂલી જઈએ છીએ. સંતુલન શબ્દને જો આપણે વ્યાપક અર્થમાં સમજીએ તો આપણી સમગ્ર દષ્ટિ બદલાઈ જાય.

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં મૂંગા પ્રાણીઓ પ્રત્યેની વિદ્યાર્થીઓના મનમાં રહેલી ભાવનાને ઝંકૃત કરવા વિવિધ પ્રશ્નો પૂછી શકાય.

મૂંગાં પ્રાણીઓની કાળજી કેવી કેવી રીતે રાખી શકાય તેની ચર્ચા કરી શકાય. પ્રાણીઓની સુરક્ષા માટે, સારવાર માટે કે પછી તેની જરૂરિયાતો પૂરી પાડવા અંગે સરકાર દ્વારા થતાં પ્રયત્નો, સામાજિક સંસ્થાઓ દ્વારા થતી સહાય અંગે ચર્ચા કરીને તે અંગે જાગૃતિ લાવી શકાય. હવા, પાણી, જમીન દરેકનો પોતાની અંગત સંપત્તિ તરીકે ઉપયોગ કરતા મનુષ્યની સ્વાર્થીવૃત્તિથી થતાં પ્રાણીઓના નુકસાન બાબત ચર્ચા કરી શકાય. પાઠના શીર્ષકની યથાર્થતા સમજાવતી વખતે પ્રકૃતિના અન્ય તત્ત્વને પણ જો વાચા ફૂટે તો તેમની કથા-વ્યથા આપણને વ્યથિત કરી મૂકે તેવી હોય તેની સમજ ઉદાહરણ દ્વારા આપી શકાય. 'સંતુલનમાં સમાધાન'ની સાર્થકતા સમજાવી શકાય.

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) યોગ્યતા (૨) ચરાણ (૩) રેઢિયાળ (૪) કુદરત

(૫) ચોખવટ (૬) રાવ (૭) હકીકત (૮) સદી


**સ. ૨.** **રૂઢિપ્રયોગનો અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો :**

(૧) તરાપ મારવી (૨) ટાપશી પૂરવી (૩) ભરખી જવું


(૪) કબજે કરવું (૫) દરિયો પૂરવો (૬) પડાવી લેવું

**સ. ૩.** **ઓછામાં ઓછા ચાર સમાનાર્થી શબ્દ આપો :**


(૧)





(૨)




(૩)




(૪)




**સ. ૪.** **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) પશુઓને ચરવા માટેની જમીનનો વિસ્તાર – -----------------

(૨) પ્રાણીઓને રહેવા માટેનું સ્થાન – -----------------

(૩) સમુદ્ર કે નદીમાં રહેતાં પ્રાણી – -----------------

(૪) આંબાના વૃક્ષ પર બેસતાં ફૂલ – -----------------

**સ. ૫.** **વાક્યો વાંચી ‘મહોર’ના સંદર્ભે યોગ્ય ક્રિયાપદ લખો :**

(૧) આંબાના વૃક્ષ પર ઘણા મહોર _________________ છે.

(૨) લોકસભાના ખરડા પર રાષ્ટ્રપતિની મહોર _________________ તેથી તે કાયદો બન્યો.

(૩) વતનના ઘરની જમીન ખોદતાં ચરુ નીકળ્યો તે સોનાની મહોરથી _________________ છે.

(૪) રાણીછાપ સિક્કા ઉપરની મહોર ઘણી જૂની _________________ .

**સ. ૬.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :**

(૧) પશુઓ ફરિયાદ કરે છે કે અમારા નિશ્ચિત થયેલા ચરિયાણના માર્ગમાં આવીને _______________.

(અ) માણસો અમને નડે છે (આ) વૃક્ષો અમને નડે છે (ઇ) નદીઓ અમને નડે છે

(૨) પૃથ્વી ઉપર જે કંઈ બન્યું છે એ બધું પોતાના માટે છે એવું _________________.

(અ) પશુઓ માને છે (આ) પંખીઓ માને છે (ઇ) માણસજાત માને છે

(૩) ધરતીને પણ એની મીઠાશ પાછી પોતાના _________________.

(અ) હૃદયમાં સમાવી લેવાનો અધિકાર છે (આ) પેટાળમાં સમાવી લેવાનો અધિકાર છે

(ઇ) હકુમતમાં સમાવી લેવાનો અધિકાર છે

(૪) સંતુલન શબ્દને જો આપણે વ્યાપક અર્થમાં સમજીએ તો આપણી સમગ્ર _________________.

(અ) નિયત બદલાઈ જાય (આ) દૃષ્ટિ બદલાઈ જાય (ઇ) સૃષ્ટિ બદલાઈ જાય

(૫) પગપાળા માણસોની અવરજવર ઓછી હતી. કારણ કે _________________.

(અ) પરોઢનો વખત હતો (આ) બપોરનો વખત હતો (ઇ) મધરાતનો વખત હતો

(૬) પાણી પાસેથી વધુ ભૂમિ પડાવી લેવા આપણે _________________.

(અ) ખાડી પૂરીએ છીએ (આ) નદી પૂરીએ છીએ (ઇ) દરિયો પૂરીએ છીએ

**સ. ૭.** **લખો :**

(૧) સંખ્યાબંધ ફૂલોમાંના કેટલાંક ફૂલો →
- _________________
- _________________
- _________________

(૨)
- _________________
- _________________
- _________________

← મહોરનો અધિકાર આ ત્રણેયનો છે.

**સ. ૮. યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) સમુદ્રમાંથી નીકળતો તેલનો કદડો | (અ) નિર્દોષ પંખીઓને હણે |
| (૨) પ્રદૂષિત હવા | (આ) ભારે ત્રાસ થાય |
| (૩) નધણિયાતા ઢોરના ટોળાં | (ઇ) એટલી જ ભૂમિને ડૂબાડી દે |
| (૪) સમુદ્રનું પાણી બીજા કોઈ છેડે | (ઈ) જળચરોને ભરખી જાય |

**સ. ૯. પાઠમાંથી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો :**

(૧) હાઈવે ઉપર ________________ ઢોરના ટોળાંનો ભારે ત્રાસ છે.

(૨) લગભગ ________________ જ કહો ને !

(૩) સમુદ્ર એ જળચરોનું ________________ છે.

(૪) મહોરમાં ઝીણાં ઝીણાં ________________ ફૂલો છે.

(૫) પ્રકૃતિને એને પોતાનો ________________ છે.

**સ. ૧૦. નીચેના વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) ઈશ્વરે પૃથ્વી પર ત્રણ ભાગ પાણી અને એક ભાગ ભૂમિ બનાવી.

(૨) ભાગ્યે જ પાંચસો મીટર ગાડી સીધી ચાલતી હતી.

(૩) થોડા વરસો પહેલાં આ રસ્તો અહીં હતો ?

(૪) આ મહોરમાં પંખીઓનો પણ ભાગ છે.

(૫) આ બધા ફૂલોમાં એક-એક કેરી થઈ શકવાની ક્ષમતા હોય છે.

**સ. ૧૧. 'પૃથ્વી પરની દરેક સંપત્તિ પર સૌનો સમાન અધિકાર છે.' આ વિધાન તમારા વિચારો પ્રમાણે સમજાવો.**

**સ. ૧૨. સંધિ છોડો :**

(૧) નિર્દોષ (૨) નિર્જન (૩) નિર્દય

(૪) દુર્લભ (૫) દુર્ભાગ્ય (૬) નિર્વ્યાજ

**સ. ૧૩. સમાસનો વિગ્રહ કરી પ્રકાર ઓળખો :**

(૧) આશ્રયસ્થાન (૨) મધમાખી (૩) પશુપંખી (૪) નવરાત્રિ

સ. ૧૪. વાક્યના પ્રકાર ઓળખો :

(૧) ઓરડાની લાદી ઉપર કાશ્મીરી ગાલીચો છે.
(૨) આજે તમે સૌ મારી પાસે જ રહેજો હોં !
(૩) થોડીવાર ઘરમાં શાંતિ પથરાય છે.
(૪) બાપુએ હજુ એને છોડ્યો નથી.
(૫) બા, આકાશમાં તારા ઊગે તો ઓરડામાં કેમ નહિ ?
(૬) શાબાશ એ વીર જવાનને !

★ પંખીને વાચા ફૂટે તો.... વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

## પ્રકલ્પ

★ ઇન્ટરનેટ ઉપરથી શોધીને ચાર્ટ તૈયાર કરો.

(૧) પર્યાવરણના સંતુલન માટેના ઉપાયો.
(૨) પશુઓના ચિકિત્સાલયની વ્યવસ્થા

★ પાઠના અંતિમ બે ફકરામાંથી પાંચ પ્રશ્નો બનાવો.

## વિશેષ વાંચન

### નીતિનું નવનીત

જે સુગંધ અગરબત્તીમાં છે, જે પરિમલ મોગરામાંથી મહેકે છે એવી જ કોઈ સુગંધ સુખડમાં છે.

અને... સુખડની સુવાસ જેવી જ સુવાસ ધબકતા માનવજીવનમાં છે.

અહીં આપેલું પ્રસંગ પુષ્પ એ હકીકતનું સારી રીતે સમર્થન કરી જાય છે.

એક મહાન પુરુષના જીવનવલોણામાંથી નીતરી આવેલું આ નીતિનું નવનીત છે. હબસીઓનાં દેશ મધ્યેના ન્યૂસાલેમ નામના ગામમાં એક ગાંધીની દુકાનમાં એક હબસી યુવાન કામ કરતો હતો. વાણીની ગજબની કલા એ યુવાનને વરી હતી.

આ કલાએ એનાં ચાહકોનો વિશાળ વર્ગ સર્જ્યો હતો.

પ્રામાણિકતાના જીવતાજાગતા ગ્રંથ જેવું એનું જીવન એના ઉજ્જવલ ભાવિના ઉજ્જવલ કિરણો વેરી રહ્યું હતું. આમ હોવા છતાં પણ લેશમાત્ર અભિમાન એના મિજાજના મેઘધનુષ્યને સ્પર્શી શકતું ન હતું.

આવા નિરભિમાની યુવાને એની વેચાણકલાના કસબથી ગ્રાહકોનો ગજબનો વિશ્વાસ સંપાદિત કર્યો હતો. એની પ્રામાણિકતા ગ્રાહકોની દુનિયામાં જાહેર જ હતી. એનાં તોલમાપમાં લોકોને ગજબની શ્રદ્ધા હતી.

'એ કદીય ઓછું ન આપે' જેવું વાક્ય દરેક ગ્રાહકની જીભ પર રમતું હતું. પણ આવો યુવાન પણ એક દિવસ આપ-લેમાં ભૂલ કરી બેઠો.

ગંભીર ભૂલ કર્યાની ઝલક એના મુખ ઉપર આવીને સવાર થઈ ગઈ.

બસ, એ તો એ જ ક્ષણે થડા પરથી ઊભો થઈ ગયો.

ગ્રાહક સ્ત્રીનું સરનામું અને નામ યાદદાસ્તને ખૂબ ખૂબ ઘસ્યા પછી નોંધી લીધાં.

એણે ફરી એની યાદશક્તિને તાજી કરી. બરોબર પાશેર ચા ઓછી અપાયાની એણે ગણતરી કરી. ચા જોખીને એણે પડીકું બાંધ્યું.

પડીકું ખિસ્સામાં મૂકી એણે પેલી ગ્રાહક સ્ત્રીના ગામની વાટ પકડી.

એ ગ્રાહક સ્ત્રીનું નામ હતું રટલેજ. ન્યૂસાલેમથી ચાર માઈલ દૂર આવેલાં કલેરી ગ્રોવ નામના ગામમાં એ રહેતી હતી. અંતર ચાર માઈલનું હતું. પણ તોય વિશ્વાસની નવી સૃષ્ટિ સર્જી રહેલા યુવાનને મન એ અંતર કંઈ જ વિસાતમાં ન હતું.

'લ્યો, આ ચા, માફ કરજો બેન, ભૂલથી ચા ઓછી અપાઈ હતી તે લઈ લો. ફરી આવું નહિ બને તેની ખાતરી રાખજો.' કહેતાં યુવાને ચાનું પેલું પડીકું રટલેજના હાથમાં ધરી દીધું.

પેલી નારી આ યુવાનને જોઈ જ રહી. એની નવાઈનો કોઈ પાર જ ન રહ્યો.

પેલા યુવાનનો આભાર માનતી રટલેજે એ યુવાનને ભાવથી ભોજન કરાવ્યું.

સંતોષનું પ્રફુલ્લિત હાસ્ય કરતો એ યુવાન આવ્યો હતો તે જ ઝડપે ન્યૂસાલેમ પાછો ફર્યો. મિત્રો 'વેદિયો' કહી મશ્કરી ઉડાવવા લાગ્યા. કટાક્ષભર્યાં સ્મિતોમાં એના રંગીલા સ્મિતનો જાદુ વેરતાં કહેવા લાગ્યો : 'ભાઈ, મેં કંઈ ખોટું તો નથી જ કર્યું.'

નીતિનું નવનીત જનતા સમક્ષ ધરનાર આ યુવાન બીજો કોઈ નહિ, પણ ગુલામોનો મુક્તિદાતા અબ્રાહમ લિંકન જ હતો.

– બળવંતરાય પી. મહેતા

## સ્વાધ્યાય

સ. ૧. અહીં જણાવેલા યુવાનની પ્રામાણિકતા દર્શાવતો પ્રસંગ વર્ણવો.

સ. ૨. 'અબ્રાહમ લિંકન'નું વ્યક્તિચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

સ. ૩. યુવાનની જગ્યાએ તમે હો તો ? તમારા વિચારો લખો.

મૂંગા અને અબોલ પ્રાણીઓ આપણા મિત્રો છે.

FHXK3L

# ૬. કેટલીક મધુર ક્ષણો

**વર્ષા અડાલજા**

તેમનો જન્મ મુંબઈમાં ઇ.સ.૧૯૪૦ની ૧૦ એપ્રિલે થયો છે. આપણા અત્યંત જાણીતા નવલકથાકાર તેમજ વાર્તાકાર વર્ષાબહેન અડાલજાએ 'બંદીવાન', 'ખરી પડેલો ટહુકો', 'ગાંઠ છૂટયાની વેળા', 'રેતપંખી', 'અણસાર', 'નદીનો ત્રીજો કિનારો' વગેરે ઉત્કૃષ્ટ નવલકથાઓનું સર્જન કર્યું છે.

ઇ.સ. ૧૯૯૫માં તેમની નવલકથા 'અણસાર' માટે સાહિત્ય અકાદમી (દિલ્હી)નો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

સાહિત્ય ક્ષેત્રે તેમના અમૂલ્ય અને બહોળા યોગદાન બદલ ઇ.સ. ૨૦૦૫નો રણજિતરામ સુવર્ણચંદ્રક તેમને એનાયત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સોવિયેટ લેન્ડ નહેરુ એવૉર્ડ, કનૈયાલાલ મુનશી એવૉર્ડ, રામનારાયણ પાઠક એવૉર્ડ જેવા અનેક સન્માન પ્રાપ્ત કરનાર વર્ષાબહેન ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ પણ શોભાવી ચૂક્યાં છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં સ્ત્રીની ખુમારી સાથે સહનશીલતાનાં દર્શન થાય છે. પોતાનું બાળક માનસિક અને શારીરિક રીતે દિવ્યાંગ હોવાથી તે દયાનું પાત્ર ન બને તેની કેટલી બધી કાળજી રાખે છે. તેના જન્મની વાત પોતાની ખાસ સખીઓને બતાવતી નથી. પણ તેમની સાથે હસી મજાક કરી આનંદ માણે છે. અને પાછળથી તે વાત જણાવે છે. પોતાનો અને દિવ્યાંગ બાળકનો જન્મદિવસ એક જ દિવસે હોવાથી તેની ઉજવણી પણ ટાળે છે. બેબીસીટરમાં મૂકવાનું પણ ટાળે છે કારણ ત્યાં પણ આવાં બાળકો પર બરાબર ધ્યાન અપાતું નથી. પરંતુ સખીઓ તેના જન્મદિવસને મધુર બનાવવા બે દિવસ માટે તેને સમુદ્ર કિનારાની હોટેલમાં મજા કરવા મોકલે છે અને તેના બાળકને સંભાળવાની જવાબદારી સ્વેચ્છાએ ઉપાડી લે છે. તેનું લેખિકાએ હૃદયસ્પર્શી વર્ણન કર્યું છે. કેટલીક વાર ભેટની વસ્તુ કરતાં આવી સંવેદનાની સુખની પળો જીવનને મધુર બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેનું ભાવવાહી શૈલીમાં અને હૃદયસ્પર્શી શબ્દોમાં નિરુપણ કરવામાં આવ્યું છે.

સુજાતાનો અવાજ ફોન પર સાંભળીને ગીતા ક્ષણભર થંભી ગઈ... આ સુજાતાનો અવાજ તો નહીં હોય ! પણ એ શી રીતે બને? એને અમેરિકા ગયાને...

'કેમ રે ! મોંમાં મગ ભર્યા છે કે પછી મારી સાથે વાત નથી કરવી ? તારી સુજુ સાથે !'

અરે ! આ તો સુજાતા જ, એ જ સ્વરની લચક, અને એ જ તોફાન ! ગીતા ઊછળી પડી :

'સુજુ તું ? કેટલે વર્ષે?'

'આવી તો ખરી ને ! બોલ કાલે ઘેર આવે છે ? મીની પણ આવવાની છે.'

'મૂરખ હોય તે ના પાડે. બરાબર અગિયારને ટકોરે.'

ગીતા અગિયાર પહેલાં સુજાતાને ત્યાં પહોંચી ગઈ. સુજાતાને જોતાં વળગી પડી. મીની પણ આવી પહોંચી. થોડો સમય તો ખાસ શું વાત કરવી એ ય સૂઝયું નહીં. કોઈ જૂની વાત યાદ કરે ત્યાં બીજાને હસવું આવે અને ગીતા કોઈ રમૂજી પ્રસંગ યાદ કરી બોલવા જાય તો સુજાતા એ પૂરો કરી નાખે. ઘડીકમાં તો હસીખુશીની છાલકથી ત્રણે સહિયરો ભીંજાઈ ગઈ. સ્મૃતિની કેડીએ ચાલતાં ચાલતાં મુગ્ધાવસ્થાના લીલાછમ ઘેઘૂર વનમાં સૌ પહોંચી ગયાં હતાં, જ્યાં નાનકડા તૃણાંકુરનું ઊગવું યે કેવી વિશ્વની મહાન રોમાંચકારી ઘટના હતી ! એકાદ નાની સરખી વાત... જોડે જોયેલી એકાદ નકામી ફિલ્મ... બગીચામાં સાથે બેસી ગાયેલું કોઈ મનગમતું ગીત... કેવું અમાપ સુખ આપી જતાં હતાં !

વાતોથી ત્રણે જણાં થાક્યાં, જમ્યાં. બપોરે સૂતાં સૂતાં વાતોની ગઠરી ખૂલી ગઈ. સુજાતા પાંચ વર્ષે અમેરિકાથી આવી હતી. એની પાસે વાતો અને વસ્તુ બંનેનો ખજાનો હતો. બહેનપણીઓ માટે સુંદર ચીજવસ્તુઓ લઈ આવી હતી. એ તેમને આપી ત્યાં ગીતાને યાદ આવ્યું.

'સુજુ, તારો જન્મદિવસ આવતે અઠવાડિયે જ છે. યાદ છે તારાં મમ્મી પૂરણપોળી અને દહીંવડાં ખાસ બનાવતાં ! બહુ વર્ષો ખાધાં છે. હવે તો સ્ટેટ્સમાં તારો બર્થડે જુદી જ રીતે મનાવતા હશો, રાઈટ ?'

અચાનક સુજાતા ચૂપ થઈ ગઈ. એના ચમકતા ચહેરા પરથી કોઈ એક શ્યામ છાયા પસાર થઈ ગઈ. આંખોનું આકાશ ઘેરાઈ ગયું. એ રડી પડી.

મીની અને ગીતા ક્ષુબ્ધ બની ગયાં. અજાણતાં જ સુજાતાના હૃદયના કોઈ કોમળ ભાગ પર આંગળી મૂકાઈ ગઈ હતી.

'મને માફ કર સુજુ...'

આંસુના ધુમ્મસની પેલે પાર એ ધીમું હસી સ્વસ્થ થવા મથી.

'ના રે, માફી શાની ! ઘણા સમયથી કોઈ આપણાં જોડે બેસી રડી નહોતી ને ! વાત એમ છે કે મારો દીકરો રાહુલ...'

'દીકરો ! રાહુલનો જન્મ ક્યારે થયો ? એ સમાચાર તે લખ્યા નહીં અને ....'

'મને બોલવા દેશે પ્લીઝ ! બે વર્ષ પહેલાં જ એનો જન્મ થયો. તમને લખ્યા વિના અહીં આવીને જ સમાચાર આપવા હતા ત્યાં તો એ... એ... જન્મ્યો પણ નોર્મલ.'

'એટલે ?'

'એ મેન્ટલી રિટાર્ડેડ હતો. માનસિક રીતે ખોડખાંપણવાળો હતો જ પણ સાથે સાથે શારીરિક રીતે પણ એનો વિકાસ શક્ય નહોતો. ડૉક્ટરોની દોડાદોડમાં તરત ન લખાયું. પછી જાણી જોઈને ન લખ્યું.'

'કેમ એમ ?'

'તમારા પત્રો એટલા આનંદિત અને ઉલ્લાસભર્યા આવતા કે એ ઉલ્લાસ સરકે એવી છાયા નહોતી જોઈતી. રાહુલ અમારા જીવનની એક નક્કર હકીકત હતો, અમારા પ્રેમનું કેન્દ્ર હતો. સગાવહાલાંને જણાવી એને દયાનું પાત્ર નહોતો બનાવવો. એટલે બે એક વર્ષમાં હું માનસિક રીતે સ્વસ્થ થઈ ગઈ. લોકોની નજરે એ દયાનું પાત્ર બને એની આડે ઢાલ બનીને ઊભા રહેવા હું સશક્ત બની ગઈ ત્યારે એને લઈને હું આવી.'

'એટલે અહીં જ છે તારી સાથે ?'

'હા. હવે અંદર આવો.' સુજાતા અંદરના ખંડમાં લઈ ગઈ. ત્યાં પથારી પર એક બાળક સૂતું હતું ! બાળક ? કદાચ સૂકાયેલા વૃક્ષની ખરબચડી વાંકીચૂકી ડાળી. બંને હાથ કોણીથી વાંકા વળી ગયેલ અને પગ સખત, જડ અને લાંબા. આંખમાં કોઈ સમજણ કે પ્રેમનો આછો અણસાર પણ નહીં.

'આ મારો રાહુલ.'

સુજાતાએ નીચા નમી પ્રેમના અમૃતબિંદુ જેવું એને ચુંબન કર્યું. જોતાં જ આપોઆપ એક વખત નજર ફેરવી લેવાય.

'અરે ગાંડી, અહીં આવ્યા પછી તો અમને કહેવાય ને !' મીનીનો સ્વર ઓઝપાયેલો હતો.

'બે વર્ષ ખબર નહોતી તો બે કલાક વધારે. કેટલો ઉમળકો અને તોફાન હતાં તમારા પ્રેમમાં ! નહીં તો આવતાવેંત આ જ વાત શરૂ થઈ જાત અને ઉમળકાને થોડી તો ઝાંખપ લાગત જ !'

'ચાલ હવે બહુ ફિલસૂફી ડહોળી તેં ! હું તો તને આવી વર્તણૂંક માટે ક્યારેય માફ નહીં કરું.'

'ના ગીતુ, જેમનાં બાળકો એબનોર્મલ હોય તેમનાં માતાપિતાને પણ ત્યાં સ્ટેટ્સમાં ખાસ તાલીમ આપવામાં આવે છે આવી પરિસ્થિતિમાં કઈ રીતે જીવવું, બાળક કેમ ઉછેરવું.'

'ચિબાવલી નહીં તો ! તો પછી તારા બર્થડેની વાત કરતાં રડી કેમ પડી ?'

ત્રણે જણાં બાલ્કનીમાં ઊભા રહ્યા. સૂરજના સોનેરી કિરણો ધીમે ધીમે શ્યામ થતાં હતાં. અહીં તહીં ક્યાંક એના પ્રખર તાપના ભરાયેલા ઉઝરડાના સોનેરી લસરકા દેખાતા હતા. ક્યાંક સોનેરી પાણીનું ખાબોચિયું ભરાયું હતું. દૂરથી આવી રહેલી સંધ્યાનો આછો પદધ્વનિ સંભળાતો હતો. સંકેલાતા દિવસની આછી ઉદાસી ક્ષણભર સુજાતાની આંખોમાં છવાઈ ગઈ.


'ખરું કહું ? ક્યાંય જઈ શકાતું નથી. બરાબર અઢી વર્ષ પહેલા અમે એક સુંદર નાટક સાથે જોવા ગયાં હતાં. ત્યાં તો બેબીસીટર મળે પણ બે વાર બહુ ખરાબ અનુભવ થયા. આવો દિવ્યાંગ બાળક પડ્યો જ રહેવાનો છે. બોલવાનો નથી, માગવાનો નથી એ વાત બેબીસીટર સમજે એટલે રાહુલનું ધ્યાન રાખવાનું સોંપીને ક્યાંય પણ અમે જઈએ એટલે ભૂખ્યો તરસ્યો ઝાડાપેશાબવાળો જ રાખી બેબીસીટર ઊંઘી જાય કાં જલસા કરે. ત્યારથી અમે કશે જતાં નથી. મારા જન્મદિવસે જ એનો જન્મદિવસ એટલે સહેજે જરા...

સુજાતાની વાત ખરી હતી. રાહુલની વાત જાણ્યા પછી અમારા ઉલ્લાસને ઝાંખપ લાગી જ હતી.

એના જન્મદિવસે ફરી મળવાનું નક્કી કરી અમે છૂટાં પડ્યાં. થોડા દિવસ એ જ વાત મનમાં ઘૂંટાતી રહી. સાથે પ્રશ્ન કે સુજાતાને જન્મદિવસે શું ભેટ આપવી ? અરે હા, રાહુલનો ય જન્મદિવસ હતો. ગીતા-મીનીએ કંઈ કેટલીયે વસ્તુ વિચારી જોઈ, પછી તરત થતું કે એનાથી યે સુંદર ચીજો એની પાસે છે. સુજુને એવું આપવું કંઈક જુદું જ, અમારાં સ્મરણો જેવું જ અમૂલ્ય, મધુરકાળના વહેવા સાથે પણ ચિરંજીવ રહે એવું.

સુજાતાના જન્મદિવસે બપોરે ગીતા અને મીની ટિફિન લઈ સુજાતાને ત્યાં પહોંચી ગયા.

'જો સુજુ, તારી બધી ભાવતી ચીજો તારા માટે રાંધીને લઈ આવ્યાં છીએ-તારાં બાની જેમ જ ! તારે રસોઈ નહીં કરવાની ને હોટલમાં તો આપણે જવું જ નથી.'



ત્રણે જણાં ખૂબ પ્રેમથી જમ્યાં. પછી ગીતા અને મીનીએ સુજાતાને કહ્યું :

'ચાલ, જલદી બૅગ ભરી લે.'

'અરે પણ શેની, શું કામ ?'

'તને દરિયો ખૂબ ગમે છે ને સુજુ ? આ વરસાદની મોસમમાં તો ખાસ. યાદ છે અમને. તારું અને તારી નાની બહેન અમીનું બે દિવસનું બુકિંગ અમે જુહૂની હોટલમાં કરાવ્યું છે. હા, તારા રાહુલને તારા જેટલાં જ પ્રેમ અને કાળજીથી અમે સાચવીશું. તું ખૂબ લહેરથી, મસ્તીથી ફરીને આવ. તારા જન્મદિવસે તને આ મધુર ક્ષણોની ભેટ અમે આપીએ છીએ. તું જ્યાં પણ હોઈશ–આ જલ ભરેલા આકાશના ગુંબજ નીચે ગાળેલા થોડા કલાકો તને સદા સાંભરશે. એ સ્મરણને કાળનો ઘસારો નહીં લાગે સુજુ !'

સુજુની આંખો છલકાઈ ગઈ. પણ આજે આમાં ન હતો વિષાદ ન કોઈ અદૃશ્ય બોજનો પડછાયો. એની ભીની આંખો હસી પડી.

'મારી ગીતુ અને આ બિલ્લી મીની !'

★★★

આજે જ સુજાતાનો અમેરિકાથી કાગળ આવ્યો છે. એમાં એણે લખ્યું છે :

'હું પણ આવી મધુર ક્ષણોની ભેટ કોઈને આપું છું ત્યારે મને સાંભરી આવે છે ઊછળતા દરિયા સાથે માંડેલી ગોઠડીની એ સાંજ. મારી આટલી ક્ષણોને તો કાળ પણ સ્પર્શી શક્યો નથી.'

લિ. તમારી જ સુજુ.

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆતમાં વિદ્યાર્થીઓ પાસેથી તેમના મિત્રો વિશેના અભિપ્રાયો, અને પોતાના મિત્રો સાથેના સંબંધોની વાત કરી સમૂહમાં ચર્ચા કરવી. ઉત્તમ મૈત્રીના ઉદાહરણો આપવાં. માતાના પ્રેમ જેટલો જ મિત્રનો પ્રેમ પણ નિ:સ્વાર્થ હોય છે તે જણાવી મિત્રતાની યોગ્ય કદર કરવા પરોક્ષ રીતે પ્રયત્ન કરવા. લઘુપ્રશ્નો પૂછીને પાઠના વિષયવસ્તુનો સ્પષ્ટ પરિચય કરાવવો. અહીં આપેલ ત્રણેય સખીઓ વચ્ચેના નિર્ભેળ પ્રેમને વ્યક્ત કરવા વિચારપ્રેરક પ્રશ્નો પૂછવા. બાળક પ્રત્યે માતાની મમતા કેવી લાગણીસભર અને સ્વાર્થ વગરની હોય છે તે સુજાતાના પાત્ર દ્વારા સ્પષ્ટ કરવું. સ્ત્રીમાં જેટલી મમતા હોય છે તેટલી જ ખુમારી હોય છે. પોતાના સંતાનને દયાનું પાત્ર ન બનાવવા તે ત્યાગની મૂર્તિ બની રહે છે. બાળક માટે તે પોતાના સર્વ સુખને તજવા હંમેશા તત્પર રહે છે.

ગીતા અને મીની પોતાની સખી સુજાતાને જે ભેટ આપે છે તેના દ્વારા લેખિકા જે સંદેશ આપે છે તેને સાચા અર્થમાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવો.

દૂર રહેતી સખીઓ પત્ર લખીને પણ મૈત્રીનું કેવું સુંદર જતન કરે છે તે વાત દર્શાવતી વખતે પત્રલેખનની મહત્તા સ્પષ્ટ કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :**

| | | | |
|---|---|---|---|
| (૧) સખી | (૨) સ્મરણ | (૩) ગાઢ | (૪) સંગીન |
| (૫) વર્તન | (૬) ઋતુ | (૭) ચીવટ | (૮) ખેદ |

**સ. ૨. '-ઈક' પ્રત્યય લગાવી શબ્દ લગાવો. તેનો વાક્યમાં ઉપયોગ કરો :**

**દા.ત. શરીર-શારીરિક**

**વાક્ય :- રાહુલ શારીરિક રીતે અશક્ત હોવાથી દિવ્યાંગ હતો.**

| | | |
|---|---|---|
| (૧) નીતિ | (૨) માનસ | (૩) સત્ત્વ |
| (૪) સાહિત્ય | (૫) દેહ | (૬) લોક |

**સ. ૩. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) મોંમાં મગ ભરવા | (અ) લાંબા ગાળે નુકસાન થવું |
| (૨) આંખોનું આકાશ ઘેરાઈ જવું | (આ) વ્યાકુળ થઈ જવું |
| (૩) ક્ષુબ્ધ બની જવું | (ઇ) દુ:ખ ફરી વળવું |
| (૪) કાળનો ઘસારો લાગવો | (ઈ) ચૂપ રહેવું |

**સ. ૪. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(૧) સાંકડો પગરસ્તો – ____________

(૨) કામનું ન હોય તેવું – ____________

(૩) પ્રહાર ઝીલવાનું છાતી પાસે રાખવાનું સાધન – ____________

(૪) મળતાપણું દેખાતો અંશ – ____________

(૫) લાંબા સમય માટેનું જીવન – ____________

**સ. ૫. નમૂના પ્રમાણે કરી તેનો અર્થ લખો : દા.ત. :** ઊછળવું + પડવું = ઊછળી પડવું – આવેશમાં આવવું

(૧) વળગવું + પડવું

(૨) છૂટવું + પડવું

(૩) મરવું + પડવું

(૪) તૂટવું + પડવું

(૫) ખૂટવું + પડવું

(૬) આવવું + પડવું

**સ. ૬. જોડણી સુધારીને શબ્દ ફરીથી લખો :**

(૧) મુ ગ ધા વ સ થા

(૨) ઊ લ લા સ ભ ર્યા

(૩) અ મ રુ ત બીં દુ

(૪) ધૂ મ મ સ

(૫) સ હી અ ર

(૬) પ દ ધ વ ની

**સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો :**

(૧) સુજાતાએ ગીતાને ફોન કર્યો હતો ________________________

(અ) અમેરિકાથી (આ) મુંબઈથી (ઇ) રશિયાથી

(૨) સુજાતાના જન્મદિવસે તેની મમ્મી ________________________

(અ) કેક બનાવતા (આ) નવી નવી વાનગીઓ બનાવતા

(ઇ) પૂરણપોળી અને દહીંવડા બનાવતાં

(૩) સુજાતાએ બાળકની વાત પહેલા કહી નહિ. કારણ કે ________________________

(અ) તે બાળકને દયાનું પાત્ર બનાવવા ઇચ્છતી નહોતી

(આ) તેનું બાળક શારીરિક અને માનસિક રીતે દિવ્યાંગ હતું

(ઇ) તે સખીઓના ઉમળકાને ઝાંખપ લાગે તેમ ઇચ્છતી નહોતી

(૪) સખીઓએ સુજાતાના જન્મદિવસને યાદગાર બનાવ્યો ________________________

(અ) સુંદર ભેટ આપીને (આ) હોટલમાં જમવા લઈ જઈને

(ઇ) મધુર ક્ષણ માણવા મોકલી બાળકની સંપૂર્ણ જવાબદારી સ્વીકારીને

**સ. ૮. ઓળખો :**

(૧) ફોન પર સુજાતાનો અવાજ સાંભળીને થંભી જનાર – ________________________

(૨) સુજાતા અને ગીતાની સખી - ----------------------

(૩) પાંચ વર્ષે અમેરિકાથી આવનાર - ----------------------

(૪) સુજાતાના જન્મદિવસે પૂરણપોળી અને દહીંવડાં બનાવનાર - ----------------------

(૫) સુજાતાનો દિવ્યાંગ પુત્ર - ----------------------

(૬) સુજાતાની નાની બહેન - ----------------------

**સ. ૯. નીચેની ઘટનાઓને ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) વિષાદ કે બોજ વગર સુજાતાની ભીની આંખો હસી પડી.

(૨) ગીતા અને મીનીએ સુજાતાને બેગ ભરવા કહ્યું.

(૩) સુજાતાએ સખીઓને દીકરાનો પરિચય કરાવ્યો.

(૪) સુજાતા પાંચ વર્ષે અમેરિકાથી આવી હતી.

(૫) ગીતા અને મીની ટિફિન લઈને સુજાતાના ઘરે આવ્યા.

**સ. ૧૦. સુજાતાનો પાત્ર પરિચય તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧. સમાસનો પ્રકાર ઓળખો :**

| | | |
|---|---|---|
| (૧) ખોડખાંપણ | (૨) પૂરણપોળી | (૩) પંચકોણ |
| (૪) દહીંવડા | (૫) ત્રણચાર | (૬) સુખશાંતિ |

**સ. ૧૨. સંધિનો વિગ્રહ કરો :**

| | | |
|---|---|---|
| (૧) મુગ્ધાવસ્થા | (૨) ભાષાંતર | (૩) ગુરુત્તમ |
| (૪) ઉમેશ | (૫) પ્રશ્નોત્તર | (૬) ભોજનશાળા |

**સ. ૧૩. યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો :**

(૧) આવી તો ખરી ને બોલ કાલે ઘરે આવે છે

(૨) દીકરા રાહુલનો જન્મ ક્યારે થયો એ સમાચાર તે લખ્યા નહીં

(૩) ત્રણે જણાં ખૂબ પ્રેમથી જમ્યાં. પછી ગીતા અને મીનીએ સુજાતાને કહ્યું ચાલ જલદી બૅગ ભરી લે

★ **નાના બાળકને બેબીસીટરમાં રાખવા બાબત વર્ગમાં સમૂહચર્ચા કરો.**

## પ્રકલ્પ

★ **દિવ્યાંગોને મદદરૂપ થતાં જુદાંજુદાં સાધનોના ચિત્રો મેળવીને કાર્ડપેપર ઉપર ચોંટાડો. સાધનની સામે તેની ઉપયોગિતા લખી ચાર્ટ તૈયાર કરો. દા.ત. વ્હીલચેર - સહેલાઈથી એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે પૈડાંવાળી ખુરશી.**

## લેખન કૌશલ્ય

★ **કોઈપણ બે પરિચ્છેદ પસંદ કરી તેમાંથી ૫ પ્રશ્નો બનાવો.**

## વિશેષ વાંચન

### તૂટેલા હૃદયની દવા : પ્રેમ

હું એકલો જ છું, પણ તો પણ હું છું. હું બધું નથી કરી શકતો,
પણ હું હજીય કંઈક તો કરી શકું છું ને બધું નથી કરી શકતો
એટલે જે કરી શકું તેમ છું, તે જરૂર કરું છું. – એડવર્ડ એવરેટ હેલ

મારા પતિ હેનોક અને મેં એક પુસ્તક લખ્યું છે, 'એક્ટ્સ ઑફ કાઈન્ડનેસ : હાઉ ટુ ક્રિએટ અ કાઈન્ડનેસ રિવોલ્યૂશન.' અમેરિકામાં બધાને આ પુસ્તક ખૂબ ગમ્યું હતું. આ વાત અમને શિકાગોની એક રેડિઓટોક દરમિયાન એક અજાણ્યા પાસેથી જાણવા મળી હતી.

'હાય મમ્મી, શું કરે છે ?' સ્યૂઈએ પૂછ્યું.

'બાજુમાં મિસિસ સ્મિથ રહે છે ને, તેમને માટે કેસરોલ બનાવું છું.' માએ કહ્યું.

'કેમ ?' છ વર્ષની સ્યૂઈએ જાણવા માગ્યું.

'કારણ કે તેમની દીકરી ગુજરી ગઈ હોવાથી તે ઉદાસ છે, ભાંગી પડ્યા છે. આપણે એમને સંભાળવા જોઈએ.'

'કેમ, મમ્મી ?'

'જો દીકરી. જ્યારે કોઈ બહુ ઉદાસ હોય, બહુ દુઃખી હોય ત્યારે તેમને ખાવાનું બનાવવું કે ખાવું ગમે નહીં. આપણે ધ્યાન રાખવું જોઈએ. તેઓ હવે કદી તેમની દીકરીને જોવા નહીં પામે, વહાલ કરવા નહીં પામે, મા-દીકરી વચ્ચે થાય તેવી મીઠી મીઠી વાતો કરવા નહીં પામે. તું તો સમજદાર છે. સ્યૂઈ, તું કંઈ કરી ન શકે ?'

સ્યૂઈ ગંભીરતાથી વિચારવા લાગી. તેને થયું મિસિસ સ્મિથ માટે મારે પણ કંઈ કરવું જોઈએ.

થોડી મિનિટો પછી મિસિસ સ્મિથનું બારણું ખખડ્યું. તેમણે જોયું તો સ્યૂઈ. 'હાય, સ્યૂઈ.' તેમણે તેને આવકારી, પણ તેમાં રોજની ખુશી નહોતી. ચહેરો પણ એવો હતો કે ખૂબ રડ્યા હોય. આંખો હજુ ભીની હતી.

'શું જોઈએ છે, સ્યૂઈ ?' તેમણે પૂછ્યું.

'મારી મમ્મીએ કહ્યું, તમારી દીકરી ચાલી ગઈ. તમે ખૂબ દુઃખી છો.' સ્યૂઈએ પોતાની નાની મુઠ્ઠી ખોલી. તેમાં બેન્ડ એઈડ હતી. 'આ તમારા તૂટી ગયેલા હૃદય માટે પટ્ટી.' સ્યૂઈ નિર્દોષતાથી બોલી. મિસિસ સ્મિથ ઘૂંટણભેર બેઠાં અને સ્યૂઈને ભેટી પડ્યાં. રડી પડ્યાં. બોલ્યાં, 'સ્યૂઈ, બેટા, આ પટ્ટી મને બહુ કામ આવશે.'

તેમણે પટ્ટી લઈ સ્યૂઈની ભલી લાગણીને સ્વીકારી એટલું જ નહીં તેમણે એક ફ્રેમમાં એ પટ્ટી મઢાવી. તેને જોઈ તેમને સ્યૂઈની ભોળી આંખો અને નિર્દોષ પ્રેમ યાદ આવતાં અને તેમના હૃદય પર શીળો લેપ થતો. હૃદયના ઘા ભરાતાં વાર લાગે છે. સ્યૂઈની બેન્ડ એઈડ તેમના માટે એક શીતળ લેપ સમાન બની ગઈ. દીકરીની યાદને હૃદયમાં તાજી રાખીને પણ તેઓ તેના વિયોગના દુઃખમાંથી ધીર ધીરે બહાર નીકળવા લાગ્યાં. – મેલિડી મેકકાર્ટી


## સ્વાધ્યાય

સ. ૧ તમારી આસપાસના ઉદાસ લોકોને ખુશ કરવાના ઉપાયો જણાવો.

સ. ૨. માતાએ સ્યૂઈને આપેલી શિખામણ લખો.

સ. ૩. 'સ્યૂઈની બેન્ડ એઈડ મિસિસ સ્મિથ માટે એક શીતળ લેપ સમાન બની ગઈ' વિધાનને તમારા શબ્દોમાં સમજાવો.

★ નીચેનાં ચિત્રોનું નિરીક્ષણ કરી તમારી કલ્પના પ્રમાણે વાર્તા લખો અને તેને યોગ્ય શીર્ષક આપો.



પોતાને માટે જીવવું એ જિંદગીનો 'ધર્મ'
જ્યારે બીજાને માટે જીવવું એ 'જીવન'નો મર્મ.

FI7G59

# ૭. થોડું વાંચવું, સારી રીતે વાંચવું.

**સૌરભ શાહ**

સૌરભ શાહનો જન્મ ૧૪ એપ્રિલ, ૧૯૬૦ના રોજ વડોદરાના જરોદ ગામે થયો હતો. તેમણે મુંબઈમાં અભ્યાસ દરમિયાન ૧૬ વર્ષની ઉંમરે જ લખવાની શરૂઆત કરી હતી. તેમનું વ્યાવસાયિક જીવન ૧૮ વર્ષની ઉંમરે શરૂ થયું. સૌપ્રથમ પરિચય ટ્રસ્ટમાં અને ત્યારબાદ સાંધ્ય દૈનિકમાં જોડાયા. હાલમાં ગુજરાતી વર્તમાનપત્રમાં કટાર લખે છે.

તેમના પ્રકાશિત પુસ્તકોમાં 'વેરવૈભવ' નવલકથા, 'એકત્રીસ સુવર્ણમુદ્રાઓ', નિબંધ અને લેખસંગ્રહ 'મનની બાયપાસ સર્જરી', 'કંઈક ખૂટે છે', નિબંધસંગ્રહ 'પ્રેમનું મેનેજમેન્ટ' લેખસંગ્રહ તથા 'અયોધ્યાથી ગોધરા' પત્રકારત્વ વિષયક લેખોના સંગ્રહનો સમાવેશ થાય છે. પ્રવાહી અને ચુંબકીય શૈલી, મૌલિક વિચારો તથા સ્પષ્ટ અભિગમ તેમના લખાણની વિશેષતા છે. 'મહારાજ' નવલકથા માટે તેમને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. નિર્ભિક અને રાષ્ટ્રનિષ્ઠ લખાણો બદલ 'પાંચજન્ય વૈદ્ય ગુરુદત્ત' રાષ્ટ્રીય પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં લેખકે વાંચનનું મહત્ત્વ અને વાંચનની પ્રક્રિયાને સુંદર રીતે સમજાવી છે.

લેખનરૂપી આધારનું વાંચન શિખર છે. વગર વિચાર્યે લખી ન શકાય તેમ વાંચ્યા પછી વિચારવું પણ બહુ મહત્ત્વનું છે. ઝડપથી વાંચવાની પદ્ધતિ મૂળમાંથી જ ખોટી છે. કારણકે ઝડપથી વાંચનારાઓને માનસિક અપચો થઈ જાય છે. ફટાફટ નામનો ટપોરી શબ્દ વાંચન પ્રવૃત્તિનો જાની દુશ્મન છે. માટે વાંચન હંમેશા નિરાંતે, શાંતિથી સમજીને જ કરવું જોઈએ.

વર્ણનાત્મક વાંચન વાંચવાથી મનમાં આખું દૃશ્ય ઊભું થઈ જાય અને વાતાવરણની સુગંધ પણ અનુભવી શકાય. વિશેષણો કે શબ્દોના આડંબરવાળા વાંચન કરતાં તાત્ત્વિક અને નક્કર લખાણો વાંચવાથી આત્મસંતોષ અનુભવાય છે. લખાણના ભાવ અને વિચારને મમળાવવાની પ્રવૃત્તિ એટલે વાંચન.

દરેક પ્રકારની વાંચનપ્રક્રિયા જીવનની અણમોલ ક્ષણોમાં પરિવર્તિત થઈ શકે છે. કારણકે વાંચન એ સંપૂર્ણ અનુભવ છે.

કરિયાણાવાળાને પોતાનો ધંધો શ્રેષ્ઠ લાગે કે ડૉક્ટરને પોતાનો વ્યવસાય સર્વોત્તમ જણાય એ રીતે લેખકને પણ પોતાની પ્રવૃત્તિ જગતની સૌથી ઉમદા પ્રતીત થાય છે એવું નથી. લખવું એ ખરેખર દુનિયાની ઉત્તમોત્તમ પ્રવૃત્તિઓમાંની એક છે જ. કારણ કે વાંચવું એ એનાથીય ઉત્તમ પ્રવૃત્તિ છે. અને કોઈકે વાંચવું હોય ત્યારે કોઈકે તો લખવું જ પડે ને. વાંચવાને શિખર ગણો અને લખાણને આ શિખરનો આધાર ગણો તો પાયામાં વિચારવાની પ્રવૃત્તિ આવે. વગર વિચાર્યે લખી ન શકાય અને વાંચ્યા પછી વિચાર કરતા ન કરે એવાં લખાણોથી માનસિક દુરસ્તીમાં કે મનના સ્વાસ્થ્યમાં કશો જ વધારો ન થાય.

ઝડપથી વાંચવાની કળા શીખવતાં પુસ્તકો વર્ષોથી પ્રચલિત છે. ઑડિઓ અને વિડિઓ સીડી પર પણ એના અભ્યાસક્રમો મળે છે. ઝડપથી વાંચીને તમે શું મેળવો છો ? તો કહે, સમય બચાવીએ છીએ. એ બચેલા સમયનું તમે શું કરો છો ? નક્કર જવાબ નહીં મળે. સમયની બચત એક અતિશયોક્તિભરી અને ઘણાબધા અર્થમાં તદ્દન જૂઠી કન્સેપ્ટ છે. કોઈ પણ વ્યક્તિ પાસે ચોવીસ કલાકમાંની દરેકેદરેક ક્ષણ જેટલો સમય હોતો નથી. જે ક્ષણ તમને સ્પર્શી ગઈ, જે ક્ષણે તમે જિંદગીમાં કોઈક પ્રકારે ધન્યતા અનુભવી તે જ ક્ષણ તમારી. બાકીની બધી જ ક્ષણો ભેગી કર્યા પછીનો સમય કશા કામનો નથી. પાણીના એક-એક ટીપાની જેમ સમયની દરેક ક્ષણનો સંચય કરી શકાતો હોત તો પણ મહત્ત્વ એ વાતનું છે કે બચત કરવામાં આવેલા પાણીની જેમ બચત કરવામાં આવેલા સમયનો ઉપયોગ તમે શેના માટે, કેવી રીતે કરો છો ?

કોઈ પણ પ્રકારના વાંચનની પ્રવૃત્તિ ઉતાવળે ન થઈ શકે. એ વાંચન અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકનું હોય, વકીલની બ્રીફનું હોય કે પછી કોઈપણ વિષયનું પુસ્તક હોય, અખબાર કે સામયિક હોય. ઉતાવળે ચાવીને જમી લેનારાઓને  થતા અપચા જેવો માનસિક અપચો ઉતાવળે વાંચી લેનારાઓને થઈ શકે.

પરદેશના કોઈ વિખ્યાત શહેરમાં જઈને આખા દિવસની કન્ડ્‌ક્ટેડ ટુરમાં ફરી ડઝન ‘જોવાલાયક’ સ્થળોની મુલાકાત લીધા પછી રાત્રે પથારીમાં સૂતી વખતે થાક લાગે. જ્યારે મનગમતા હિલ સ્ટેશન પર કે કોઈ પ્રિય દરિયાકાંઠે કલાકો સુધી ટહેલ્યા પછી, આંખ સામે સતત એકનાં એક દશ્યો દેખાયાં હોવા છતાં, રાત્રે સૂતી વખતે આહ્‌લાદક શાંતિ લાગે.

ફટાફટ નામનો ટપોરી શબ્દ વાંચન પ્રવૃત્તિનો જાની દુશ્મન છે. નિરાંત ધરાવતા મન વગર થયેલું વાંચન માત્ર ઉપરછલ્લો સંતોષ આપે. જેમ ડિગ્રી મળી જવાથી વિદ્યાર્થીએ એ વિષયમાં ઊંડા ઊતરીને જ્ઞાનને આત્મસાત કર્યું હશે એવી કોઈ ગૅરન્ટી નથી મળતી એમ અમુક પુસ્તક કે અમુક લખાણ વાંચી લીધું છે એવું કહેનારાઓએ પોતાની આંખે અડાડેલા શબ્દોના સત્યને મન સુધી પહોંચાડ્યા જ હશે એવી પણ ખાતરી હોતી નથી.

કેટલાંક લખાણો વર્ણનાત્મક હોય છે. મનમાં આખું દશ્ય અને એની આસપાસનું સમગ્ર વાતાવરણ ઊભું થાય. ક્યારેક એ વાતાવરણમાં ગુંજતા સ્વરો સંભળાય અને ક્યારેક એ વાતાવરણની પ્રકાશરચના-રંગરચના પણ તમામ શેડ્‌સ સાથે દેખાય. ક્યારેક એ વાતાવરણની સુગંધ પણ અનુભવાય. થ્રી ડાયમેન્શનલ જ નહીં, મલ્ટી ડાયમેન્શનલ અનુભવ આવાં લખાણો વાંચતાં થાય. કેટલીક યાદગાર અને સદાબહાર નવલકથા-વાર્તાનું વાંચન આવી અનુભૂતિ કરાવે.

કેટલાંક લખાણો પાણી ઉમેરાયા વગરના શરબતના અર્ક જેવાં હોય. આવા કૉન્સન્ટ્રેટેડ સિરપમાં પાણી ઉમેરવાની જવાબદારી લેખક પોતાના વાચકને સોંપી દે. ઉદાહરણો, દષ્ટાંતો, પ્રસંગો, ઉપમાઓ કે વિશેષણો ધીબેડીને પાણીવાળું શરબત તૈયાર કરી આપવાનું કામ કરવાને બદલે નક્કર અને તાત્ત્વિક વાતો જ થાય. આવાં લખાણો સડસડાટ, એકશ્વાસે વાંચી જવાં એટલે શું ? સ્ટેશનના પ્લૅટફૉર્મ પર ઊભા હો અને રાજધાની એક્સપ્રેસ ત્યાંથી પસાર થઈ જાય એવી હાલત તમારી થાય. ટ્રેન ક્યારે દેખાઈ અને ક્યારે પસાર થઈ ગઈ એ જ વિચારતા રહો તમે. પાટા વચ્ચેની થોડી ધૂળ ઊડે અને આંખ ચોળતાં રહી જાઓ.

હોઠ ફફડાવીને વાંચવું એ અભણ કે પ્રૌઢ શિક્ષણ પામેલા વાચકની નિશાની છે એવું કેટલાક લોકો માને છે. મહાભારત લખાવતી વખતે વ્યાસ મુનિએ ગણપતિને શ્રુતલેખન કરાવ્યું. ગણપતિના કાનમાં શ્લોકના શબ્દો પ્રવેશતા જાય, તેઓ એનો અર્થ સમજતા જાય અને સમજ્યા પછી જ લખવાની શરત મુજબ લખતા જાય.



વાંચતી વખતે અટકીને આગલું વાક્ય, આગલો પૅરેગ્રાફ ફરીથી વાંચવાનું મન થઈ શકે. મન થાય તો એવું કરવાનું. મન થવાનાં ઘણાં કારણો હોઈ શકે. ન સમજાયું હોય તો ફરીથી વાંચવાની ઇચ્છા થાય. સમજાયું હોય તે ફરીથી માણવાનું મન થાય. મન થાય ત્યારે મનમાં બોલાતું હોય એ રીતે વાંચવાનું. પોતે જ પોતાના શબ્દો સાંભળતા હોઈએ એમ. વાંચન એ લખાણમાંના ભાવ, એમાંના વિચાર મમળાવવાની પ્રવૃત્તિ છે, એ રીતે વાંચતા વાચકો વાંચેલું સમજી શકે, પચાવી શકે.

ફરજિયાત વાંચન કરવું પડતું હોય કે શોખથી, દરેક પ્રકારની વાંચનપ્રક્રિયા જિંદગીની અણમોલ ક્ષણોમાં પરિવર્તિત થઈ શકે. શું વાંચીએ છીએ એ વાત જેટલી મહત્ત્વની છે એટલી જ અગત્યની બાબત છે – કેવી રીતે વાંચીએ છીએ. જમતાં જમતાં, ટીવી જોતાં જોતાં કે સંગીત સાંભળતાં સાંભળતાં વાંચવાથી દરેક ક્રિયાનો આનંદ કદાચ મળતો હશે પણ એ અધૂરો આનંદ છે. વાંચન એ એક સંપૂર્ણ અનુભવ છે. શરીરની પાંચેપાંચ ઈન્દ્રિયોને સાથે લઈને ચાલતો અનુભવ છે. માણસ સારો લેખક બની શકે કે નહીં, સારો વાચક જરૂર બની શકે. દરેક સારો લેખક એક સારો વાચક જરૂર હોવાનો.

**માર્ગદર્શક સ્તંભ**

પ્રસ્તુત કૃતિનું અધ્યાપન કરાવતા પહેલા ભાષિક કૌશલ્યોની જાણકારી આપી શકાય. વાંચન કૌશલ્ય ઉપર વિશેષ પ્રકાશ પાડી શકાય. વાંચનના જુદાજુદા પ્રકારો જેમ કે પ્રકટવાંચન, મૌનવાંચન, સમૂહવાંચન, અનુવાંચન જેવા પ્રકારો બાબત ચર્ચા કર્યા પછી કૃતિમાંથી પ્રશ્નો પૂછીને વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ આપી શકાય.

કૃતિ પાછળનો લેખકનો જે ઉદ્દેશ છે તે સાચા અર્થમાં સાર્થક કરી શકાય તે માટે એકાદ-બે પરિચ્છેદો પસંદ કરીને તેનું પ્રત્યક્ષ વાંચન કરીને પ્રાત્યક્ષિકીકરણ આપી શકાય. તે દ્વારા વાંચવાની સાચી દિશા, યોગ્ય ગતિ તરફ વિદ્યાર્થીઓને પ્રેરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) કામધંધો (૨) અનુભવ (૩) આરોગ્ય (૪) કિંમતી

(૫) છાપું (૬) પ્રખ્યાત (૭) સંગ્રહ (૮) શ્રેષ્ઠ

**સ. ૨. ઉદાહરણ પ્રમાણે લખો :**

દા.ત. (૧) ઉત્તમ — નિકૃષ્ટ

(૨) શિખર —

(૩) વિખ્યાત —

(૪) સુગંધ —

(૫) ઇચ્છા —

(૬) શ્રેષ્ઠ —

**સ. ૩. યોગ્ય રીતે જોડો :**

ઉદા. વ્યાસમુનિ ⟶ મહાભારત

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) સંત જ્ઞાનેશ્વર | (અ) બાઈબલ |
| (૨) ગુરુનાનક | (આ) રામાયણ |
| (૩) ઇશુખ્રિસ્ત | (ઇ) જ્ઞાનેશ્વરી ગીતા |
| (૪) વાલ્મિકી ઋષિ | (ઈ) ગ્રંથસાહેબ |

**સ. ૪. નીચેના શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો :**

(૧) સર્વોત્તમ (૨) ગુરુતમ (૩) નરોત્તમ

(૪) લઘુતમ (૫) પુરુષોત્તમ (૬) મહત્તમ

**સ. ૫. યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો :**

(૧) અભણ કે પ્રૌઢ શિક્ષણ પામેલા વાચકની નિશાની ____________________.

(અ) ધ્યાન દઈને વાંચવું (આ) ઝડપથી મનમાં વાંચવું (ઇ) હોઠ ફફડાવીને વાંચવું

(૨) લખાણના ભાવ, વિચાર મમળાવવાની પ્રવૃત્તિ એટલે _________________.

(અ) વાંચન (આ) લેખન (ઇ) શ્રવણ

(૩) કૉન્સન્ટ્રેટેડ સિરપમાં પાણી ઉમેરવાની જવાબદારી લેખક _______________.

(અ) પોતાના નિવેદકને સોંપી દે છે (આ) પોતાના વાચકને સોંપી દે છે

(ઇ) પોતાના આલોચકને સોંપી દે છે

(૪) મનગમતા હિલસ્ટેશન પર ટહેલ્યા પછી __________________.

(અ) સૂતી વખતે આહ્લાદક શાંતિ લાગે (આ) સૂતી વખતે પથારીમાં થાક લાગે

(ઇ) સૂતી વખતે રમણીય સ્વપ્નો આવે

**સ. ૬. ઓળખો.**

(૧) મહાભારત લખાવનાર – __________________________

(૨) મહાભારતનું શ્રુતલેખન કરનાર – __________________________

(૩) વાંચનપ્રવૃત્તિનો જાની દુશ્મન – __________________________

(૪) પાંચેપાંચ ઈન્દ્રિયોને સાથે લઈને ચાલતો અનુભવ – __________________________

(૫) ઉતાવળે ચાવીને જમવાથી થતો રોગ – __________________________

(૬) દરેક લેખક જરૂર હોવાનો – __________________________

**સ. ૭. પાઠના આધારે યોગ્ય શબ્દ લખો :**

(૧) શ્રેષ્ઠ ધંધો (૨) સર્વોત્તમ વ્યવસાય (૩) ઉમદા પ્રવૃત્તિ

**સ. ૮. પ્રસ્તુત પાઠના આધારે 'ઉત્તમ વાંચન' વિશે તમારો અભિપ્રાય સરળ શબ્દોમાં લખો.**

**સ. ૯. સંધિ છોડો :**

(૧) ઉત્તમોત્તમ (૨) સર્વોત્તમ (૩) અંતઃકરણ

(૪) વિષમ (૫) સંવાદ (૬) પ્રત્યેક

**સ. ૧૦. પાઠના આધારે નીચેના વિશેષણની સામે યોગ્ય નામ લખો :**

(૧) મનગમતાં – (૨) આહ્લાદક – (૩) સદાબહાર – (૪) અણમોલ –

**સ. ૧૧. અલંકાર ઓળખો :**

(૧) પાણીના એક-એક ટીપાની જેમ સમયની દરેક ક્ષણનો સંચય કરી શકાતો નથી.

(૨) એના લખાણમાં સમુદ્ર જેવું ઊંડાણ છે.

(૩) એનું લખાણ જાણે દીવાદાંડી.

**સ. ૧૨. 'સમજવું' ક્રિયાપદનું યોગ્ય રૂપ ખાલી જગ્યામાં લખો :**

મહાભારત લખાવતી વખતે વ્યાસમુનિએ ગણપતિને શ્રુતલેખન કરાવ્યું, ગણપતિ શ્લોકનો અર્થ ________ _______જાય અને _______________પછી જ લખવાની શરત મુજબ લખતા જાય. આમ ગણપતિએ ___ ____________ને મહાભારત લખ્યું. પણ આમજનતાને તે કેટલું _______________ એ કળી શકાતું નથી.

★ **'વાંચનના લાભાલાભ' પર વર્ગમાં સમૂહમાં સંવાદ સાધો.**

## પ્રકલ્પ

★ **પુસ્તકાલયમાં જઈને તમારા મનગમતા લેખક કે કવિના નામ સાથે તેમના પુસ્તકોની સૂચિ બનાવી તેમના ફોટા સહિત તમારી ડાયરીમાં ચોંટાડો.**

## લેખન કૌશલ્ય

★ તમારી શાળાના પુસ્તકાલય માટે નીચેના પુસ્તકો મંગાવવા પ્રકાશકને પત્ર લખો.

(૧) પ્રવીણચંદ્ર દવેનું સંકલન 'અમી સ્પંદન'

(૨) રમેશ પારેખનું 'છ અક્ષરનું નામ'

(૩) ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'

(૪) તારક મહેતાની 'દોઢ ડાહ્યાની ડાયરી'

(૫) કે. કા. શાસ્ત્રીનો 'બૃહદ્ ગુજરાતી કોશ.'



## વિશેષ વાંચન

### રોજનીશી ડાયરી : મિત્ર અને માર્ગદર્શક

તમે ક્યારેય ડાયરી લખી છે ? તમારા જીવનમાં બનતી ઘટનાઓની, રોજે રોજ સર્જાતા અને વિખેરાતા વિચારોની અને જીવનમાં અવરજવર કરતી તો ક્યારેક સ્થિરતા પામતી વ્યક્તિઓ વિશેની.

ડાયરી લખવાનો સમય કે ઇચ્છા બધાની પાસે નથી હોતાં. હોય તો આવડત નથી હોતી. ટૂથપેસ્ટ ખલાસ હતી કે ચામાં ખાંડ વધારે હતી કે દાળમાં મીઠું ઓછું હતું જેવી વિગતો રોજનીશીમાં લખીને કોઈ ફાયદો નથી. ડાયરીમાં એવી વાતો લખવી જોઈએ જેને પાંચ-દસ-પંદર વર્ષ પછી વાંચતી વખતે ડાયરીનાં પાનાં પરનો એ દિવસ આંખ સામે તરવરે.

રોજનીશીનું લેખન માણસને પોતાના જીવન સાથે જે કંઈ બની રહ્યું હોય તેના વિશે ફેરવિચારણા કરવાની તક આપે. માણસે પોતાની જાત સાથે વધુ સ્પષ્ટ થવું હોય તો ડાયરી કામ આવે.

ડાયરી લખતી વખતે એવી સભાનતા ન રખાય કે કોઈકના હાથમાં પહોંચી જશે તો એ મારા વિશે શું વિચારશે. ડાયરી માણસ પોતાના માટે લખે છે, બીજાને વંચાવવા નહીં. બીજાઓ પોતાના વિશે શું ધારશે એવું વિચારીને માણસ દિવસ આખો તો પોતાના વર્તનમાં દંભ દેખાડ્યા જ કરે છે. બિચારો ક્યારેક તો મોકળા મને વર્તે. ડાયરી તમને તમારી જાત સાથે ખુલ્લા થવાનું આમંત્રણ આપે છે.

જીવનની કેટલી બધી ઝીણી ક્ષણો નોંધાયા વિના રહી જતી હોય છે. રોજિંદા જીવનમાં અનુભવાતી બારીક પળોની સંવેદનાઓને ઝીલવા નોંધપોથી કરતાં ઉત્તમ સાધન બીજું કોઈ નથી. તમે કહેલી, તમે સાંભળેલી, તમે વિચારેલી કેટલી બધી નાની અને તત્ક્ષણ ક્ષુલ્લક જણાતી વાતો તમારા વ્યક્તિત્વને ઓપ આપતી રહે છે. આવી ક્ષણોની નકશીદાર વિગતો ભવિષ્યમાં ભૂલાઈ જાય અને યાદ રહે માત્ર એ ક્ષણો દરમિયાનનું આહ્લાદક વાતાવરણ. ડાયરીમાં જો એ ક્ષણો નોંધાયેલી હોય તો આવું વાતાવરણ સદા સાથે રહે.

આત્મનિરીક્ષણ બહુ ભારે શબ્દ છે છતાં કામનો છે. દર્પણમાં પોતાના ચહેરાની સુંદરતા જોયા કરવાની ટેવ ડાયરી છોડાવી દે છે. ડાયરી એક એવો આયનો છે જેમાં તમારામાં રહેલી સારી બાજુઓ ઉપરાંતનું બીજું ઘણું બધું જોવા મળે છે. કેટલાક લોકો ડાયરી લખ્યા વિના પોતાના મન પાસે આવા આયનાનું કામ લઈ શકે છે. એ સ્તર સુધી પહોંચી શકાય એટલું કેળવાયેલું મન ન હોય ત્યારે ત્યાં પહોંચવા માટેની ચાલણગાડી રૂપે ડાયરી ઉપયોગમાં આવે.

ડાયરી જાતને ઓળખવામાં તો મદદ કરે, આસપાસની વ્યક્તિઓને સમજવામાં પણ સહાયભૂત થાય. બીજાઓ દ્વારા સતત અન્યાય થતો હોવાની લાગણી કે બીજાઓ પોતાનો લાભ ઉઠાવી જાય છે એવી લાગણીમાંથી બહાર આવવાનો માર્ગ ડાયરી દેખાડી શકે.

રોજેરોજ લખાતી ડાયરી તમારી માનસિક ઉંમરની પ્રગતિનો ગ્રાફ આપી શકે. વર્ષોનાં લેખન પછી ડાયરી દોસ્ત બની જાય ત્યારે એ તમારી સૌથી નિકટની સાથી તરીકે તમને ક્યારેક સાંત્વન કે આશ્વાસન આપે તો ક્યારેક તમારા આનંદમાં સહભાગી બને. માર્ગદર્શકમાંથી ધીમેધીમે મિત્ર બનતી ડાયરી તમને શીખવાડે છે કે જીવનમાં નિકટની વ્યક્તિઓ પાસેથી જે મળતું હોય અને જેટલું પ્રાપ્ત થતું હોય, એ જ અને એટલું જ લેવાનું. એથી વધારેની આશા રાખવા જતાં બધું જ છીનવાઈ જતું હોય છે.

– સૌરભ શાહ

## સ્વાધ્યાય

સ. ૧ રોજનીશી લખવાના ફાયદા જણાવો.

સ. ૨. ‘રોજેરોજ લખાતી ડાયરી તમારી માનસિક ઉંમરની પ્રગતિનો ગ્રાફ આપી શકે.’ તમારા શબ્દોમાં સમજાવો.

સ. ૩. તમને રોજનીશી લખવી ગમે કે નહીં – સકારણ જણાવો.

FIGC6H

# ૮. એક સાથે એક ફ્રી

## ડૉ. નલિની ગણાત્રા

ડૉ. નલિની અશ્વિનકુમાર ગણાત્રાનો જન્મ ૧૬ નવેમ્બર ૧૯૫૫ના રોજ જામનગરમાં થયો હતો. અમદાવાદની આયુર્વેદ મહાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે કાર્યરત રહી ચૂક્યા છે. હાલમાં નિવૃત્તિકાળમાં પણ તેઓ વિવિધ સામયિકો માટે લેખન કાર્ય કરે છે.

'હાસ્યમ્ શરણમ્', 'હસવું મરજિયાત છે', 'અહં હાસ્યામિ', 'લાફિંગમોલ', 'લાફ પાંચમ', 'છઠ હાસ્ય' જેવા હાસ્ય લેખના પુસ્તકો નલિનીબેને આપ્યા છે. તેમને જ્યોતીન્દ્ર દવે સુવર્ણચંદ્રક તથા સાહિત્ય અકાદમીના વિવિધ પુરસ્કારો દ્વારા નવાજવામાં આવ્યા છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત હાસ્યકૃતિમાં લેખિકાએ સામાન્ય માણસની મનોવૃત્તિનો સરળ ભાષામાં ઉલ્લેખ કરી સમાજનું આબેહૂબ દર્શન કરાવ્યું છે. વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરનાર વ્યક્તિઓની જુદી જુદી વૃત્તિઓનો પરિચય કરાવ્યો છે. હાસ્યાત્મક અને વ્યંગાત્મક શૈલીમાં લેખિકા સત્યને રજૂ કરે છે. નિર્દોષ કટાક્ષ સાથે વેપારી અને ગ્રાહક બંને વર્ગની વૃત્તિ-પ્રવૃત્તિથી વાચકોને વાકેફ કરવાની કળા અહીં છતી થયા વિના રહેતી નથી. મનોવૈજ્ઞાનિક વલણ, મફત મેળવવાની કળા, વેપારી-વૃત્તિના ઉલ્લેખ સાથે લેખિકા આપણને સંદેશ આપે છે કે, આપણે આવી માયાજાળથી મુક્ત થવાનું છે. સ્કીમ અને ગ્રાહક છૂટા પડે તેવી અપેક્ષા રાખતી આ કૃતિ ખરેખર સમાજ માટે દર્પણનું કામ કરી સાવધાની અને સભાનતા તરફ આપણને લઈ જાય છે.

'એક સાથે એક ફ્રી'નો આઈડિયા કુદરતે જોડિયા બાળકો (ટ્વીન્સ) દ્વારા ક્યારનો આપેલો જ હતો. પણ મંદબુદ્ધિ માણસને એ મોડો સમજાયો. પણ સમજ્યા પછી માણસ ઝાલ્યો નથી રહ્યો. દે જ દે... કરીને મચી જ પડ્યો છે. લેંઘા સાથે નાડુ ફ્રી... અલા નાડુ ફ્રી ના રખાય. બાંધેલું રખાય ! પણ મૂળચંદ ફ્રી નાડાવાળો લેંઘો લઈને જ જંપે. સ્કીમનો લાભ ન લઈએ તો લોકો આપણને લલ્લુ-પંજુ સમજે પાછા !

સ્કીમ એટલે 'રતને વીંટ્યું ચીથરું.' સ્કીમથી વેપારીની ચીંથરા જેવી ચીજવસ્તુનાં ગોડાઉન ખાલી થઈ ગયાં છે અને આપણા 'ફોર બેડરુમ વીથ કીચન' ગોડાઉન બની ગયાં છે! જાતજાતની સ્કીમને કારણે ઘર કરતાં ઘરવખરી વધતી જાય છે. 'ગોદડાં સાથે દોરાની કોકડી ફ્રી'ની સ્કીમ આવે તો કોકડી માટે ઘરમાં ડામચિયો ઊભો કરી દે ! પહેલાં તો સ્કૂટર અને ફોન માટે ઓન બોલાતાં અને એમાંય વેઈટીંગ રહેતું. અત્યારે સ્કૂટર સાથે રીંગ (સોનાની વીંટી) અને ફોન સાથે રીંગટોન ફ્રી આપવામાં આવે છે. રીંગટોન સાંભળવામાંથી કાન નવરા પડે તો બીજાં બેન્ડવાજાં સંભળાય ને ?

છાપામાં એક એવી જાહેરાત હતી - 'જેટલું કાપડ ખરીદો તેટલું કાપડ ફ્રી' અને બાજુમાં લાલ ચોકઠામાં લખેલું કે 'નકલથી ચેતજો !' જો કે 'મફત', 'સિર્ફ' અને 'સ્કીમ' આ ત્રણ શબ્દોએ આપણને એવા ગુલામ બનાવી દીધા છે કે કંઈ સૂઝે જ નહીં. એની અસરથી છૂટવાનુંય ન સૂઝે ! '₹૨૨૦ નાં જૂતાં ૧૦૦માં' એવું વાંચીને દેખીતી રીતે આપણને

એમાં વેપારીની બેવકૂફી લાગે. પણ એ માત્ર દેખીતી રીતે જ. આંખ બંધ કરીને વિચારો તો ખ્યાલ આવે કે આપણે બે જોડી ચપ્પલ ઘરમાં પેટી પેક પડ્યાં'તાં તોય લલચાઈને ત્રીજી જોડ લઈ આવ્યા. અને વેપારીને ગોડાઉનમાં પડ્યાં પડ્યાં શૂન્ય મૂલ્ય થવાનાં હતાં તે જૂતાં ₹ ૧૦૦માં વેચાઈ ગયા.

અત્યાર સુધી બધી ચીજવસ્તુઓ બમણા ભાવે ખરીદવાને લીધે (વેપારીઓની છેતરપિંડીને લીધે) આપણી મૂળભૂત મફતિયા વૃત્તિ લગભગ નષ્ટપ્રાય થવા આવી હતી. એટલે આવી જુદી જુદી સ્કીમે મફતિયા વૃત્તિનો જીર્ણોદ્ધાર કરવા 'સંભવામિ યુગે યુગે'નું કામ કર્યું. આપણી મફતિયા વૃત્તિ ઉજાગર થઈ અને વેપારીઓ સ્કીમને ગાંગડે શાહુકાર થઈ ગયા !! ઊઠતાવેંત 'નંદ ઘેર આનંદ' થાય એ માટે ટૂથપેસ્ટ સાથે બ્રશ ફ્રી... ચાની સાથે કપ-રકાબી ફ્રી... ચાદર સાથે ટુવાલ ફ્રી... ટુવાલ સાથે નેપ્કિન ફ્રી... નેપ્કિન સાથે હાથરૂમાલ ફ્રી... હાથરૂમાલ સાથે એ ધોવા માટે સાબુ ફ્રી ! આ ફ્રીના ચક્કરમાં મૂળચંદનું માઈન્ડ ફ્રીજ થઈ ગયું !

આ સ્કીમની માયાજાળે તો ડૉક્ટરને ડોક-કટર બનાવી દીધો છે. ડૉક્ટરીના ધંધામાં કટ્ટર હરીફાઈને કારણે સોફિસ્ટિકેટિડ્ (દુનિયાદારીવાળુ, સુફિયાણું વ્યવહારદક્ષ) સ્કીમો તો જાહેર ખાનગી ધોરણે ક્યારની ચાલુ થઈ ગઈ છે. પણ હવે આવી ફેરિયા જેવી સ્કીમો આવશે - 'ડાયબીટિઝ(મધુ(પ્ર)મેહ, મીઠીપેશાબ)નો ટેસ્ટ અમારે ત્યાં કરાવનારને ૧ કિલો મેથી ફ્રી આપવામાં આવશે. ડાયબીટિઝ NIL આવશે તો કાર્ડિઓગ્રામ ફ્રી કાઢી આપવામાં આવશે અને કાર્ડિઓગ્રામમાં તો કોઈને પણ ફસાવી શકાય. કાર્ડિઓગ્રામની ખાંચાખૂંચીવાળી ડિઝાઈનમાંથી આપણને કોઈ પણ એક ખાંચો બતાવીને ડૉક્ટર કહેશે કે આ ખાંચો તમારા હૃદયને ખલેલ પહોંચાડે છે અને માંદગીપ્રિય મૂળચંદને એટલું જ જોઈતું હોય. એ જાહેર જનતાને જણાવવા દોડે કે, મારું ડાબું હૃદય ડેમેજ છે !! હે મૂળચંદ, ડાબું હૃદય નહીં, હૃદયનો ડાબો ભાગ જ ડેમેજ છે. અને તારે હૃદય છે એવું ય કાર્ડિઓગ્રામથી કલીઅર થયું ને વળી પાછો ડાબા-જમણા બબ્બે હૃદયનો માલિક થઈ ગયો ? સોનોગ્રાફી કરાવનારને સાકરનો પડો ફ્રી હોય તો આ મૂળચંદ તાવમાં ય સોનોગ્રાફી કરાવે એવો છે !

એની વે જૂનું આપીને નવું લઈ જાવાવાળી સ્કીમ પણ કદાચ ડૉક્ટરોએ જ રિલીઝ કરેલી છે. ડૉક્ટરો વર્ષોથી તમારું જૂનું દર્દ લઈ નવું દર્દ આપે છે અને નવું નવ્વાણું લખ્ખણવાળું હોય પણ નવાની ચમકને કારણે જલદી ખ્યાલ ન આવે ! હવે તો આવી સ્કીમમાં વાળંદ, મોચીઓ પણ જોડાવાના છે. દાઢી સાથે અડધી મૂછ ફ્રીમાં મૂંડાવી જાવ... જૂનું ચપ્પલ આપી નવી ખીલ્લી લઈ જાવ... વગેરે... સ્કીમના વેપારમાં અત્યારે અખબારવાળા અગ્રેસર છે. મને તો એમના ઉત્સાહની અદેખાઈ આવે છે. મારી પાસે કોઈ કંટાળાની ફરિયાદ લઈને આવે તો હું એમને જડબેસલાક અદામાં કહી દઉં છું કે, 'ચૂપ... કંટાળવાના ખરા અધિકારી અત્યારે અખબાર-માલિકો છે. દર મહિને લાખો ભક્તો (વાચકો)ને અર્ઘ્ય ચડાવવા છતા એ કંટાળતા નથી અને તમે દસ હજારનું દેવું થયું એમાં કંટાળી જાવ છો ? અખબાર-માલિકો ન કંટાળે ત્યાં સુધી તમને કે મને કંટાળવાનો સહેજ પણ અધિકાર નથી !!' આવું સાંભળીને એ દેવાળિયો હળવોફૂલ થઈ જાય છે.

પહેલાં તો આપણે સામે ચાલીને મૂરખ બનવા જતાં. હવે તો બૅન્કવાળા, વીમાવાળા, પાણીવાળા, સાવરણીવાળા વિગેરે આપણને ઘેર બેઠા પટાવી જાય છે. પાછું એમનું કહેવાનું એવું જ હોય કે આ છેલ્લી તક છે. આવતા મહિનાથી આ સ્કીમનો લાભ નહીં મળે. અરે, ૩૨ માર્ચ સુધીમાં ગુજરી જાવ તો તમારા બેસણાંની જાહેરાત ફ્રીમાં છાપી આપીશું એવી સ્કીમ આવવાની પૂરી શક્યતા છે !!!

આ સ્કીમ-યોજનાના અવતાર પહેલાં પણ સ્કીમો ચાલતી હતી પણ ત્યારે 'સ્કીમ'નું લેબલ નહોતું લાગેલું




એટલું જ. અને એટલા માટે જ ધંધા આટલા ધમધોકાર ચાલતા નહોતા. બાકી ચપ્પલ, મોજાં જેવી ચીજો એક સાથે એક ફ્રીમાં પહેલેથી મળે જ છે ને? ! પણ એ વખતે એક ચપ્પલ સાથે બીજું ફ્રી... એક મોજા સાથે બીજું ફ્રી... આવું આકર્ષક ગતકડું નહોતા મૂકતાં એટલે ધાર્યો ધંધો ન હતો. અત્યારે તો ઘઉં સાથે ૧ કિલો દિવેલ ફ્રી... મળે એટલે દીવેલ માટે લોકો ઘઉં લેવા દોડે અને દુકાનમાંથી દીવેલ દૂર થાય એટલે વેપારીનું ડાચું ખીલી ઊઠે. આમ સ્કીમના આયોજન માટે વેપારી માંકડાના મદારી જેવો થઈ ગયો છે, પણ એનું એને ભાન નથી. એ તો સ્કીમનો લાભ નહીં લેનારા બુદ્ધિશાળીને જ દેખાય છે.

આ સ્કીમના રેલાની સ્પીડ જોઈને પ્રશ્ન થાય કે આ રેલો ક્યારે અટકશે? અટકશે કે કેમ? આ સ્કીમની સ્કીમને અટકાવવા માટે શાયદ આ નવી સ્કીમ કાઢવી પડશે કે આ સ્કીમ પ્રથા પર પ્રતિબંધ લાવનારને એ પ્રતિબંધમાંથી મુક્તિ મળશે !!

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવતી વખતે શરૂઆતમાં 'સ્કીમ' અર્થાત્ યોજનાઓ અંગે પ્રકાશ પાડી શકાય. વેપારીઓ સ્કીમ શા માટે યોજે છે તેની પાછળનું સત્ય કારણ સમજાવી શકાય. આ સ્કીમોથી લોકો કેવી રીતે આકર્ષાઈ જાય છે તેનાથી શું નુકસાન થાય તે અંગે ચર્ચા કરી શકાય. વિદ્યાર્થીઓ આવી સ્કીમમાં ન ફસાય તે માટે તેમને જાગૃત કરી શકાય.

પ્રસ્તુત કૃતિના અધ્યાપનનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહક તરીકે વિદ્યાર્થીઓને જાગૃત કરવાનો પણ છે માટે 'જાગો ગ્રાહક જાગો'ની સંકલ્પનાને વિસ્તૃત રીતે સમજાવી શકાય.

કોઈપણ પ્રકારની મફતિયા વૃત્તિને વિદ્યાર્થીઓ તિલાંજલિ આપે તે માટે પ્રેરણા આપી શકાય.

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) આગેવાન (૨) છેતરામણી (૩) હરકત (૪) સજ્જડ

(૫) નાદાર (૬) ઝાડુ (૭) મનાઈ (૮) ચળકાટ

**સ. ૨.** **'જૂનું-નવું' આવા શબ્દોની જોડીઓ પાઠમાંથી શોધો.**

**સ. ૩.** **સરખા અર્થ ધરાવતા બે શબ્દોની બે જોડીઓ પાઠમાંથી શોધીને લખો.**

**સ. ૪.** **રૂઢિપ્રયોગોનો અર્થ લખો :**

(૧) ઝાલ્યા ન રહેવું (૨) સૂંઠને ગાંગડે ગાંધી થવું

(૩) મચી પડવું (૪) ધમધોકાર ધંધો ચાલવો

(૫) રતને વીંટ્યું ચીંથરું (૬) લલ્લુ-પંજુ સમજવું

**સ. ૫.** **શબ્દસમૂહ માટે એક શબ્દ કૃતિને આધારે લખો :**

(૧) મૃત્યુ પછી દુ:ખ વ્યક્ત કરવા યોજવામાં આવતી પ્રાર્થનાસભા - ------------------


(૨) વેપારીઓ પોતાનો જથ્થાબંધ સામાન જ્યાં મૂકતા હોય છે તે જગ્યા - ------------------

(૩) ઘરનો સામાન અને ફર્નિચર - ------------------

(૪) વાંદરા અને સાપ જેવા પ્રાણીઓને ડુગડુગી વગાડીને નચાવનાર - ------------------

(૫) પોતાની બધી જ સંપત્તિ ગુમાવી દીધા પછી ઉછીના લીધેલા પૈસા ચૂકવવા માટે પણ અસમર્થ વ્યક્તિ - ------------------

**સ. ૬.** **શબ્દોને યોગ્ય રીતે જોડો. બાજુમાં જોડી ફરી લખો :**




(૧) ------------------------------

(૨) ------------------------------

(૩) ------------------------------

(૪) ------------------------------

(૫) ------------------------------

(૬) ------------------------------

સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :

(૧) જાતજાતની સ્કીમને કારણે ઘર કરતાં ____________________

(અ) ખર્ચા વધતા જાય છે (આ) ઘરવખરી વધતી જાય છે (ઇ) બચત વધતી જાય છે

(૨) ડાયબીટિઝનો ટેસ્ટ અમારે ત્યાં કરાવનારને ________________

(અ) એક કિલો મેથી ફ્રી આપવામાં આવશે (આ) એક કિલો સાકર ફ્રી આપવામાં આવશે

(ઇ) ઈન્સ્યુલીનનું ઈન્જેક્શન ફ્રી આપવામાં આવશે

(૩) ડૉક્ટરો વર્ષોથી તમારું ___________________

(અ) જૂનું દર્દ મિટાવી દે છે (આ) જૂની દવા બદલી આપે છે (ઇ) જૂનું દર્દ લઈ નવું દર્દ આપે છે

(૪) આ સ્કીમ પ્રથા પર પ્રતિબંધ લાવનારને ______________

(અ) એ પ્રતિબંધમાંથી મુક્તિ મળશે (આ) એ સ્કીમનો લાભ મળશે

(ઇ) એવૉર્ડ આપવામાં આવશે

સ. ૮. લખો :

(૧) આપણને ગુલામ બનાવનારા શબ્દો ____________________

(૨) છાપામાં લાલ ચોકઠામાં લખેલું વાક્ય ____________________

(૩) સ્કીમના લીધે જીર્ણોદ્ધાર થયેલી વૃત્તિ ____________________

(૪) સોફિસ્ટિકેટિડ્ સ્કીમોવાળો ધંધો ____________________

(૫) ડૉક્ટરો સાથે સ્કીમમાં જોડાનારા વ્યાવસાયિકો ____________________

(૬) કંટાળવાના ખરા અધિકારીઓ ____________________

(૭) ઘેરબેઠા આપણને પટાવી જનાર ____________________

સ. ૯. અધૂરાં વાક્યો પૂરાં કરો :


(૧) એક સાથે એક ફ્રીનો આઈડિયા કુદરતે ____________________

(૨) ડાયબીટિઝ ટેસ્ટ કરાવનારને એક કિલો ____________________

(૩) સ્કીમનો લાભ નહિ લેનારા તો ____________________

સ. ૧૦. 'ફ્રી સ્કીમ યોજના' અંગેના તમારા સ્પષ્ટ અભિપ્રાય જણાવો.

સ. ૧૧. 'અ + ઉ = ઓ' ના નિયમને ધ્યાનમાં રાખી યોગ્ય રીતે સંધિ કરીને શબ્દ લખો :




(૧) ________________ + ________________

(૨) ________________ + ________________

(૩) ________________ + ________________

(૪) ________________ + ________________

સ. ૧૨. અધોરેખિત શબ્દસમૂહ માટે યોગ્ય રૂઢિપ્રયોગ લખો :

(૧) અમારી મૌખિક પરીક્ષા બંધ થઈ ગઈ.

(૨) લાંચ લેતા અધિકારીને કાઢી મૂકાયા.

(૩) મારા ભાઈના કંપાસમાંથી મેં છૂપી રીતે પેન લીધી.

સ. ૧૩. પાઠના આધારે નીચેનાં નામ માટે વપરાયેલાં વિશેષણો લખો :

(૧) __________________ વૃત્તિ

(૨) __________________ ભાવ

(૩) __________________ માણસ

(૪) __________________ મૂછ

(૫) __________________ બાળકો

(૬) __________________ સ્કીમ

સ. ૧૪. કૃદંતના પ્રકારમાં વર્ગીકરણ કરો :

રમાડતો, આવેલ, જનાર, મળીને, વાંચવાની, કર્યું હતું, ખેલનારા, મળેલ, રમીને, ખાધું, ભણતી.

★ તમને 'એક પર એક ફ્રી' ની સ્કીમ આપવામાં આવે તો તમારી પસંદગીની વસ્તુઓ વિશે વર્ગમાં સમૂહચર્ચા કરો.

## પ્રકલ્પ

★ પાઠમાં આવતા અંગ્રેજી શબ્દોની યાદી બનાવી તે માટેના ગુજરાતી શબ્દો લખો.

★ પ્રસ્તુત પાઠમાંથી કોઈપણ પાંચ પ્રશ્નો બનાવો.

## લેખન કૌશલ્ય

★ 'ભૂમિતિના કંપાસ સાથે મોટી ફૂટપટ્ટી ફ્રી' વિષયને અનુરૂપ યોગ્ય જાહેરખબર બનાવો.

મોંઘું રડાવે એકવાર, સસ્તુ રડાવે વારંવાર.


FIQ88J


# જોડણીના તફાવતથી અર્થભેદ

★ **જોડણીના તફાવતથી થતાં અર્થભેદને યાદ રાખો :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) | રવિ | – | સૂર્ય | રવી | – | શિયાળુ પાક |
| (૨) | દિન | – | દિવસ | દીન | – | ગરીબ |
| (૩) | ચિર | – | લાંબુ | ચીર | – | વસ્ત્ર |
| (૪) | દ્વિપ | – | હાથી | દ્વીપ | – | બેટ, ટાપુ |
| (૫) | સારુ | – | માટે | સારું | – | સુંદર |
| (૬) | સાંભરવું | – | યાદ આવવું | સાંભળવું | – | શ્રવણ કરવું |
| (૭) | અનલ | – | અગ્નિ | અનિલ | – | પવન |
| (૮) | અપેક્ષા | – | ઇચ્છા, આશા | ઉપેક્ષા | – | તિરસ્કાર, અવગણના |
| (૯) | અબજ | – | સંખ્યા | અજબ | – | નવાઈ |
| (૧૦) | ઇનામ | – | બક્ષિસ | ઈમાન | – | પ્રામાણિકતા |
| (૧૧) | ઉદર | – | પેટ | ઉંદર | – | એક પ્રાણી |
| (૧૨) | કેસ | – | મુકદ્દમો | કેશ | – | વાળ |
| (૧૩) | ખોડ | – | શરીરના અંગની ખામી | ખોળ | – | ઓશિકાનો ગલેફ (કવર) |
| (૧૪) | ગુણ | – | સ્વભાવ, લક્ષણ | ગૂણ | – | થેલો |
| (૧૫) | ગ્રહ | – | આકાશના ગ્રહ | ગૃહ | – | ઘર |
| (૧૬) | ડિલ | – | શરીર, કાયા | દિલ | – | મન, હૃદય |
| (૧૭) | દિશ | – | દિશા | દીશ | – | સૂર્ય |
| (૧૮) | પરિણામ | – | ફળ | પરિમાણ | – | માપ |
| (૧૯) | પાણિ | – | હાથ | પાણી | – | જળ |
| (૨૦) | પિતા | – | બાપુજી, પપ્પા | પીતા | – | પીવાની ક્રિયા કરવી |
| (૨૧) | પુર | – | શહેર | પૂર | – | નદીમાં આવતી રેલ |
| (૨૨) | પ્રણામ | – | નમસ્કાર | પ્રમાણ | – | માપ, સાબિતી |
| (૨૩) | બોલ | – | વચન | બૉલ | – | દડો |
| (૨૪) | મુરત | – | મુહૂર્ત (શુભ સમય) | મૂરત | – | મૂર્તિ, ચહેરો |
| (૨૫) | મેશ | – | કાજળ | મેષ | – | ઘેટું, એક રાશિ |
| (૨૬) | મોર | – | મયુર | મૉર | – | આંબા પર બેસતા..... |
| (૨૭) | લક્ષ્ય | – | ધ્યેય, હેતુ | લક્ષ | – | લાખ, ધ્યાન |
| (૨૮) | લેશ | – | જરાક | લેસ | – | કિનાર |
| (૨૯) | વધુ | – | વધારે | વધૂ | – | વહુ |
| (૩૦) | વારિ | – | પાણી | વારી | – | ક્રમ |

# ડિજિટલ લેણદેણ


મેડમ, ડિજિટલ લેણદેણ અને કેશલેસની જાગૃતિ આજકાલ ખૂબ ચાલી રહી છે.
મેડમ, ડિજિટલ લેણદેણની કઈ રીત છે અને તેના શું લાભ છે?
આશિષ, ડિજિટલ લેણદેણ ચાર રીતે થાય. પહેલી ડેબિટ/ક્રેડિટ કાર્ડ બીજી નેટ બૅંકિંગ, ત્રીજી યુપીઆઈ અને ચોથી ઈ-વોલેટ.
આશિષ, ડિજિટલ લેણદેણના અનેક લાભ છે જેમ કે રોજિંદા ખર્ચમાં સહેલાઈ, પૈસાની લેણદેણમાં ઝડપી, ખર્ચનો રેકોર્ડ રાખવામાં સરળતા, સેફ્ટી, ઓછો ખર્ચ વળી ઉપયોગમાં પણ સરળ.
પણ મેડમ, ડિજિટલ લેણદેણ ક્યાં શક્ય છે?
ડિજિટલ લેણદેણ રેલવે, એરલાઈન અને બસની ટિકિટ બુકિંગ, રોજિંદા સામાનની ખરીદી, ટોલબૂથ, રોકાણ અને બૅંકિંગ, ટેક્સ અને ફી પેમેન્ટ, બિલ પેમેન્ટ, ટેક્સી-ઓટોના ભાડામાં કરી શકાય છે.
આ તો ખૂબ સારું છે, પણ ડિજિટલ લેણદેણમાં છેતરપિંડી પણ થતી હશે.
હા, આમાં પણ છેતરપિંડી થાય છે.



મેડમ, સાઈબર છેતરપિંડીથી કેવી રીતે બચવું અને સલામત રીત કઈ છે?
આ છેતરપિંડીથી બચવા માટે ખૂબ જરૂરી એ કે ઓનલાઈન ખરીદી કરો ત્યારે દરેક વખતે ડેટા એન્ટ્રિ અને રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પરથી જ લેણદેણ કરો. પાસવર્ડ ક્યાંય સેવ કરીને ન રાખો. તમારી સિસ્ટમમાં એન્ટિ વાયરસ ફાયરવોલને અપડેટ કરીને રાખો.
ઓનલાઈન ચુકવણી વખતે વેબસાઈટ પર પીસીઆઈ-ડીબેસએસનું સર્ટિફિકેટ જરૂર જુઓ. ઓનલાઈન ખરીદી રહ્યાં છો તો સૌથી પહેલા એ તપાસી લો કે તમે યોગ્ય વેબસાઈટ પર છો કે નહીં, તેથી હમેશાં (https://www) બ્રાઉઝર જ પસંદ કરો.
Online Shopping site in India:
https://www
All
ઓનલાઈન બૅંકિંગ કરતી વખતે એ જરૂર જુઓ કે છેલ્લે ક્યારે લોગઈન કર્યું હતું અને તમારું એકાઉન્ટ બેલેન્સ્ નિયમિત રીતે જોતા રહો. ઓનલાઈન બૅંકિંગનું યૂઝર આઈડી અને પાસવર્ડ થોડા મુશ્કેલ રાખો.
Login to Internet Banking
User ID
Password
મોબાઈલ એપને ગુગલ પ્લે કે એપ સ્ટોર પરથી જ ડાઉનલોડ કરો. મોબાઈલ એપને સમય-સમય પર અપડેટ કરતા રહો. ક્યારેય પણ પબ્લિક વાઈફાઈ પર મોબાઈલ વોલેટ કે બૅંકિંગ એપ ન ખોલો.
https://play.google.com/store/search?q
Most Visited
Getting Started
Web Slice Gallery
Rediffmail
Dattaraj Kamat Art
Google Play
banking app
Apps
Search
My apps
Shop
Apps
Games
આશિષ, ક્યારેય પણ અજાણી વ્યક્તિ તરફથી ઈમેલમાં આવેલી લિંક અને અટેચમેન્ટ ના ખોલાય. તમારું લોગઈન અને સિક્યોરીટી કોડ કોઈને ન જણાવાય.
આશિષ, તમે ડિજિટલ લેણદેણ અને છેતરપિંડીની માહિતી માટે કન્ઝ્યુમર હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૧-૪૦૦૦ અથવા ૧૪૪૦૪ પર સંપર્ક કરી શકો છો.
આશિષ, ડિજિટલ લેણદેણથી ગભરાવાની જરૂર નથી. સાવચેતી રાખવાથી તમે સહેલાઈથી સલામત ઘરે બેઠા લેણદેણ કરી શકો છો અને કેશલેસ ઈન્ડિયા મુવમેન્ટમાં તમે ભાગીદાર બની શકો છો.
મેડમ, હવે મને બરાબર સમજાઈ ગયું કે ડિજિટલ લેણદેણ સલામત રીતે કેવી રીતે કરી શકાય છે.

# વિવિધ સાહિત્ય સ્વરૂપોનો પરિચય

## ૧ - ગઝલ

ગઝલ એ મૂળ અરબી સાહિત્યપ્રકાર છે. પાછળથી તે ફારસી, ઉર્દૂ, નેપાળી, હિંદી અને ગુજરાતીમાં પણ અતિ લોકપ્રિય બની. ગઝલમાં સામાન્ય રીતે ૫થી ૧૧ શેર હોય છે. તમામ શેર એક જ રદીફ-કાફિયામાં રચાયા હોય છે. પહેલા શેરને મત્લા કહેવાય છે અને છેલ્લા શેરને મક્તા - જેમાં શાયર પોતાનું ઉપનામ વણી લે છે. શેર ગઝલનો મૂળભૂત એકમ છે. ગઝલમાં દરેક શેર પોતે અર્થની દૃષ્ટિએ સ્વતંત્ર હોય છે. કોઈપણ ગઝલના શેરો અર્થની દૃષ્ટિએ એકબીજાથી સંબંધિત કે એકબીજા પર આધારિત હોવા જોઈએ એવું જરૂરી નથી. પરંતુ એક ગઝલના તમામ શેરો એક જ છંદમાં હોય અને રદીફ-કાફિયા જાળવીને લખાવા અનિવાર્ય છે.

એક શેર બે પંક્તિઓનો બનેલો હોય છે. પંક્તિઓની લંબાઈ પસંદ કરેલા છંદ અનુસાર હોય છે. (શેરની પ્રથમ પંક્તિને 'ઉલા મિસરા' અને બીજી પંક્તિને 'સાની મિસરા' કહેવામાં આવે છે. એક ગઝલના બધા મિસરાઓ એક જ છંદમાં હોવા જોઈએ.) રદીફનું ગઝલમાં વારંવાર પુનરાવર્તન થાય છે. જે એક શબ્દ કે શબ્દસમૂહ હોઈ શકે. કાફિયાનો અર્થ છે 'પાછળ આવવા માટે તૈયાર' - એટલે ગુજરાતીમાં જેને પ્રાસ કહેવાય છે તે જ કાફિયા છે. કાફિયા રદીફની આગળ આવે છે.

## ૨ - ગીત

ગેય પદ્યરચનાને ગીત કહેવાય. તેમાં લયનું ખૂબ મહત્ત્વ હોય છે. ગીતનાં મુખ્ય બે પાસાં એટલે મુખડું અને અંતરો. દરેક અંતરાને અંતે મુખડાની પંક્તિઓ લખાય છે. ગીતના મુખડા અને દરેક અંતરા વચ્ચે સુસંબંધ હોવો જરૂરી છે. આખા ગીતમાં કોઈપણ એક જ વિષયને આવરી લેવામાં આવે છે. અંતરાની પંક્તિઓમાં અંત્યાનુપ્રાસનું અનેરું મહત્ત્વ હોય છે. ગીતમાં ચોક્કસ માત્રા, શબ્દોની સંખ્યા કે લંબાઈનું મહત્ત્વ હોતું નથી પરંતુ લયબદ્ધતા વધુ મહત્ત્વની હોય છે. લોકબોલીના શબ્દો, કે પરંપરાગત વિષયો ગીતને વધુ માધુર્યયુક્ત બનાવે છે.

## ૩ - લોકગીત

લોકગીત લોકસાહિત્યનો પ્રકાર છે. લોકો દ્વારા રચાયેલા સાહિત્યને લોકસાહિત્ય કહેવાય છે. તેમાં કોઈપણ રચનાના કોઈ ચોક્કસ રચયિતા હોતા નથી. કોઈ અજ્ઞાત વ્યક્તિ દ્વારા રચાયેલ સાહિત્ય કંઠોપકંઠ સચવાય છે. લોકગીતમાં સાંપ્રત સમાજની બોલી અને સામાજિક પરંપરાનું પ્રતિબિંબ દેખાય છે. હાલરડાં, લગ્નગીત, ફટાણાં, શૌર્યગીત, ખાયણાં, મરશિયાં વગેરે લોકગીતના પ્રકાર છે, જે પ્રસંગોપાત ગવાય છે. લોકગીતની ભાષા બોલચાલની ભાષા હોવાથી અતિ સરળ અને માધુર્યયુક્ત હોય છે.

## ૪ - ખંડકાવ્ય

ખંડકાવ્ય કોઈ કથાવસ્તુ પર આધારિત હોય છે. મોટેભાગે એ કથાવસ્તુ માનવજીવનની કોઈ ઘટના, એકાદ નાજુક ક્ષણ કે પ્રસંગ આવરી લેતું હોય છે. કોઈ એવી ક્ષણ, જેમાં જીવનનું ગંભીર અને રહસ્યપૂર્ણ સત્ય પ્રગટ થતું હોય છે. તેનું આલેખન બીજા કાવ્ય કરતાં વધુ લંબાણપૂર્વક લખાયું હોય છે.

## ૫ - નવલકથા

નવલકથામાં એક ચોક્કસ કાળખંડનું આલેખન કરવામાં આવે છે. રસસભર પ્રસંગકથન, વેગવંત વાર્તા પ્રવાહ, સુસંબંધ વસ્તુ સંકલ્પના અને સજીવ પાત્રાલેખન એ નવલકથાનાં મુખ્ય અંગો છે. એક વાર આરંભ કર્યા પછી વાચકને છેવટ સુધી જકડી રાખે તેવી પ્રવાહી શૈલી હોવી જોઈએ. સબળ અને ચોટદાર સંવાદો પણ નવલકથાનું ખૂબ જ મહત્ત્વનું પાસું છે. ક્યાંક અનોખા વ્યક્તિત્વવાળા આકર્ષક પાત્રોને કાલ્પનિક રીતે નવલકથામાં ઉપસાવવામાં આવે છે. પાત્રોનું આલેખન, સંવાદો, સ્થળનું વર્ણન વગેરે કથાવસ્તુના કાળખંડને ધ્યાનમાં રાખીને જ કરાય છે.

## ૬ - એકાંકી

એકાંકી એ નાટકનું લઘુ સ્વરૂપ છે. નાટક એટલે એકાંકી. એક જ પ્રસંગ કે ઘટનાને લઈને એક અથવા એક કરતાં વધારે દશ્યો દ્વારા એકાંકીનું નિરૂપણ થાય છે. તેમાં પાત્રોની કોઈ મર્યાદા હોતી નથી. જ્યારે તેને ભજવવામાં આવે ત્યારે સમય મર્યાદા (૩૦થી ૪૫ મિનિટ) જળવાય તે પ્રકારનું આલેખન હોવું જોઈને. સચોટ અને ધારદાર સંવાદો અને કાળ કે કથાવસ્તુને અનુરૂપ ભાષાશૈલી એવી હોવી જોઈએ કે જે સરળતાથી ભજવી શકાય.

## ૭ - નિબંધ

નિબંધ એટલે કોઈપણ પ્રકારના બંધન વગર પોતાના વિચારોને વ્યક્ત કરતું ગદ્ય સ્વરૂપ. વિષયને અનુરૂપ ભાષાશૈલી ઘણી જ મહત્ત્વની હોય છે. કહેવતો, રૂઢિપ્રયોગો, કાવ્યપંક્તિઓ, અવતરણો વગેરેનો વિષયાનુરૂપ ઉપયોગ નિબંધને વધુ પ્રભાવી બનાવે છે. નિબંધની ભાષા વિષયને ઉચિત, વાચકને સમજાય અને રસ જગાડે તેવી હોવી જોઈએ. લલિત નિબંધ, ચિંતનાત્મક નિબંધ, પ્રકૃતિ નિબંધ વગેરે નિબંધના પ્રકાર છે.

❖❖❖

# લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ - ૧

## પત્રલેખન

મિત્રો, તમને થતું હશે કે વૉટસએપ અને ઈમેલના યંત્રયુગમાં પત્રલેખન શીખવાની શી જરૂર ? ખરું ને ? પણ યાદ રાખો કે, આપણા હૃદયની ભાવનાને શબ્દરૂપે વ્યક્ત કરવાનું કૌશલ્ય મેળવવા પત્રલેખન આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. આપણાથી જોજનો દૂર રહેતા આપણા સ્વજનો સાથે હૃદયની લાગણીઓનું આદાનપ્રદાન પત્ર દ્વારા જ શક્ય બને. પણ હા, આજના યુગના સંદર્ભે તેના સ્વરૂપ વિશે ચોક્કસ વિચારવું જ રહ્યું.

નવમા ધોરણ સુધી તમે પારંપરિક પદ્ધતિથી જ પત્રલેખન શીખ્યા છો. પણ હવે પછી સ્પર્ધાત્મક યુગમાં તમારે તમારી કારકિર્દી ઉજ્જવળ બનાવવાની છે તેથી તંત્રયુગ સાથે કદમ મિલાવવા પણ અનિવાર્ય છે. માટે જ આ વર્ષે આપણે પત્રલેખનનું કૌશલ્ય ઈ-મેલની પદ્ધતિથી શીખીશું.

આપણે ઔપચારિક અને અનૌપચારિક એમ બે પ્રકારના પત્રો શીખવાના હોવાથી તેમની વચ્ચેનો તફાવત સમજી લઈએ.

| ક્રમ | ઔપચારિક પત્ર | ક્રમ | અનૌપચારિક પત્ર |
|---|---|---|---|
| ૧. | સરકારી/બિનસરકારી કાર્યાલયોમાં, ખાનગી કંપનીઓને, પ્રકાશકો કે બોર્ડને વિનંતી / માગણી/ફરિયાદ/અભિપ્રાય માટે પત્રો લખાય. | ૧. | માતા, પિતા, ભાઈ, બહેન, કાકા, મામા, માસી, ફઈ, મિત્રો, સ્નેહી વગેરેને લખાય. |
| ૨. | વિષય ફરજિયાત લખવો પડે. | ૨. | વિષય લખવાની જરૂર નથી. |
| ૩. | નિયમાનુસાર જ લખાય. | ૩. | નિયમોનું બંધન હોતું નથી. |
| ૪. | વિષયાનુરૂપ સંક્ષેપમાં લખાણ. | ૪. | આ પત્રો લાંબા પણ હોઈ શકે. |
| ૫. | અંતમાં ડાબી બાજુએ પત્ર લખનારનું સરનામું લખવું આવશ્યક છે. | ૫. | અંતમાં ડાબી બાજુએ પત્ર લખનારનું સરનામું લખવું આવશ્યક છે. |
| ૬. | સંબોધનની પછી જેને લખતા હોય તેનું સરનામું અનિવાર્ય. | ૬. | સંબોધન પછી સરનામાની જરૂર નથી. |
| ૭. | સમાપનમાં આભાર કે વિનંતી. | ૭. | સમાપનમાં હૃદયની ભાવના. |

## વાર્તાલેખન

☞ વાર્તાલેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

❒ વાર્તાનું લેખન કોઈપણ કાળમાં થઈ શકે. એક જ વાર્તામાં એકથી વધારે કાળનો ઉપયોગ પણ થઈ શકે. પરંતુ તેમાં વિશેષ મહત્ત્વ છે ક્રમિકતા જાળવવાનું. ❒ વાર્તામાંથી બોધ મળે છે. પરંતુ જો બોધ ન મળતો હોય તો પણ આનંદ તો અવશ્ય મળે જ છે. ❒ વાર્તાની શરૂઆત અને અંત એકબીજા સાથે સંકળાયેલા હોય તે જરૂરી છે. ❒ વાર્તાની લંબાઈ માટે પણ કોઈ બંધન નથી. પણ તેના વિષયવસ્તુની પ્રવાહિતા જળવાવી જોઈએ. ❒ વિષયવસ્તુ પ્રમાણે અને તેના પાત્રને અનુરૂપ ભાષાશૈલી જરૂરી છે. ❒ વાર્તામાં બોલીભાષાનો ઉપયોગ થઈ શકે પણ અન્ય ભાષાનો ઉપયોગ ટાળવો. ❒ વાર્તાનું સાચું સૌંદર્ય જળવાવું જોઈએ. ❒ વાર્તાના મુખ્ય પાત્ર, પ્રસંગ કે બોધને ધ્યાનમાં રાખી નાનું પણ આકર્ષક શીર્ષક આપવું. ❒ વાર્તા પરિચ્છેદ પાડીને જ લખવી. અને વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરવો. વાર્તાની રૂપરેખા તૈયાર કરવી અને પછી એ રૂપરેખાનો વિસ્તાર કરવાથી પ્રવાહિતા અને ક્રમિકતા બંને જળવાશે. ❒ વાર્તામાં આવતા પાત્રોની વાતચીત સંવાદરૂપે લખવાથી વાર્તા આકર્ષક બને. ❒ વાર્તાનો આરંભ આકર્ષક અને અસરકારક હોય તો અંત ચમત્કારી, નવાઈભર્યો, ઉપદેશાત્મક, સૂત્રાત્મક કે પછી આનંદદાયક હોય એ ઇચ્છનીય છે.

☞ વાર્તાલેખન જુદી જુદી રીતે પૂછી શકાય :

❍ મુદ્દા ઉપરથી વાર્તા લખો.❍ અધૂરી વાર્તા પૂરી કરો. ❍ વાર્તાનો અંત બદલો. ❍ ચિત્રોનું નિરીક્ષણ કરી વાર્તા બનાવો. ❍ આપેલા શબ્દોનું અનુસંધાન સાંધીને વાર્તા બનાવો વગેરે.

## જાહેરખબર

☞ મિત્રો, જાહેરખબર લખવાનું શીખતા પહેલાં જાહેરાત અને જાહેરખબર વચ્ચેનો તફાવત સમજી લો.

❍ કોઈપણ બાબતની કે સમાચારની અન્યને જાણ કરવી તે જાહેરાત.

❍ કોઈપણ ઉત્પાદનના વેચાણ માટે પ્રસાર કરવો તે જાહેરખબર.

☞ આપણે જાહેરખબરનો અભ્યાસ કરવાનો છે. ધ્યાનમાં રાખો :

❒ ઓછામાં ઓછા શબ્દોનો ઉપયોગ. ❒ કેચલાઈન-ટેગવાક્યનો ઉપયોગ. ❒ સ્થળ, સરનામું, સમય અને સંપર્કનો ઉલ્લેખ આવશ્યક. ❒ ઓનલાઈન જાહેરખબરની વિષયાનુસાર માંડણી. ❒ આકર્ષક લેઆઉટ. (**નોંધ** : આકર્ષક લેઆઉટ માટે જુદાજુદા રંગોની પેનથી લખવાનું નથી. માત્ર એકજ પેનથી લખવાનું છે.) ❒ જેની જાહેરખબર હોય તેને ઉઠાવદાર અને આકર્ષક રીતે લખવું. ❒ જાહેરખબર પેનથી લખવી. ❒ પેન્સિલનો ઉપયોગ કરવો નહીં. ❒ ચિત્ર દોરવા આવશ્યક નથી. ❒ શબ્દો પરથી જાહેરખબર લખવી, જાહેરખબર આપીને તેના આધારિત કૃતિ કરવી, વિષય આપીને જાહેરખબર તૈયાર કરવી, આપેલી જાહેરખબરને વધુ આકર્ષક પદ્ધતિથી ફરીથી લખવી. આ સિવાય વિવિધ સર્જનાત્મક પદ્ધતિથી જાહેરખબર તૈયાર કરી શકાય છે.

## સંવાદલેખન

☞ સંવાદલેખન કરતી વખતે નીચેની બાબતોનું ધ્યાન રાખો :

❒ સંવાદના પાત્રો વચ્ચેના સહસંબંધનો ઉલ્લેખ અનિવાર્ય ❒ સંવાદો નાના અને અસરકારક હોવા જરૂરી અને

તે પણ વર્તમાનકાળમાં જ લખાય. ❒ વિષયને અને પ્રસંગને અનુરૂપ ભાષાશૈલીનો ઉપયોગ કરવો. ❒ વિષયાંતર ટાળવું. ❒ લેખનમાં દલીલો તર્કબદ્ધ હોવી જરૂરી. ❒ લેખનની રજૂઆતમાં બે સંવાદો વચ્ચે અનુસંધાન જળવાવું જોઈએ. ❒ ક્રમબદ્ધતા અનિવાર્ય. ❒ યોગ્ય વિરામચિહ્નોનો યોગ્ય સ્થળે ઉપયોગ. ❒ ભાષા સરળ હોવા છતાં ભાવને અનુરૂપ કહેવતો કે રૂઢિપ્રયોગ સંવાદને અસરકારક બનાવે છે તે યાદ રાખવું.

## અહેવાલ લેખન

બની ગયેલા પ્રસંગ/સંમેલન/સમારંભ/સભા/ઉત્સવ શૈક્ષણિક-સાંસ્કૃતિક કાર્યક્રમનું સંક્ષિપ્ત છતાં સમગ્ર વર્ણન કરવું એટલે અહેવાલ તૈયાર કરવો. તે વાંચીને તેમાં સહભાગી ન થનાર વ્યક્તિ પણ સંપૂર્ણ ચિતાર અનુભવી શકે તેવું સ્પષ્ટ, સચોટ અને સત્ય વર્ણન.

☞ **ધ્યાનમાં રાખો :**

❒ શીર્ષક અનિવાર્ય. ❒ તારીખ, સમય, સ્થાન, વ્યક્તિવિશેષનો સ્પષ્ટ નિર્દેશ કરવો જરૂરી. ❒ અહેવાલ હંમેશાં ભૂતકાળમાં જ લખાય. ❒ તેમાં પ્રત્યક્ષ ઘટનાનું જ વર્ણન હોઈ કાલ્પનિકતાને અવકાશ નથી. ❒ ક્રમબદ્ધતા જળવાવી જોઈએ. ❒ કાલ્પનિક બાબત ટાળવાથી વિશ્વસનીયતા જળવાઈ રહે. ❒ વિષયને અનુરૂપ ભાષા શૈલી. ❒ ઘટના અનુસાર પરિચ્છેદ કરવા પણ અનિવાર્ય છે. ❒ પહેલા કાચી રૂપરેખા તૈયાર કરવાથી ઘટનાક્રમ અનુસાર લેખન તથા એકસૂત્રતા જળવાઈ રહે. ❒ ફક્ત મહત્ત્વની બાબતોનો જ ઉલ્લેખ કરવો - ગૌણ બાબતોને છોડી દેવી. ❒ અસ્વાભાવિકતા અને અતિશયોક્તિને અહેવાલમાં સ્થાન જ નથી.

## સારાંશલેખન

મિત્રો, સારાંશલેખન એટલે આપેલા પરિચ્છેદનો મધ્યવર્તી વિચાર ઓછામાં ઓછા શબ્દો દ્વારા રજૂ કરવો. રજૂ કરેલા સારાંશમાં પરિચ્છેદનો મૂળ હેતુનો સમાવેશ અનિવાર્ય છે.

☞ **ધ્યાનમાં રાખો :**

❍ પરિચ્છેદના ભાવને સમજીને પોતાના શબ્દોમાં સ્પષ્ટ કરવો. ❍ પરિચ્છેદને બે થી ત્રણ વાર ધ્યાનપૂર્વક વાંચવો. ❍ તેમાંની મહત્ત્વની બાબતોને ક્રમાનુસાર લખવી. ❍ પરિચ્છેદમાં આપેલા ઉદાહરણ કે તેના સ્વરૂપમાં આપેલી માહિતી છોડી દેવી. ❍ કહેવતો કે રૂઢિપ્રયોગોનો સરળ શબ્દોમાં ઉલ્લેખ કરવો. ❍ પરિચ્છેદના આશયનો ગૂઢાર્થ એકાદ વાક્યમાં લખાય તો અતિ ઉત્તમ. ❍ શીર્ષક આપવાની આવશ્યકતા નથી.

## વિચારવિસ્તાર

☞ **યાદ રાખો :**

સુભાષિતો, કહેવતો, કાવ્યપંક્તિઓ, ઉક્તિઓ કે પછી મુક્તકો ટૂંકમાં ઘણું ઊંડું સત્ય રજૂ કરે છે. આવા ગહન વાક્યોના અર્થને વિસ્તૃત રીતે સમજાવવું એટલે જ વિચારવિસ્તાર.

☞ **ધ્યાનમાં રાખો :**

❒ વિચારવિસ્તાર સામાન્ય રીતે ત્રણ પરિચ્છેદમાં લખાય. ❒ પહેલા પરિચ્છેદમાં શાબ્દિક અર્થની પ્રાસ્તાવિક રજૂઆત બે થી ત્રણ લીટીમાં કરી શકાય. ❒ બીજા પરિચ્છેદમાં અર્થને સ્પષ્ટ કરતાં ઉદાહરણ કે અન્ય કહેવત કે કાવ્યપંક્તિ

લખીને તેને અસરકારક બનાવવા પ્રયત્ન કરાય. ❒ સાત કે આઠ લીટીમાં લખી શકાય. ❒ છેલ્લા પરિચ્છેદમાં તેનો ગૂઢાર્થ ઉપસંહાર રૂપે બેથી ત્રણ લીટીમાં લખાય. ❒ વિચાર વિસ્તાર કરતી વખતે વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી. ❒ લેખનની ભાષા શુદ્ધ અને સરળ વાપરવાનો આગ્રહ રાખવો.

# લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ - ૨

## ઔપચારિક પત્રનો નમૂનો

તમારા વિસ્તારમાં ધ્વનિપ્રદૂષણની સમસ્યા વધી ગઈ હોવાથી અભ્યાસમાં ખલેલ પહોંચે છે. તો તે સમસ્યાના નિવારણ માટે વિનંતી કરતો પત્ર તમારા વિભાગના પોલીસ અધિકારીને લખો.

તા. ૧।૧।૨૦૧૮

પ્રતિ,

પોલીસ સુપ્રીટેન્ડન્ટ,

દાદર, પોલીસ ચોકી.

**વિષય : વધતી જતી ધ્વનિપ્રદૂષણની સમસ્યા ઓછી કરવાની વિનંતી...**

નમસ્તે !

આપ જાણો જ છો કે ઑગસ્ટ-સપ્ટેમ્બર મહિનાઓ તહેવારોના મહિના છે. આજકાલ તહેવારોની ઉજવણીની વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે. મોટા અવાજે ગીતો વગાડીએ તો જ તહેવાર ઉજવ્યો ગણાય. અને તે પણ વહેલી સવારથી મોડી રાત સુધી. પરિણામે શાંતિ હણાઈ જાય છે.

નાના બાળકો, વરિષ્ઠ નાગરિકો અને માંદા માણસોની પરેશાનીનો કોઈ પાર જ નથી. પણ મારા જેવા વિદ્યાર્થી-ઓની હાલાકી પણ ઓછી નથી. 'પોતાનો આનંદ બીજા માટે ત્રાસદાયક ન બને.' તેની કાળજી રાખવાની લોકશાહી દેશના પ્રત્યેક નાગરિકની ફરજ છે.

આ બાબત મારે નીચેની બે વિનંતી કરવાની છે.

(૧) ગીતો વગાડવાની પરવાનગી મર્યાદિત સમય માટે આપો તો સારું.

(૨) ગીતોનો અવાજ કેટલો મોટો રાખવો તે નક્કી થઈ શકે તો ઉત્તમ.

મારી આ બે વિનંતીઓ બાબત ઘટતું કરવા નમ્ર વિનંતી. લોકોને આનંદ કરવાની મનાઈ કરવાનું હું બિલકુલ કહેતો નથી પણ ઘોંઘાટ ઓછો અને મર્યાદિત સમયમાં જ થાય તો સમસ્યા ચોક્કસ નિવારી શકાય.

અમારી ખોવાયેલી શાંતિને ફરી સ્થાપવા ઘટતું કરવાની વિનંતી. આભાર !

**લિ. દાદર વિસ્તારનો**

**ત્રસ્ત વિદ્યાર્થી,**

મીત પારેખ,

૫૦૪, સમર્પણ, રાનડે રોડ,

દાદર, મુંબઈ.

## અનૌપચારિક પત્રનો નમૂનો

તમે તમારા કાકા સાથે 'આબુ' ફરવા ગયા છો. ત્યાંના કુદરતી સૌંદર્યનું વર્ણન કરતો પત્ર તમારા મમ્મીને લખો.

તા. ૧ |૧ |૨૦૧૮

પૂ. વડીલ મમ્મી, પપ્પા તથા વહાલો ચીંટુ,
પ્રણામ !

તમે સૌ કુશળ હશો. અમે પણ કુશળ છીએ. ફરતી વખતે આપ સૌને ખૂબ યાદ કરીએ છીએ. સાચે જ કુદરતના ખોળે ફરવાની મજા કંઈ ઓર જ છે હોં મમ્મી !

અહીં આવતી વખતે ડામરનો સર્પાકાર રસ્તો જોઈને હું તો નવાઈ જ પામી ગઈ. વળી રસ્તાની એક બાજુ ઊંચી ભેખડો અને બીજી બીજુ ઊંડી ખીણો જોઈને મનમાં ભય લાગતો. તો ઊંચે નજર કરતાં જાણે પરીઓના દેશમાં જતા હોઈએ તેવો ભાસ થતો.

ખરું કહું ને તો મમ્મી અહીં પર્વત જેવું તો કંઈ લાગતું જ નથી ; એક વિશાળ નગરનો જ અનુભવ થાય છે. સુંદર ગિરિમાળાઓથી વીંટળાયેલા નખી તળાવનું સૌંદર્ય તો અમે મન ભરીને માણ્યું.

અહીંના ઐતિહાસિક-વિશ્વવિખ્યાત દેલવાડાનાં દહેરામાં જ્યારે અમે પ્રવેશ્યા ત્યારે અમે બધાં તો મંત્રમુગ્ધ બની ગયા હતાં. દહેરાંની કોતરણી માત્ર ધારીધારીને જ નહિ પણ ધરાઈને જોઈ. દેરાણી-જેઠાણીના ગોખલાં જોઈને કાકીએ તને બહુ યાદ કરી. ભારતના ગૌરવ જેવી સ્થાપત્ય કલાને જોઈને મન તો ધરાતું જ નહોતું. છતાં સમયના અભાવે ત્યાંથી નીકળ્યા. આબુના સૌથી ઊંચા શિખર-ગુરુશિખર પર 'ગુરુ દત્તાત્રેય'ના પગલાંને વંદન કર્યા પછી ત્યાં લટકાવેલા મોટા ઘંટને મન ભરીને વગાડ્યો.

હવે આવતીકાલે 'સનસેટ પૉઈન્ટ', 'ટોડ રોક', 'પોલો ગ્રાઉન્ડ', 'વશિષ્ઠાશ્રમ' વગેરે જોવા માટે જવાના છીએ.

મમ્મી, પપ્પાને મારા પ્રણામ સાથે યાદ આપજે. કાકા-કાકીએ પણ તમને બંનેને પ્રણામ લખાવ્યા છે. ચીંટુને ખૂબખૂબ પ્યાર. તેની બહુ યાદ આવે છે.

હવે બસ, ઉતાવળ હોવાથી અહીં જ વિરમું છું. વધુ વાતો ત્યાં આવ્યા પછી રૂબરૂમાં કરીશ.

**એજ લિ. તમારી લાડલી,**
**અવનિના પ્રણામ.**
૧૫, મકનજી નિવાસ,
નવરોજી લેન,
ઘાટકોપર,
મુંબઈ ૪૦૦ ૦૮૬.

## જાહેરખબરનો નમૂનો

પતંગ બનાવવાની શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ બનાવેલી પતંગના વેચાણ માટેની જાહેરખબર તૈયાર કરો.

બીજા લઈ જાય... અને તમે રહી જાઓ.... તે પહેલા વધુમાં વધુ લાભ લેવા પધારો... (સ્ટોક મર્યાદિત)

નાના, મોટા, રંગબેરંગી,

સુંદર - સસ્તા - ટકાઉ પતંગ

**માત્ર અર્ધી કિંમતે**

**ધમાકા ઓફર**

તા. ૭ જાન્યુઆરી ૨૦૧૮ થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૮ સુધી

સમય - સાંજે ૪.૦૦થી ૬.૦૦

● સ્થળ ●

વિદ્યાલંકાર હાઈસ્કૂલ, એલ. ટી. રોડ, બોરીવલી (પશ્ચિમ)

## સંવાદ લેખનનો નમૂનો

કલમ અને તલવાર વચ્ચે એક દિવસ બરાબરનો જંગ છેડાયો. તો તમે તેમની વચ્ચેનો સંવાદ તૈયાર કરો.

### કલમ અને તલવાર

**કલમ** : તલવાર, તું તારી જાતને ગમે તેટલી ઊંચી માન. પણ ખરેખર મોટી તો હું જ છું.

**તલવાર** : તું ? મારાથી મોટી ? જરા માપીને ખાતરી કરી લે કે મોટું કોણ છે ? અને હા, મારી ધાર કેવી ચમકે છે ? તારા મોં પર તો કેટલી કાળાશ છે ?

**કલમ** : આકાર અને ચમક-દમકથી મોટું થઈ જવાતું નથી. મોટા તો ગુણોથી થવાય. તું તો હિંસા કરે છે, ગળાં કાપે છે, લોહી વહાવે છે. શું આ નિર્દયતા તારી મોટાઈ છે ?

**તલવાર** : હા, હું હિંસા કરું છું પણ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના રક્ષણ માટે. મારા ભયથી બધાં શાંત રહે છે.

**કલમ** : રક્ષણ ધારથી નહિ, બુદ્ધિ અને જ્ઞાનથી થાય. હું લોકોને જ્ઞાનરૂપી પ્રકાશ આપુ છું. તેમનામાં રહેલા સુષુપ્ત વિચારોને જાગૃત કરું છું. લોકોમાં વીરતા ને દેશભક્તિના બીજ પણ હું જ વાવું છું.

**તલવાર** : વિચારોથી કંઈ જ થતું નથી. રામ, કૃષ્ણ, શિવાજી, ચંદ્રગુપ્ત, નેપોલિયન જેવા વીરો શત્રુઓનો નાશ કરીને જ અમર બન્યા છે.

કલમ : પણ તારા આ વીરોને મારા ભક્તોએ જ અમરતા આપી છે તે તું કેમ ભૂલી જાય છે ? રામને અમર બનાવનાર વાલ્મિકી તને યાદ નથી ? મહાકવિ કાલિદાસ અને તુલસીદાસને શું ભૂલી ગઈ ? કવિઓની કવિતાથી જ વીરોમાં ઉત્સાહ આવે છે.

તલવાર : વાહ! જીભ ચલાવવામાં તો તને કોઈ જીતી ન શકે.

કલમ : ના બહેન, મારે જીતવું નથી. હું તો ફક્ત એટલું જ કહેવા ઇચ્છું છું કે મારી શાહી વિના તારી ધારનું કોઈ મહત્ત્વ નથી.

તલવાર : સાચી વાત છે. બહેન, મને લાગે છે કે આપણે બંને મળીને કામ કરીએ તો બધાંનું ભલું થશે. હું દેશના રક્ષણની જવાબદારી ઉપાડીશ અને તું એક નવા સુંદર સમાજની રચનાના કાર્યમાં લાગી જા.

કલમ : આ વાત બરાબર. તો મિલાવ હાથ..
(બંને હસીને હાથ મિલાવે છે.)

## અહેવાલ લેખનનો નમૂનો

તમારી શાળામાં ઉજવાઈ ગયેલા 'વૃક્ષારોપણ સપ્તાહ'નો અહેવાલ તૈયાર કરો.

### વૃક્ષારોપણ સપ્તાહ

'સ્વચ્છ મુંબઈ - હરિત મુંબઈ' યોજના અંતર્ગત અમારી શાળાએ સહભાગી થવાનું નક્કી કર્યું હતું. દરેક ધોરણને સહભાગી થવા મળે તેવા આશયથી શાળાએ 'વૃક્ષારોપણ સપ્તાહ'નું આયોજન તા. ૧૧ જુલાઈથી તા. ૧૬ જુલાઈ સુધી કર્યુ હતું.

દરેક ધોરણમાંથી દસ-દસ વિદ્યાર્થીઓને પસંદ કરી લગભગ ૬૦ જેટલા વિદ્યાર્થીઓની એક સમિતિ બનાવવામાં આવ્યા પછી જુદાજુદા કામોની વહેંચણી કરવામાં આવી. ત્યારપછી વહેંચણી મુજબ વીસ વિદ્યાર્થીઓએ પહેલા દિવસથી જ શાળાના વિશાળ પટાંગણમાં ખાડા ખોદવાનું શરૂ કરી દીધું. તો બીજી બાજુ દસ વિદ્યાર્થીઓએ આમંત્રણપત્રિકાઓ તૈયાર કરવાનું કામ પણ ઉત્સાહ અને ઉમંગભેર શરૂ કરી દીધું હતું.

કેટલાંક વિદ્યાર્થીઓએ તાલુકાની નર્સરીમાંથી તો કેટલાંક જિલ્લાના ખેતીવાડી વિભાગમાંથી વીસ-વીસ છોડ લઈ આવ્યા. આમ ચાલીસ છોડ થઈ ગયા તેથી શિક્ષકોએ ભેગા મળીને બીજા અગિયાર છોડની વ્યવસ્થા કરી. તેથી કુલ એકાવન છોડ રોપવાનું નક્કી કર્યુ. જિલ્લા પંચાયતના પ્રમુખ, શિક્ષણ સમિતિના ચેરમેન, સ્થાનિક નગરસેવક તેમજ શિક્ષણવિભાગના અધિકારીઓ અને શાળાના સંચાલકોને આમંત્રણપત્રિકાઓ પહોંચાડી દેવામાં આવી. દરેક ખાડાઓ પાસે પર્યાપ્ત પાણી અને ખાતરની પણ વ્યવસ્થા થઈ ગઈ.

આખરે તારીખ ૧૫મી જુલાઈ આવી પહોંચી. સમય પ્રમાણે મહેમાનોનું આગમન શરૂ થઈ ગયું. દરેક મહેમાનો પાસે પાંચ-પાંચ છોડની રોપણી કરાવવામાં આવી. બાકીના છોડ શાળાના મુખ્યાધ્યાપક તેમજ શિક્ષકોએ રોપ્યા. છોડ રોપવાનું કાર્ય પૂર્ણ થતાં જ કુદરતે ઝરમર વર્ષા વરસાવીને અમારા આ આવકાર્ય કાર્યને આશિષ આપ્યા. તેથી અમારા ઉત્સાહમાં દ્વિગુણિત વધારો થઈ ગયો.

'વૃક્ષારોપણ સપ્તાહ'ના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓએ દરેક છોડની આસપાસ જાળી મૂકીને આ છોડોનો યોગ્ય ઉછેર કરવાની પ્રતિજ્ઞા લઈને ઉજવણીનું સમાપન કર્યું.

## સારાંશલેખનનો નમૂનો

પરિચ્છેદ :

### જનસેવા

કહેવાય છે કે, 'જનસેવા એ જ પ્રભુસેવા'. સેવા અનેક રીતે કરી શકાય. કોઈના માટે શારીરિક તો કોઈના માટે આર્થિક રીતે ઘસાઈને સેવા થઈ શકે. દુઃખીઓના વ્યથિત મનને આપણા લાગણીશીલ સ્વભાવથી મીઠા શબ્દોનો લેપ કરી તેમનું દુઃખ ઓછું કરવાનો પ્રયત્ન કરવો એ પણ એક પ્રકારની સેવા જ છે. આવી સેવાના ફળરૂપે આપણને પ્રભુદર્શનનો લાભ અવશ્ય મળે છે, અર્થાત્ પ્રભુ પ્રત્યક્ષ દેખાય તેવો અર્થ નથી. કારણકે પ્રભુ અમૂર્ત હોવાથી કોઈપણ સ્વરૂપે દેખાય નહિ. બીજાના સુખ માટે સારું કાર્ય કરીએ તો જાણ્યે-અજાણ્યે આપણા મનને સાત્ત્વિક આનંદ અને સંતોષ થાય છે અને એ જ પ્રભુનો પ્રસાદ છે. મહાત્મા ગાંધી, શિવાજી મહારાજ, પંડિત નહેરુ, મહાત્મા ફુલે જેવા બધા મહાપુરુષોને આવા પ્રસાદની પ્રાપ્તિ થઈ હતી.

**સારાંશ :** બીજા માટે શારીરિક કે આર્થિક રીતે ઘસાઈને અથવા મીઠા શબ્દોનો લેપ કરીને પણ જનસેવા કરી શકાય છે. તેના ફળરૂપે પ્રભુનો પ્રસાદ મળે છે. તે પ્રસાદ એટલે જ સાત્ત્વિક આનંદ અને સંતોષ. આજ સુધીમાં જે જે મહાપુરુષોએ જનસેવામાં પોતાનું જીવન વ્યતીત કર્યુ છે તેમને પ્રભુનો પ્રસાદ અવશ્ય મળ્યો છે.

## વિચારવિસ્તારનો નમૂનો

### 'નમતાંથી સૌ કોઈ રીઝે, નમતાંને બહુમાન; સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.'

**ઉપરોક્ત સુભાષિતનો સરળ ભાષામાં વિચારવિસ્તાર કરો.**

આપણામાં કહેવત છે કે, 'નમે તે સૌને ગમે.' આ કહેવત સાથે ઉપરોક્ત સુભાષિત એકદમ બંધબેસતું આવે છે. તેનો શાબ્દિક અર્થ જોઈએ તો જેનામાં નમ્રતા છે, વિનય છે, વિવેક છે તેને બધાં માન આપે છે, તેનો આદર કરે છે. નદીનું ઉગમસ્થાન પર્વતની ઉપર હોય છે પરંતુ તે ઊંચું સ્થાન છોડી સાગરને મળવા નીચે દોડી આવે છે.

હજારો રૂપિયા ખર્ચવા છતાં પણ ન મળે તે નમ્રતાથી પ્રાપ્ત થઈ શકે છે. નમ્ર વાણીથી સામી વ્યક્તિનું દિલ જીતી શકાય છે. વિવેકી વ્યક્તિને જે માન-મોભો મળે છે તે અભિમાનીને મળતો નથી. અહીં મુક્તકમાં જ ઉદાહરણ નિર્દિષ્ટ છે. સાગર પાસે અગાધ જળસંપત્તિ હોવા છતાં તે નમ્ર છે, મર્યાદામાં રહે છે, છલકાતો નથી. માટે જ નદીઓ સાગરની નમ્રતાથી તેના પર રીઝી જાય છે અને પોતાનું ઊંચું સ્થાન છોડીને નીચે સાગરને મળવા માટે ઉત્સુકતાથી દોડી આવે છે.

છેલ્લે એટલું જ કહી શકાય કે, ભગવાન રામચંદ્ર નમ્રતાની મૂર્તિ હતાં તેથી જ લોકોમાં તેઓ પૂજાય છે. પરંતુ રાવણ અભિમાની હતો તેથી તેને કોઈ આદર આપતું નથી. આપણે પણ નમ્ર, વિનયી અને વિવેકી બનવું જોઈએ, અભિમાની નહિ.

★★★

## પત્રલેખનનો મસૂદો

તારીખ, ________________

પ્રતિ, ________________

માનનીય, ________________

________________

વિષય : ________________

મહોદય/મહોદયા, ________________

મુખ્ય વિગત

આપનો/આપની

________________

સરનામું

________________

(પત્ર લખનારનું સરનામું)

---

વિદ્યાર્થીમિત્રો, અહીં કેટલીક ઉપયોગી ગુજરાતી વેબસાઈટના નામ છે. ક્યારેક તે જોજો, ખરેખર ગમશે.

(1) www.gujratilexicon.com (Gujrati Dictionary)

(2) www.bhagvadgomandal.com (Gujrati Dictionary)

(3) www.gujrativismisadi.com

(4) www.readgujrati.com

(5) www.gujratisahityasarita.com


(6) www.tahuko.com


(7) http://www.gazalgurjari.com


(8) http://www.uddesh.org


(9) http://readsetu.wordpress.com

(10) http://sarjansahitya.wordpress.com







































- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

गुजराती कुमारभारती इयत्ता दहावी (गुजराती माध्यम) ₹ 73.00